દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 149 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 June 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૨૫ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આફતનો વરસાદ

## ▸ મુંબઈમાં અમુક જગ્યાએ ૩૦૦ મિમીથી વધુ વરસાદ સાથે હાઈ ટાઈડ ▸ અનેક સ્થળે પાણી ભરાયાં ▸ ટ્રેન, વાહન વ્યવહાર ખોરવાયો ▸ જૂનનો ૪૫ ટકા વરસાદ ૨૪ કલાકમાં પડ્યો

મુંબઈઃ દેશની આર્થિક રાજધાનીમાં બુધવારે ચોમાસાની મોસમના પહેલા જ ભારે વરસાદથી અનેક ઠેકાણે પાણી ભરાયાં હતાં અને ટ્રેન તેમ જ વાહન વ્યવહારને માઠી અસર થઇ હતી.

બુધવારે સવારે આઠ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન કોલાબામાં ૨૪૮ મિમી અને સાંતાક્રુઝમાં ૨૨૫ મિમી વરસાદ નોંધાયો હતો.આ સમય દરમિયાન પશ્ચિમના પરાના માલવણી વિસ્તારમાં ૩૪૦ મિમી, જ્યારે મધ્ય મુંબઈમાં પરેલમાં ૩૩૪ મિમી વરસાદ નોંધાયો હતો.

કોલાબામાં ચોમાસા દરમિયાન જૂનમાં સરેરાશ કુલ ૫૪૨ મિમી વરસાદ નોંધાય છે, પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં અંદાજે ૪૫ ટકા એટલે કે ૨૪૮ મિમી વરસાદ પડી ગયો હતો. આવી જ રીતે

(જુઓ પાનું ૪) ▸▸

**જળબંબોળઃ** મુંબઈમાં ભારે વરસાદને લીધે કિંગ સર્કલ ખાતે પાણી ભરાઈ ગયાં હતાં. (અમય ખરાડે)



# ટ્રમ્પને ફટકોઃ ઈરાન યુદ્ધ રોકતો ઠરાવ સેનેટમાં પસાર

## ટ્રમ્પના ઐતિહાસિક મૂર્ખામીવાળા પગલાની અમેરિકાના લોકોએ આકરી કિંમત ચૂકવી છેઃ વિપક્ષના નેતા

વૉશિંગ્ટનઃ અમેરિકાના સેનેટે અમેરિકાની ઇરાન સામેની લશ્કરી કાર્યવાહી અટકાવવાની જોગવાઇ ધરાવતા ઠરાવ ‘વૉર પાવર્સ રિઝોલ્યુશન’ને પ્રથમ વખત બહાલી આપી હતી.

સેનેટે આ દસમી વખત યુદ્ધ રોકવા પ્રયાસ કર્યો હતો. તેનો ઠરાવ ૫૦ વિરુદ્ધ ૪૮ મતથી પસાર થયો હતો. આ ઠરાવ માત્ર પ્રતીકાત્મક જ ગણાય છે અને તેને કાયદો બનાવવો મુશ્કેલ છે.

ટ્રમ્પના રિપબ્લિકન પક્ષના અનેક સાંસદો પણ ઇરાન સાથેનું યુદ્ધ બંધ કરાવવાની તરફેણમાં છે.

સેનેટમાંના ડેમોક્રેટિક નેતા ચક સ્કમરે જણાવ્યું હતું કે રિપબ્લિકન્સ અમેરિકાની જનતાના હિતનું ધ્યાન રાખવાને બદલે ટ્રમ્પની બાજુ વધુ લઇ રહ્યા છે.તેમણે જણાવ્યું હતું કે અમેરિકાના લોકોએ ઇરાન સાથે યુદ્ધ કરીને ટ્રમ્પે ઐતિહાસિક મૂર્ખામીવાળા (જુઓ પાનું ૪) ▸▸

# નીરવ મોદી બૅન્ક ઑફ ઈન્ડિયાને ૧.૧૫ કરોડ ડૉલર ચૂકવેઃ લંડન કોર્ટ

લંડનઃ અહીંની હાઇ કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે હીરાના ભાગેડુ વેપારી નીરવ મોદીએ બૅન્ક ઑફ ઇન્ડિયાને પર્સનલ લૉન ગૅરન્ટી પરના વ્યાજ સહિત ૧.૧૫ કરોડ ડૉલર ચૂકવવા પડશે.૫૫ વર્ષીય આ ઝવેરીને ભારતને સોંપવાની તૈયારી ચાલી રહી છે. પંજાબ નેશનલ બૅન્ક સાથે બે અબજ ડૉલરની છેતરપિંડી અને કાળાં નાણાં ધોળાં કરવાના કેસના સંબંધમાં તે હાલમાં જેલમાં છે. લંડન સર્કિટ કમર્શિયલ કોર્ટે મંગળવારે

(જુઓ પાનું ૪) ▸▸

# ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરારઃ હજી બધા અંધારામાં

નવી દિલ્હીઃ આવતા મહિનાની અમેરિકાના ટૅરિફ લાદવાની મુદત નજીક આવી રહી છે ત્યારે ભારત અને અમેરિકાએ દ્વિપક્ષી વેપારના વચગાળાના વેપાર કરારની પ્રગતિની પ્રધાન સ્તરની બેઠકમાં સમીક્ષા કરી હતી. માર્કેટમાં પ્રવેશ, ડિજિટલસ ટ્રેડ અને ટૅરિફ સિવાયની અડચણો સહિતના મુદ્દાઓ પર વાતચીત કરાઈ હતી. જોકે બે દેશ વચચેના મતભેદો દૂર થયા હોવાનો કોઈ સંકેત મળ્યા નહોતા. આમ છતાં વચગાળાના કરાર ક્યારે કરાશે અને એું સ્વરૂપ શું હશે એ વિશે હજી બધા અંધારામાં છે. વાણિજય અને ઉદ્યોગ ખાતના પ્રધાન પીયૂષ ગોયલ અને અમેરિકાના વેપારી પ્રતિનિધિ જેમીસન ગ્રીર દ્વિપક્ષી વેપારના વેપાર કરારના પ્રથમ તક્કા વિશે વાતચીત કરી હતી. બન્ને દેશ (જુઓ પાનું ૪) ▸▸

# ખામનેઇની દફનવિધિમાં હાજર રહેવા ઈરાનનું મોદીને આમંત્રણ

નવી દિલ્હીઃ ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશકિયને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દિવંગત આયાતોલ્લાહ અલી ખામનેઈની દફનવિધિમાં હાજર રહેવા આમંત્રણ આપ્યું છે. ખામનેઈના અંતિમસંસ્કારની વિધિનો કાર્યક્રમ પાંચ જુલાઈથી નવ જુલાઈ સુધી ચાલશે. ઇરાને મંગળવારે નરેન્દ્ર મોદીને આ આમંત્રણ મોકલ્યું હતું. જોકે ભારતે હજુ સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા નથી આપી. દફનવિધિ ૫,૬ અને ૭ જુલાઈએ તહૈરાન અને ક્યૂઓમ ખાતે યોજાશે. નવમી જુલાઈએ માશાદ ખાતે દફનવિધિનો ફાઈનલ કાર્યક્રમ યોજાશે. ૨૮

(જુઓ પાનું ૪) ▸▸

# હવે આઈએઈએ ઈરાનનાં અણુમથકોનું નિરીક્ષણ કરશે

## યુએન એજન્સીના દાવાને તહેરાને સાફ નકારી કાઢ્યો

ટોકિયોઃ સંયુક્ત રાષ્ટ્રસંઘની અણુ એજન્સી ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (આઈએઈએ)એ બુધવારે જાહેરાત કરી હતી કે યુદ્ધ અટકાવવાના વચગાળાના કરાર મુજબ તેના ઈન્સ્પેક્ટરો ઈરાનના અણુમથકોનું નિરીક્ષણ કરશે. આવી ટિપ્પણી એજન્સીના વડા રાફેલ મેરિઆનો ગ્રોસીએ કરી હતી. ઈરાન પાસે રહેલા સમૃદ્ધ યુરેનિયમનો જથ્થો જાણવા આ મુલાકાત જરૂરી હશે. જોકે ઇરાનના નાયબ વિદેશ પ્રધાન કાજીમ ઘરીબાબાદીએ આ અહેવાલને સાફ નકારી કાઢતા કહ્યું હતું કે અમેરિકા અને ઇરાન વચ્ચે અંતિમ કરાર થયા પછી જ અણુમથકોનું નિરીક્ષણ (જુઓ પાનું ૪) ▸▸

# કોલકાતામાં અન્ડર-કન્સ્ટ્રક્શન ગોડાઉન તૂટી પડ્યું, ચારનાં મોત

કોલકાતાઃ પશ્ચિમ કોલકાતાના તારાતાલા વિસ્તારમાં બુધવારે બપોરે નિર્માણાધીન ગોડાઉન ધરાશાયી થતાં ચાર લોકોનાં મોત થયા હતા અને ૧૭ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, એમ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારીએ જણાવ્યું હતું. ઘટનાની જાણ થતા મુખ્યપ્રધાન અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે કહ્યું હતું કે લગભગ ૧૮ લોકો કાટમાળ નીચે ફસાયેલા છે જ્યાં તેમને બહાર કાઢવા માટે રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓ (જેમાં સેનાના પૂર્વીય કમાન્ડ પણ સામેલ છે) સાથે મળીને બચાવ અભિયાન ચલાવી રહ્યા છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે ધરાશાયી થયેલા ગોડાઉન શ્યામા પ્રસાદ મુખરજી પોર્ટ હેઠળ લીઝ પર લેવામાં આવેલી પ્રોપર્ટી છે. મુખ્યપ્રધાને કહ્યું હતું કે અત્યાર સુધી ૨૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જેમાંથી ચારનાં મોત થયા છે. અન્ય લોકોને એસએસકેએમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમને સારવાર આપવામાં આવી રહી છે.

હોસ્પિટલના અધિકારીઓએ કહ્યું હતું કે બચાવેલા તમામ ૧૮ લોકો ( જે બાંધકામ સ્થળ પર કામ કરતા કામદારો હોવાનું કહેવામાં આવી રહ્યુ છે) ને સરકારી એસએસકેએમ હોસ્પિટલના ટ્રૉમા કેર સેન્ટરમાં દાખલ

(જુઓ પાનું ૪) ▸▸

# ઍર ઈન્ડિયાનું વિમાન પાકિસ્તાનમાં ઘૂસી ગયું

નવી દિલ્હીઃ દિલ્હીથી અમૃતસર જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ બાવીસ જૂનના રોજ અમૃતસર એરપોર્ટ પર ગો-અરાઉન્ડ કરતી વખતે પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાં થોડા સમય માટે પ્રવેશી હતી, એમ એરલાઇન્સે જણાવ્યું હતું.

એર ઇન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફ્લાઇટ એઆઇ ૪૭૯ ઓપરેટિંગ ક્રૂ ઓપરેટિંગ ફ્લાઇટ એઆઇ ૪૭૯એ દાવપેચ દરમિયાન પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રનું થોડું ઉલ્લંઘન કર્યું હતું.

એરલાઇને જણાવ્યું હતું કે દિલ્હીથી અમૃતસર જતી ફ્લાઇટ એઆઇ ૪૭૯ ઓપરેટિંગ ક્રૂ ઓપરેટિંગ ફ્લાઇટ બાવીસ જૂનના રોજ અમૃતસર એરપોર્ટ પર ગો-અરાઉન્ડ કરતી વખતે પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાં થોડા સમય માટે પ્રવેશી હતી.

પ્રારંભિક માહિતી અનુસાર, એર ટ્રાફિક કંટ્રોલ

(જુઓ પાનું ૪) ▸▸

**યે માર દીયા ઉસકો, માર દીયાઃ ખૂની બરાડ્યો**

# લોકલના ફર્સ્ટ ક્લાસમાં છરો ઘુસાવી હત્યા



આરોપી રોશન સુવર્ણા



છરા (લાલ સર્કલ) સાથે આરોપી.

## ગોરેગામ-મલાડ વચ્ચે વરસાદને લીધે દરવાજા બંધ કરવાના વિવાદમાં બાવીસ વર્ષના મયંક લોહારનો જીવ ગયોઃ હત્યારો નાલાસોપારાની ફાસ્ટ ટ્રેનમાંથી બોરીવલી પર ચાલતી ટ્રેનમાંથી ઊતરી ફરાર થયો પણ પછી પનવેલથી પકડાયોઃ છરાના ડરે પૅક્ડ ટ્રેનમાં એકેય પ્રવાસી વચ્ચે ન પડ્યો



મયંક લોહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનના ફર્સ્ટ ક્લાસ કોચમાં વરસાદને કારણે દરવાજો બંધ કરવાના મુદ્દે થયેલા વિવાદમાં ચાકુના ઘા ઝીંકી બાવીસ વર્ષના પ્રવાસીની હત્યા કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો હતો. ચર્ચગેટથી નાલાસોપારા જનારી ફાસ્ટ લોકલમાં મંગળવારે રાતે ૧૦.૫૦ વાગ્યાની આસપાસ ગોરેગામ અને મલાડ સ્ટેશનની વચ્ચે આ ઘટના બની હતી. ગુનો આચર્યા બાદ ટ્રેનમાંથી ઊતરીને ફરાર થયેલા આરોપીને રેલવે પોલીસે ચોવીસ કલાકમાં નવી મુંબઈના પનવેલથી ઝડપી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. ટ્રેનમાં હાજર અન્ય પ્રવાસીઓ દ્વારા રેકોર્ડ કરાયેલા વીડિયોમાં કાળા રંગનાં કપડાં પહેરેલો આરોપી હુમલા બાદ છરો લઇને દૂર જતો નજરે પડે છે અને બોલે છે કે ‘યે માર દીયા ઉસકો, માર દીયા.’

રેલવે પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટનામાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ મયંક રમેશ લોહાર તરીકે થઇ હોઇ તે વિરાર પૂર્વના ભોઇરપાડા વિસ્તારનો રહેવાસી હતો. તેની હત્યાના કેસમાં પોલીસે આરોપી રોશન સુવર્ણા (૪૫)ની ધરપકડ કરી હતી. મીરા રોડ પૂર્વમાં રહેતો અને મુંબઈ એરપોર્ટ પર સહાર ઍર કાર્ગો કોમ્પ્લેક્સ ખાતે કામ કરતો રોશન સુવર્ણા બારકોડ પણ બનાવતો હતો. રોશનની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. રોશન બોરીવલી સ્ટેશને ઊતરીને કુર્લા ગયો હતો અને ત્યાંથી પનવેલ ગયો હતો જ્યાં એ પકડાઈ ગયો હતો.

ચર્ચગેટ સ્ટેશથી મંગળવારે રાતના નાલાસોપારા જનારી ટ્રેનના ફર્સ્ટ ક્લાસ કોચમાં મયંક લોહાર પ્રવાસ કરી રહ્યો હતો, ત્યારે વરસાદને કારણે દરવાજા બંધ કરવાને મુદ્દે રોશન સાથે તેનો વિવાદ થયો હતો. એક પ્રવાસી ઇચ્છતો હતો કે દરવાજા ખુલ્લા રહે, જ્યારે બીજીએ વાંધો ઉઠાવ્યો હતો. બંને વચ્ચેનો વિવાદ ઉગ્ર બનતાં આરોપીએ છરો (સત્તુ, ધારદાર શસ્ત્ર) કાઢીને મયંકના પેટ અને છાતી પર ઘા ઝીંકી દીધા હતા. ગોરેગામ અને મલાડ સ્ટેશન વચ્ચે બનેલી આ ઘટના બાદ આરોપી હાથમાં ચાકુ સાથે ટ્રેનમાં બોરીવલી સ્ટેશન સુધી હતો, પણ તેણે કરેલો હુમલો અને હાથમાં છરો હોવા અને તેના ચહેરા પરના ભયંકર ગુસ્સાને જોઈ અન્ય પ્રવાસીઓ ગભરાઇ ગયા હતા અને તેને પકડવાની કોઇએ પણ હિંમત કરી નહોતી. એ નશામાં હતો એવું પણ માનવામાં આવે છે. જોકે એ વિશે પોલીસે કોઇ ફોડ નહોતો પાડ્યો. ટ્રેન બોરીવલી સ્ટેશન પર રાતે ૧૧.૦૪ વાગ્યે આવ્યા બાદ આરોપી ચાલતી ટ્રેનમાંથી ઊતરી ફરાર થઇ ગયો હતો, એમ રેલવે પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન ટ્રેનમાં પ્રવાસી પર હુમલાની જાણ થતાં જીઆરપી અને આરપીએફના જવાનો તાત્કાલિક ફર્સ્ટ ક્લાસ કોચમાં આવી પહોંચ્યા હતા. તેમની સાથે સ્ટ્રેચર, પોર્ટર અને તબીબી ટીમ પણ પહોંચી ગઇ હતી. હુમલામાં ઘવાયેલા મયંકને બોરીવલી સ્ટેશન ખાતે ઇમર્જન્સી મેડિકલ રૂમમાં લઇ જવામાં આવ્યો હતો અને બાદમાં તેને એમ્બ્યુલન્સમાં કાંદિવલીની શતાબ્દી (જુઓ પાનું ૪) ▸▸

**ફાંસીએ ચડાવો...**

વધુ અહેવાલો પાનું ૮



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોહન યાદવને જમીન કૌભાંડો છતાં કશું નહીં થાય

**મધ્ય** પ્રદેશના મુખ્ય પ્રધાનમોહન યાદવ તથા તેમના પરિવારનાં જમીન કૌભાંડનો ભાંડો ફૂટતા ખળભળાટ મચ્યો છે. ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ માટે જાણીતા દેશના ટોચના અંગ્રેજી અખબારના રિપોર્ટ પ્રમાણે, મોહન યાદવ તથા તેમના પરિવારના સભ્યોએ ઝડપથી વિકસી રહેલા ઉજજૈનમાં હાઈવે તથા બીજા મહત્ત્વના પ્રોજેક્ટ્સની જાહેરાત પહેલાં તેની આસપાસના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં જમીનો ખરીદીને અને પછી આ જમીનો પર પ્રોજેક્ટ્સ ડેવલપમેન્ટના કરાર કરીને જંગી ભ્રષ્ટાચાર આચર્યો છે.

મોહન યાદવનાં પત્ની સીમા યાદવ, પુત્ર વૈભવની પત્ની શાલિની, ભાઇઓ નંદલાલ અને નારાયણ, નારાયણની પત્નિ રેખા અને પુત્ર અભય, કાકાના દીકરા એટલે કે પિતરાઈ ભાઈઓ નીલેશ અને ગોવિંદ યાદવનાં નામે ખરીદાયેલી લગભગ દોઢસો એકર જેટલી જમીન નવા બનનારા હાઈવે તથા બીજા રસ્તાઓની નજીક છે.

આ જમીનોની ખરીદી પછી તરત હાઈવે-રોડની જાહેરાત થઈ તેથી જમીનોના ભાવ વધી ગયા. એ પછી યાદવ પરિવારે ચાર અલગ અલગ રીયલ એસ્ટેટ કંપનીઓ સાથે જમીન ડેવલપ કરીને પ્રોજેક્ટ્સ તૈયાર કરવાના કરાર કરી નાખ્યા.

બે વર્ષમાં રીયલ એસ્ટેટ કંપની રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બાંધકામ કરી નાખે પછી ૬૫ ટકાથી વધારે તૈયાર માલ યાદવ પરિવારને આપવાનો રહે ને યાદવ પરિવાર તેનો ઉપયોગ પોતાના માટે કે વેચાણ માટે કરી શકે એવા કરાર કરાયા છે. યાદવ પરિવારે લગભગ ૪૫ કરોડમાં ખરીદેલી આ જમીન પર બનનારા રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સ રીટેઈલ માર્કેટમાં પાંચેક હજાર કરોડ રૂપિયા કરતાં વધારેમાં વેચાશે એવો અંદાજ છે.

યાદવ પરિવાર સાથે કરાર કરનારી કંપનીઓએ બાંધકામ કરી આપવાનો રહેશે ને તેના બદલામાં તેમને માંડ ૩૨ ટકા તૈયાર માલ મળશે તેથી રીયલ એસ્ટેટ કંપનીઓ ઝાઝું નહીં કમાય પણ યાદવ પરિવાર અબજોમાં આળોટતો થઈ જશે. વાસ્તવમાં કોઈ રીયલ એસ્ટેટ કંપની પોતાને સારી કમાણી ના હોય એવા કરાર ના કરે પણ મોહન યાદવે પોતે બધી મલાઈ ખાઈ શકે એ પ્રકારના કરાર કરવાની ફરજ પાડી હોવાનું પણ કહેવાય છે.

મોહન યાદવે બિઝનેસ કરતા હોય એવો દેખાડો કરીને મહાકૌભાંડ કર્યું હોવાનો દાવો રિપોર્ટમાં કરાયો છે. મોહન યાદવે પહેલાં પોતાના પરિવારને અબજોનો ફાયદો કરાવવા માટે સાવ સસ્તા ભાવે કાચી જમીનો ખરીદાવી ને પછી ત્યાં હાઈવે-રોડના પ્રોજેક્ટ જાહેર કરી દીધા. યાદવ પરિવાર આ જમીન વેચીને કરોડો કમાઈ જ શક્યો હોત પણ તેના બદલે યાદવે પોતાનો પાવર બતાવીને આખો લાડવો પોતાનો પરિવાર જ ખાય એવો ખેલ પાડી દીધો.

ઉજજૈનના વિકાસ માટેનો ઉજજૈન માસ્ટર પ્લાન ૨૦૨૩માં બહાર પડાયો એ પહેલાંથી મોહન યાદવે મોટા પ્રમાણમાં જમીનો ખરીદી હતી. માસ્ટર પ્લાન બહાર પડાયો તેમાં રોડ-રસ્તા ક્યાં બનશે એ નક્કી નહોતું કરાયું. યાદવ ૨૦૨૪ના જાન્યુઆરીમાં મુખ્યમંત્રી બન્યા પછી એ નક્કી થયું પણ એ પહેલાં યાદવ પરિવારે ધડાધડ જમીનો ખરીદવા માંડી હતી. મોહન યાદવ મુખ્ય પ્રધાન બનતાં જ યાદવ પરિવારે પહેલાં ને પછી ખરીદેલી બધી જમીનોની આસપાસ હાઈવ-રોડ બનાવવાનું એલાન કરી દેવાયું તેમાં યાદવ પરિવારને ઘી-કેળાં થઈ ગયાં.

કૉંગ્રેસે યાદવ પરિવારના કૌભાંડને પગલે મોહન યાદવનાં રાજીનામાની માગ કરી છે જ્યારે ભાજપે આ રિપોર્ટને બકવાસ ગણાવ્યો છે. ભાજપનું કહેવું છે કે, જ્યારે પણ કોઈ પછાત વર્ગની વ્યક્તિ મુખ્ય પ્રધાન બને ત્યારે તેને પાડી દેવા માટે કાવાદાવા થાય છે. તેના ભાગરૂપે આ આક્ષેપો કરાઈ રહ્યા છે. યાદવ પહેલેથી બિલ્ડર છે ને કરોડોમાં આળોટે છે એ જોતાં એ કઈ રીતે પછાત વર્ગના કહેવાય એ ખબર નથી પણ ભાજપ બેશરમીથી પછાત વર્ગનું કાર્ડ રમીને બચાવ કરી રહ્યો છે.

આશ્ચર્યજનક રીતે સમાજવાદી પાર્ટીના મુખિયા અખિલેશ યાદવે પણ મોહન યાદવનો બચાવ કર્યો છે. અખિલેશ યાદવ હોવાના નાતે ભાઈચારો બતાવી રહ્યા છે કે પછી બીજું કોઈ કારણ છે તેની તેમને જ ખબર પણ અખિલેશે વિચિત્ર બચાવ કર્યો છે કે, મોહન યાદવ તથા તેમનો પરિવાર પહેલાંથી રીયલ એસ્ટેટ અને જમીનોની લે-વેચ સાથે સંકળાયેલો છે તેથી આ ખરીદીમાં કશું ખોટું નથી. અખિલેશના કહેવા પ્રમાણે, મોહન યાદવ તથા તેમના પરિવારે તો ૧૪૬ એકર જમીન જ ખરીદી, જ્યારે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તો ૫૦૦થી ૬૦૦ એકર જમીન ખરીદી છે એ જોતાં મોટા ચોર તો યોગી છે.

અખિલેશે એવી વિચિત્ર થિયરી પણ રજૂ કરી છે કે, મોહન યાદવ ભાજપની આંતરિક લડાઈનો ભોગ બની રહ્યા છે. વાસ્તવમાં ભાજપ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને બદલવા માગે છે પણ યોગીને સીધું કશુ કહેવાની હિંમત નથી તેથી એક સાથે ત્રણ મુખ્ય પ્રધાનોને બદલી નાંખવાનો કારસો કરાયો છે. યોગીની સાથે રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા અને મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવને પણ ઘરભેગા કરી દેવાશે કે જેથી યોગી તરફ બહુ ધ્યાન ના જાય. અખિલેશની થિયરી મોં-માથા વિનાની છે કેમ કે યોગીને બદલવા માટે બીજા બે મુખ્યમંત્રીનો ભોગ લેવાની વાત ગળે ઉતરે એવી નથી. યોગીને બદલવા જ હોય તો ભાજપ હાઈકમાન્ડ સીધો નિર્ણય લઈ શકે. તેના માટે બીજાં કોઈ નાટક કરવાની જરૂર નથી.

મોહન યાદવે દેખીતી રીતે જ કૌભાંડ કર્યું એ સ્પષ્ટ છે પણ આપણે ત્યાં આ પ્રકારનાં કૌભાંડોની નવાઈ નથી. ભારતમાં સત્તામાં બેઠેલા મોટા ભાગના મુખ્ય પ્રધાનો જમીન કૌભાંડો કરે છે ને માલદાર થાય જ છે. ભાજપ, કૉંગ્રેસ ને પ્રાદેશિક પક્ષોના ઘણા નેતા આવાં કૌભાંડો કરીને માલદાર બનેલા જ છે.

મોહન યાદવે પણ એ જ રસ્તો અપનાવ્યો છે. આપણે ત્યાં રાજકીય પક્ષોના મોવડીઓને આવાં કૌભાંડોનો છોછ નથી ને ભાગ્યે જ કોઈ મુખ્ય પ્રધાન જમીન કૌભાંડોના કારણે ઘરભેગો થાય છે. ભાજપ તો મીડિયા રિપોર્ટને કાને ધરતો જ નથી એ જોતાં મોહન યાદવને આ કૌભાંડ માટે કશું કરે એવી આશા જ રાખવા જેવી નથી.

ભાજપમાં આંતરિક લડાઈ ચાલે છે એ વાત સાચી છે, પણ એવું તો ક્યાં નથી? દરેક રાજકીય પક્ષમાં ટાંટિયાખેંચ હોય જ છે. ભાજપ સત્તામાં છે ને સત્તામાં માલમલિદા-મલાઈ વધારે હોય છે તેથી ભાજપમાં વધારે છે. મોહન યાદવના પરિવારની આખી કરમકુંડળી મીડિયા પાસે એમ જ તો પહોંચી નહીં જ હોય.

ભાજપમાંથી કોઈએ મદદ કરી જ હશે, પણ ભ્રષ્ટ માણસ કોની નજીક છે તેના આધારે ટકી જતો હોય છે. મોહન યાદવ અત્યાર લગી ભાજપ હાઈકમાન્ડના માનીતા છે તેથી તેમને પણ ટકી જવામાં વાંધો નહીં આવે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૨૫-૬-૨૦૨૬, નિર્જળા એકાદશી, ભીમ એકાદશી, ગાયત્રી જયંતી,

- ભારતીય દિનાંક ૪, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૦મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર સ્વાતિ સાંજે ક. ૧૬-૨૮ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૯-૨૯, રાત્રે ક. ૨૦-૩૧
- ઓટઃ બપોરે ક. ૧૫-૧૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૩ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ – એકાદશી. નિર્જળા એકાદશી (કેરી), ભીમ એકાદશી, ગાયત્રી જયંતી, રુક્ષ્મિણી વિવાહ (ઓરિસ્સા), ભદ્રા સવારે ક. ૦૭-૦૭ થી રાત્રે ક. ૨૦-૦૯. સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં વાહન ગર્દભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, ગાયત્રી જયંતી પર્વ પૂજા, ગાયત્રી હવન, અનુષ્ઠાન નિર્જળા એકાદશી, ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસીપૂજા. વાયુદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી, વાહન, માલ લેવો, દુકાન ખોલવી, રત્નધારણ, પશુ લે-વેંચ, ધાન્ય ભરવી, નામકરણ, અન્નપ્રાશન, રોપા વાવવા, વૃક્ષ વાવવા, ખેતીવાડી, ઉપવાટીકા બનાવવી, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ આળસ પ્રકૃતિ, શુક્ર-શનિ ત્રિકોણ વફાદાર, સૂર્ય-નેપ્ચ્યૂન ત્રિકોણ કાવ્યમય સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, શુક્ર-શનિ ત્રિકોણ, સૂર્ય-નેપ્ચ્યૂન ત્રિકોણ (તા. ૨૬)
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઈબાદતમાં એકાગ્રતાઃ ધ્યાન ધરો અને મનની શાંતિ મેળવો

**માનવી** ઈબાદત શા માટે કરે છે? બેશક, અલ્લાહને રાજી કરવા અને મનની શાંતિ માટે, પરંતુ ઈબાદત કરવા છતાં મન અશાંત રહે તો? તો એનો અર્થ એ થયો કે વ્યક્તિની અંદર કંઈક ખૂટે છે અને એ ખૂટતી બાબત બીજી કોઈ નહીં પણ તેની એકાગ્રતા સાધવામાં નિષ્ફળતા છે. મોમીન ગમે તેટલી ઈબાદત કરે પણ તે ઈબાદત જો મન પરોવ્યા વિનાની હશે તો તેનાથી ન તો તેના રૂહને ફાયદો થાય છે કે ન દુન્યવી જિંદગીને. મોટાભાગના ઈબાદત ગુજારો એમ કહીને મનને મનાવતા હોય છે કે તેણે તો ઈબાદત-બંદગી અદા કરી છે, પરંતુ જ્યાં સુધી તેમાં એકચિતતા સધાતી નથી ત્યાં સુધી ન તો તેનો આખેરતમાં લાભ મળે છે કે ન તો આ દુનિયામાં. પરિણામે અશાંતિ તેનો પીછો છોડતી નથી અને તે હકીકતને ઝુટલાવી અંધારામાં હવાતિયા મારતો હોય છે.

એકાગ્રતા અને તેમાં ખલેલ પહોંચાડતી બાબતોને શોધવા માનસિક રોગના એક ડૉક્ટરે એક બિલાડી ઉપર કરેલો પ્રયોગ અત્રે નોંધનીય થઈ પડશે. ડૉક્ટરે સૌથી પહેલાં બિલાડીના કાન તથા મગજ વચ્ચેની નસ સાથે એક તારને જોડયો. આ તારના બીજા છેડાને વીજળીના ધબકારા નોંધતા (મલ્ટિ મીટર) સાથે જોડવામાં આવ્યું અને પછી બિલાડીના કાનમાં વાજિંત્રનો અવાજ કરવામાં આવ્યો, જેવો વાજિંત્રનો ઘોંઘાટ ચાલુ થયો કે તરત જ ડાયલમાની સોય એક ઝટકા સાથે આખીને આખી ફરી ગઈ. ત્યાર પછી બીજો પ્રયોગ શરૂ થયો. બિલાડીની સામે એક પીંજરું મૂકવામાં આવ્યું, જેમાં જીવતો ઉંદર પૂરવામાં આવ્યો. તરત જ બિલાડી ધ્યાનમગ્ન થઈ, એક ચિત્તે ઉંદરને જોવા લાગી એટલે ફરીથી તેના કાન પાસે વાયર અને મલ્ટિ મીટર ગોઠવી, પહેલાના જેવો જ ઘોંઘાટભર્યો અવાજ ચાલુ કરવામાં આવ્યો, પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે સોય જેમની તેમ જ સ્થિર રહી. બિલાડી ધ્યાનપૂર્વક ઉંદરને નીરખતી હતી અને પેલો ઘોંઘાટ તેના એ ધ્યાનને ભગ્ન કરી શક્યો નહોતો.

એક પશુ જો પોતાની મખ્લુકને જ જોઈને ધ્યાનમગ્ન થઈ શકે છે અને તેના મગજને અશાંત કરતા પરિબળોની કોઈ અસર તેના મગજ ઉપર થવા દેતું નથી ત્યારે સર્વે જીવોમાં શ્રેષ્ઠ જીવ એવા મનુષ્યને અલ્લાહની ઈબાદતમાં એકાગ્રતા સાધવામાં નિષ્ફળતા કેમ મળે છે એ જ સમજાતું નથી?

ઈબાદતમાં મન પરોવાયેલું રહે અને અહીં-તહીંના આડાઅવળા વિચારો ખંખેરવા હોય તો સૌપ્રથમ નિયમ મુજબનું - પરહેઝગારીભર્યું જીવન જીવવાનો આગ્રહ રાખો. તમારી સાથે કોઈએ અન્યાય કર્યો હોય, દગો કર્યો હોય, છેતર્યો હોય તો તેવો જ વ્યવહાર તમે બીજા સાથે કરી ના શકો.

ઈર્ષા, ગીબત, દેખાદેખી જેવી મનને અશાંત કરતી બાબતોને ઝહેનમાંથી કાઢી નાંખો. સૌના સુખે સુખી અને સૌના દુઃખે દુઃખીની પરોપકારવૃત્તિ કેળવો. અલ્લાહતઆલાએ તમને બે પૈસે સુખી કર્યા હોય તો તેમાંથી જરૂરતમંદોને સહાય કરો. વૃક્ષ જેવું વૃક્ષ પણ ફળ આવતા નમી જાય છે તો આપણે તો અકલમંદ આદમી છીએ શેખી ન મારતા દુનિયામાં એક મુસાફર થઈને રહીએ. અલ્લાહના રસૂલ હઝરત મુહંમ્મદ સલ્લલ્લાહો અલૈયહિ વસ્સલ્લમ્ અને અંબિયાઓના પવિત્ર જીવન પરથી પ્રેરણા લઈએ. ફક્ત મનને મનાવવા માટે જ ઈબાદત ન કરીએ અને એવી ઈબાદતને કે જેમાં આપણું ધ્યાન દુન્યવી બાબતોમાં ભટકતું હોય અને મનને છેતરતા રહી, ઈબાદતની ફરજ પૂર્ણ કર્યાનો સંતોષ ના મેળવો. મગ્ન થઈ એક ધ્યાનથી અદા કરવામાં આવતી ઈબાદત અલ્લાહનો તો રાજીપો મેળવી આપે છે, સાથે મનને-દિલોદિમાગને પણ તરબતર કરી શાંતિ પ્રદાન કરે છે.

*** *** ***

**સાપ્તાહિક સંદેશઃ**

અલીકા હર કદમ રાહે ખુદા માલૂમ હોતા હૈ
અલીકી હર અદા મુશ્કીલકુશા માલૂમ હોતી હૈ ■

# રામ મંદિરને મળ્યા ૩,૫૦૦ કરોડ રૂપિયા રોકડા પણ એનો રેકોર્ડ યોગ્ય રીતે નહોતો રખાયો

નવી દિલ્હીઃ શ્રી રામ જન્મભૂમી તીર્થક્ષેત્ર ટ્રસ્ટની રચના કરવામાં આવ્યાનાં ગણતરીના મહિનાઓમાં જ ઑડિટ કંપનીએ શોધી કાઢ્યું હતું કે સંસ્થાના વ્યવસ્થાપકો એકદમ બિનવ્યાવસાયિક હતા અને દાનનો રેકોર્ડ યોગ્ય રીતે રખાયો નહોતો.

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે માર્ગ મોકળો કરતો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યા બાદ પાંચ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ શ્રી રામ જન્મભૂમી તીર્થક્ષેત્ર ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધીમાં ટ્રસ્ટને રોકડ રકમ સ્વરૂપે અંદાજે ૩,૫૦૦ કરોડ રૂપિયા મળ્યા હોવા ઉપરાંત ઘરેણાંના સ્વરૂપમાં પણ અન્ય દાન મળ્યાં છે.

મંદિરની કમિટી દાનના વહીવટમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનાં આક્ષેપોનો સામનો કરી રહી હોવા છતાં ખાનગી ઑડિટ કંપની દ્વારા ટ્રસ્ટના સુચારુ વહીવટ માટે ‘સિસ્ટેમેટિક ઑપરેટિંગ પ્રોસેસ’ (એસઓપી)ની કરવામાં આવેલી ભલામણનો પણ હજુ સુધી અમલ કરવામાં આવ્યો નથી.

આ મામલે તપાસ કરી રહેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ ‘સિટ’એ મંગળવારે પ્રાથમિક તપાસનો અહેવાલ ઉત્તર પ્રદેશ સરકારને સુપરત કર્યો હતો.

નવેમ્બર ૨૦૨૦ના ઑડિટ કંપનીએ સુપરત કરેલા અહેવાલમાં ટ્રાન્ઝેક્શન, ડેટા મેનેજમેન્ટ સહિત સ્ટાફ તેમ જ અન્ય લોકોની જવાબદારી નક્કી કરવા એસઓપીની ભલામણ કરી હતી.

વર્તમાન સંજોગોમાં માહિતી અને કામ કરવાની અત્યાર સુધી રીત પર અંકુશ મેળવવાનું મુશ્કેલ હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

# લખનઊ અગ્નિકાંડમાં મોતનું કારણ શ્વાસમાં ઝેરી ધુમાડો

લખનઊઃ લખનઊના અલીગંજ વિસ્તારમાં આવેલી એક ઈમારતમાં લાગેલી આગની ઘટનામાં ૧૫ જણનું મૃત્યુ થયું હતું. શ્વાસમાં વધારે પ્રમાણમાં ધુમાડો જતાં ગૂંગળાઈ જવાને કારણે આ તમામનું મોત થયું હોવાનું જણાવતાં ડૉક્ટરોએ કહ્યું હતું કે પૉસ્ટમોર્ટમના અહેવાલ મુજબ આગને કારણે નહીં પણ શ્વાસમાં વધારે માત્રામાં ઝેરી ધુમાડો જવાને કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આગને કારણે ગંભીર રીતે દાઝી જવાથી કે ઊંડા ઘાને કારણે કોઈનું મૃત્યુ ન થયું હોવાનું પૉસ્ટમોર્ટમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હોવાનું ડૉક્ટરોએ કહ્યું હતું. અનેક મૃતકનાં ચહેરા અને આંખની આસપાસ સોજા તેમ જ તેમની શ્વાસનળીમાં રાખ અને કાર્બનના કણો જોવા મળ્યા હતા જે તેમના શ્વાસમાં વધારે માત્રામાં ધુમાડો ગયો હોવાનાં સંકેત આપે છે, એમ તેમણે કહ્યું હતું.

પૉસ્ટમોર્ટમના અહેવાલ મુજબ તમામ ૧૫ જણનું શ્વાસમાં વધુ ધુમાડો જવાથી ગૂંગળાઈ જવાને કારણે મૃત્યુ થયું હતું. (એજન્સી)

# ભારતની નાગરિકોને ઈરાનની બિનજરૂરી યાત્રા ટાળવા સલાહ

દુબઈઃ ભારતે બુધવારે તેના નાગરિકોને ઇરાનમાં પરિસ્થિતિમાં સુધારો થયો હોવા છતાં આગામી સૂચના સુધી બિનજરૂરી યાત્રા ન કરવાની સલાહ આપી છે.

તહેરાનમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું કે તે ઇરાનમાં વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યું છે અને તાજેતરના સકારાત્મક ઘટનાક્રમો અને પરિસ્થિતિમાં એકંદર સુધારાને ધ્યાને લઇને સુધારેલી એડવાઇઝરી જારી કરી રહ્યું છે.

મિશને તેની એડવાઇઝરીમાં જણાવ્યું કે તાજેતરના સુધારા છતાં ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ આગામી સૂચના સુધી ઇરાનની બિનજરૂરી યાત્રા ટાળે. મિશને ઇરાનમાં રહેતા ભારતીય નાગરિકો તેમજ જેમને કોઇ જરૂરી કારણોસર દેશની યાત્રા કરવાની જરૂર પડી શકે છે તેમને અત્યંત સાવધાની રાખવા, સતર્ક રહેવા અને સતત જાગૃત રહેવાની સલાહ આપી છે. મિશને સ્થાનિક અધિકારીઓ દ્વારા જારી નિર્દેશોનું પાલન કરવા વિનંતી કરી છે.

# ભાજપ ત્રણ રાજયના મુખ્ય પ્રધાનોને હટાવવા માગે છેઃ અખિલેશ

## ભાજપે આક્ષેપને નકાર્યો અને વળતો આરોપ મૂક્યો

નવી દિલ્હીઃ સમાજવાદી પાર્ટી (સપ)ના વડા અખિલેશ યાદવે દાવો કર્યો હતો કે ભાજપ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાંના હાલના મુખ્ય પ્રધાનને હોદ્દા પરથી હટાવવા માગે છે.

તેમણે જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવના પરિવાર દ્વારા જમીનની કરાયેલી વ્યાપક ખરીદીને લગતો વિવાદ ઊભો કરવા માટેનું કારણ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સહિત ત્રણ રાજ્યના મુખ્ય પ્રધાનને હોદ્દા પરથી દૂર કરવા માટેની ભાજપની યોજનાનો ભાગ છે.

અખિલેશ યાદવે જણાવ્યું હતું કે ભાજપે મોહન યાદવને મુખ્ય પ્રધાનપદેથી દૂર કરવા માટે તેમને બદનામ કરવાનું ષડ્યંત્ર ઘડ્યું છે. ભાજપ મોહન યાદવ પછી યોગી આદિત્યનાથનો વારો કાઢશે. મોહન યાદવ રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે અગાઉ જોડાયેલા હતા, તે શું ભાજપ નથી જાણતો?

દરમિયાન, ભાજપના મધ્ય પ્રદેશ એકમના પ્રમુખ હેમંત ખંડેલવાલે બધા આક્ષેપ નકારી કાઢ્યા હતા અને જણાવ્યું હતું કે કૉંગ્રેસ અને અન્ય વિપક્ષ અન્ય પછાત જાતિ (ઓબીસી)ના નેતાઓને લક્ષ્ય બનાવવાની કોશિશ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે મોહન યાદવે ૨૦૨૩ની ચૂંટણી વખતના સોગંદનામામાં આ જમીનની ખરીદીની વિગત જાહેર કરી જ હતી.

ઉત્તર પ્રદેશના પ્રધાન ઓમપ્રકાશ રાજભારે અખિલેશ યાદવની ટીકા કરતા જણાવ્યું હતું કે સમાજવાદી પાર્ટીના આ નેતા જનતાનું ધ્યાન બીજે દોરવા પ્રયાસ કરી રહ્યા છે. મધ્ય પ્રદેશમાંની જમીનની ખરીદી અને સમાજવાદી પાર્ટીના નેતાઓ વચ્ચે કડી હોવાનું કહેવાય છે.

તેમણે ‘એક્સ’ પર લખેલી લાંબી પોસ્ટમાં જણાવ્યું હતું કે સમાજવાદી પાર્ટીના નેતાઓ સાથે સંબંધ ધરાવનારા એક આઇએએસ અધિકારીએ સૂચિત હાઇવે કૉરિડોર્સ ખાતે જમીનમાં રોકાણ કરવાની સુવિધા કરી આપી હતી. (એજન્સી)

## મોહન યાદવે સીએમ બનતા પહેલા એ ‘કૌભાંડી’ જમીન ખરીદી હોવાનો ખુલાસો

નવી દિલ્હીઃ મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવના કાર્યાલયે મંગળવારે એક મીડિયા અહેવાલને ફગાવી દીધો જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ભાજપના નેતાના પરિવારના સભ્યોએ આગામી સરકારી માળખાકીય પ્રોજેક્ટ્સનો લાભ મેળવવાની અપેક્ષાએ ઉજૈજનમાં મોટા પાયે જમીન ખરીદી છે. તેમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે ડિસેમ્બર, ૨૦૨૩માં પદ સંભાળ્યા પછી મુખ્ય પ્રધાન કે તેમના પરિવારના કોઈપણ સભ્યએ કોઈ જમીન ખરીદી નથી.

મીડિયા અહેવાલમાં કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો દ્વારા યાદવના રાજીનામાની માગ કરી હતી અને તેમની સરકારને લૂંટનું એન્જિન ગણાવ્યા બાદ મુખ્ય પ્રધાન કાર્યાલયના સૂત્રોએ સ્પષ્ટતા જારી કરી હતી.

એક અહેવાલમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ડિસેમ્બર, ૨૦૨૩માં યાદવે મુખ્ય પ્રધાન તરીકે પદ સંભાળ્યા પછી, તેમના પરિવારના સભ્યો અને તેમની સાથે સંકળાયેલી રિયલ એસ્ટેટ કંપનીઓએ ઉજૈજનમાં લગભગ ૧૬૮ એકરમાં ફેલાયેલી ઓછામાં ઓછી ૧૩૭ એકર જમીન ખરીદી છે.

અહેવાલમાં આ સંપાદનોની કિંમત આશરે ૪૫ રૂપિયા કરોડ હોવાનો અંદાજ છે.

અહેવાલ મુજબ, નવા રોડ નેટવર્ક, પ્રસ્તાવિત જમીન-ઉપયોગમાં ફેરફાર અને ૨૦૨૮માં યોજાનાર સિંહસ્થ કુંભની તૈયારીઓ સાથે જોડાયેલા વિકાસ કાર્યો સહિત આયોજિત સરકારી માળખાકીય પ્રોજેક્ટ્સને કારણે જમીનના મૂલ્યમાં તીવ્ર વધારો થવાની ધારણા ધરાવતા વિસ્તારોમાં ઘણી ખરીદી કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાન કાર્યાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે ડિસેમ્બર, ૨૦૨૩માં મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા પછી મોહન યાદવ અને અને તેમની પત્ની સીમા યાદવે તે સમયગાળા દરમિયાન કોઈ જમીન ખરીદી નથી.

સૂત્રોએ ઉમેર્યું હતું કે યાદવ આરોપોનો જવાબ આપવા પછી વિગતવાર નિવેદન જારી કરશે.

# કમ્યુનિકેશન સિસ્ટમ બંધ પડતા જર્મનીની રેલવે સેવા ઠપ

બર્લિનઃ જર્મનીમાં મંગળવારે મોડી રાત્રે રેલવે કમ્યુનિકેશન સિસ્ટમમાં ટેક્નિકલ ખામી સર્જાતા દેશભરમાં રેલવે સેવાઓ ખોરવાઇ હતી. જેના પગલે મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જો કે લગભગ બે કલાક બાદ સેવાઓ ફરી શરૂ થઇ હતી. આ દરમિયાન ઇન્ફોર્મેશન ડેસ્ક પર લાંબી કતારો જોવા મળી હતી.

આ સમસ્યા રેલવે નેટવર્કમાં ઇન્ટરનલ કોમ્યુનિકેશન માટે ઉપયોગમાં લેવાતી જીએસએમ-આર ડિજિટલ કોમ્યુનિકેશન સિસ્ટમમાં દેશવ્યાપી ખામી સર્જાતા ઊભી થઇ હતી. જેના કારણે બધી ટ્રેનોને સ્ટેશનો પર રોકી દેવામાં આવી હતી.

જર્મનીની મુખ્ય રાષ્ટ્રીય રેલવે કંપની ડૉઇશ બાને જણાવ્યું કે બુધવારે સવારે ટ્રેનો મોટાભાગે કોઇપણ વિક્ષેપ વિના દોડવા લાગી હતી. જો કે કેટલાક સ્થળોએ સેવામાં થોડા ઘટાડો જોવા મળી શકે છે. જો કે સમસ્યાનું કારણ જાહેર કરવામાં આવ્યું નથી.

જર્મનીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ટ્રેન મોડી પડવાની અને સેવામાં વિક્ષેપની ફરિયાદો સતત વધી રહી છે એવા સમયે આ સમસ્યા સામે આવી છે. ડોઇચે બાન તેના પ્રદર્શનમાં સુધારો કરવા માટે હવે મુખ્ય રૂટો પર મોટા પાયે સુધારાઓ કરી રહી છે. જેના કારણે સેવામાં પણ વિક્ષેપ પડી રહ્યો છે.

જર્મનીના નોર્થ રાઇન-વેસ્ટફેલિયાના પ્રાદેશિક પરિવહન પ્રધાન ઓલિવર ક્રિશરએ જણાવ્યું કે ટેક્નિકલ ખામીને કારણે જર્મનીમાં રેલ ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઇ જવો એ પહેલાથી જ નબળી ઓપરેટિંગ ગુણવત્તાનું એક નવું નીચલું સ્તર છે. ભવિષ્યમાં આવી સમસ્યાને અટકાવી શકાય તે માટે વ્યવસ્થા હોવી જોઇએ.

# ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી સાથે 30 જૂન સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાતમાં અસહ્ય બફારા અને ઉકળાટ વચ્ચે હવામાન વિભાગે આગામી સાત દિવસ માટેની આગાહી કરી હતી, જેમાં હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૨૪ જૂને રાજ્યના ચોમાસાની એન્ટ્રી થઇ ચૂકી છે. તેમ જ આગામી ત્રણ દિવસમાં સાર્વત્રિક વરસાદની સંભાવના છે, જ્યારે ૨૪થી ૩૦ જૂન દરમિયાન રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

જેમાં રાજયમાં એક્ટિવ બે સિસ્ટમના લીધે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં માટે વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ અને દમણ-દાદરા નગર હવેલી તેમ જ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઇન સિસ્ટમ સક્રિય છે.

જ્યારે હવામાન વિભાગે ગુરુવારે ૨૫ જૂને દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ તેમ જ દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમ જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે, જ્યારે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે દરિયામાં મોજા ઊછળવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં પણ વાદળછાયું વાતાવરણ રહેશે. ભારે પવન સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. જ્યારે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં પડેલા વરસાદના આંકડા પર નજર કરીએ તો દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં સારો વરસાદ થયો છે. જેમાં વલસાડના ઉમરગામ તાલુકામાં સૌથી વધુ ૪.૩૩ ઇંચ વરસાદ ખાબક્યો છે.

જ્યારે કપરાડામાં ૧.૪૬ ઇંચ અને વાપીમાં ૧.૪૨ ઇંચ વરસાદ નોંધાયો હતો. તેમજ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં મંગળવાર રાત્રે ધોધમાર વરસાદથી રાજ્યમાં વરસાદની એન્ટ્રી થઇ હતી. ■

# ગુજરાતનાં યાત્રાધામો અને પ્રવાસન સ્થળોનાં વિકાસ માટે ₹ ૩.૨૮ કરોડની રકમ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતને વૈશ્વિક પ્રવાસન નકશા પર વધુ મજબૂત બનાવવા અને રાજ્યના પવિત્ર યાત્રાધામો ખાતે આવતા લાખો શ્રદ્ધાળુઓની સુખાકારી માટે રાજ્ય સરકાર દ્વારા વધુ એક મહત્ત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું હતું, જેમાં યાત્રાધામો અને પ્રવાસન સ્થળોના વિકાસ કાર્યો માટે રૂપિયા ૩.૨૮ કરોડથી વધુ રકમના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ રાજ્યના પ્રવાસન અને યાત્રાધામોના સર્વાંગી વિકાસ માટે વિવિધ મહત્ત્વની દરખાસ્તોને મંજૂરી આપી છે. પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓને શ્રેષ્ઠત્તમ સુવિધાઓ મળી રહે તે હેતુથી આજે વિવિધ પ્રવાસન પ્રોજેક્ટ્સ અને આસ્થાના કેન્દ્રોના વિકાસ કાર્યોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

વલસાડ જિલ્લાના કોસંબા ખાતેના શ્રી અક્ષરપુરષોત્તમ સ્વામીનારાયણ મંદિરમાં સુવિધાઓ ઉમેરવા માટે, ડાંગ જિલ્લાના સાપુતારા પ્રવાસન સ્થળે પ્રવાસીઓના આકર્ષણ સમાન સનરાઈઝ અને સનસેટ પોઈન્ટ પર જતા રસ્તા માટે ગ્રાન્ટ મંજૂર કરાઈ છે. તે ઉપરાંત રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે સ્થિત શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે સોલર રૂફ ટોપ પ્રોજેક્ટ મંજૂર કરાયો છે.

જ્યારે અમદાવાદ જિલ્લાના ભોંયણી ખાતે આવેલા શ્રી મલ્લીનાથજી મહારાજ ઐતિહાસિક જૈન તીર્થ ખાતે યાત્રિકોની સુવિધા માટે પણ ખર્ચ મંજૂર કરાયો છે. વડોદરા જિલ્લાના શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરના પૌરાણિક મંદિરના મુખ્ય જિણોદ્ધાર, બોરવેલ, કોટા સ્ટોન ફ્લોરિંગ, સુશોભન દરવાજા અને ઇલેક્ટ્રિફિકેશન સહિતના વિવિધ વિકાસ કામો માટે પણ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. તેવી જ રીતે સુરતના અડાજણ ખાતે આવેલા શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં સિવિલ તેમ જ સોલારના વિવિધ વિકાસ કામો હાથ ધરવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

નાયબ મુખ્ય પ્રધાને સંબંધિત વિભાગના અધિકારીઓને આ તમામ મંજૂર થયેલા પ્રોજેક્ટ્સ સમયમર્યાદામાં અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા છે. સરકારના આ નિર્ણયથી આગામી દિવસોમાં ગુજરાતના પ્રવાસન અને યાત્રાધામ ક્ષેત્રને એક નવી ઊંચાઈ મળશે. ■

# ₹ ૧૨૮ કરોડના આઈટીસી કૌભાંડનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય જીએસટી વિભાગે ₹૧૨૮ કરોડથી વધુના બનાવટી વ્યવહારો સાથે સંકળાયેલા એક છેતરપિંડીભર્યા ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) રેકેટનો પર્દાફાશ કર્યો છે. તેમજ આ કૌભાંડ સાથે સંકળાયેલા બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી.

આ અંગે જીએસટી વિભાગને ચોક્કસ માહિતી અને ત્યારબાદના વિશ્લેષણના આધારે વિભાગે ૧૬ જૂન ૨૦૨૬ ના રોજ જામનગર, રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત અને ભાવનગરમાં મેસર્સ મંડોવારા ટ્રેડિંગ કંપની સહિત ૨૨ કંપનીઓ સામે સંકલિત શોધ અને જપ્તીની કામગીરી હાથ ધરી હતી. આ કામગીરી દરમિયાન, વિભાગે જામનગરથી મેસર્સ મંડોવારા ટ્રેડિંગ કંપનીના માલિક સુરેશચંદ્ર મૂળચંદ્ર શાહ અને તેમના પુત્ર આયુષ સુરેશચંદ્ર શાહની ૨૩.૦૮ કરોડથી વધુની કરચોરીમાં સંડોવણી બદલ ધરપકડ કરી હતી.

આ તપાસમાં બહાર આવ્યું છે કે પેઢીએ પિત્તળ અને તાંબાના ભંગારની બોગસ ખરીદીઓ રેકોર્ડ કરીને અને તે બિન-અસલી વ્યવહારોના આધારે બનાવટી ઇનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો કરીને મોટા પાયે કરચોરી કરી હતી. પ્રારંભિક પૂછપરછ સૂચવે છે કે મેસર્સ મંડોવારા ટ્રેડિંગ કંપનીએ ₹૧૨૮ કરોડથી વધુના બનાવટી વ્યવહારો દર્શાવ્યા હતા જે બોગસ કંપનીઓ દ્વારા અને માલની ભૌતિક હિલચાલ વિના કરવામાં આવ્યા હતા. જેનો હેતુ સરકારી તિજોરીને ₹૨૩.૦૮ કરોડથી વધુનો કરચોરી કરવાનો હતો.

ઇનપુટ ટેક્સ ક્રેડિટનો ખોટો ઉપયોગ જીએસટી કાયદાની કલમ ૧૩૨(૧)(સી) અંતર્ગત ગુનો બને છે, જ્યારે આઈટીસી પાસ કરવા માટે નકલી ઇન્વોઇસ જારી કરવા એ જીએસટી કાયદાની કલમ ૧૩૨(૧)(બી) અંતર્ગત ગુનો બને છે. બંને આરોપીઓની સ્પષ્ટ સંડોવણી સ્થાપિત કર્યા પછી, વિભાગે વધુ તપાસને સરળ બનાવવા માટે તેમની ધરપકડ કરી હતી. જેમ જેમ તપાસ આગળ વધે છે, વિભાગને અપેક્ષા છે કે વધુ કરચોરી અને વધારાની બાકી જીએસટી જવાબદારીઓ પ્રકાશમાં આવી શકે છે. રાજ્ય કર વિભાગ આ બાબતમાં સરકારી મહેસૂલનું રક્ષણ અને વસૂલાત કરવા માટે યોગ્ય કાનૂની કાર્યવાહી જોરશોરથી કરી રહ્યું છે.

રાજ્ય જીએસટી વિભાગ તમામ નાગરિકો અને કરદાતાઓને અપીલ કરે છે કે તેઓ સંવેદનશીલ દસ્તાવેજો - જેમ કે આધાર, પાન, જીએસટી નોંધણી વિગતો, બેંક ખાતાની માહિતી અથવા અન્ય ગુપ્ત રેકોર્ડ - અજાણ્યા અથવા અનધિકૃત વ્યક્તિઓ સાથે શેર ન કરે.

આવા દસ્તાવેજોનો દુરુપયોગ નાણાકીય છેતરપિંડી અને ઓળખ ચોરી તરફ દોરી શકે છે. જનતાને સતર્ક રહેવા અને તેમની વ્યક્તિગત અને વ્યવસાયિક માહિતીનું રક્ષણ કરવા વિનંતી કરવામાં આવે છે. ■

# આજથી પોરબંદર-અમદાવાદ-મુંબઈ વચ્ચે હવાઈ સેવાનો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનાં મહત્ત્વનાં શહેર પોરબંદરથી વાયા અમદાવાદ-મુંબઈ હવાઇ સેવા શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જેમાં એલાયન્સ ઍર દ્વારા પોરબંદર-અમદાવાદ-મુંબઈ વચ્ચે ફ્લાઇટ શરૂ કરવામાં આવશે. તેમજ આ ફ્લાઇટ સેવા પચીસ જૂન ગુરુવારથી નિયમિત પણે ઓપરેટ કરવામાં આવશે. જેની માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

આ હવાઇ સેવા શરૂ થતાં સ્થાનિક વેપારીઓ, બિઝનેસમેન, ટુરિસ્ટ અને ઈમરજન્સી મેડિકલ સર્વિસ મેળવનારા લોકોને ફાયદો થશે. આ અંગે એલાયન્સ ઍર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર આ બંને રૂટ પર ફ્લાઈટસ અઠવાડિયામાં બે દિવસ એટલે કે દર ગુરુવારે અને શનિવારે ઉડાન ભરશે. આ રૂટ પર કંપની પોતાના આધુનિક અને એટીઆર-૭૨ એરક્રાફ્ટનો ઉપયોગ કરવાની છે.

જેમાં પોરબંદર થી અમદાવાદ સવારે ૦૯: ૦૫ કલાકે અને સવારે ૧૦:૫૫ કલાકે. જયારે અમદાવાદથી પોરબંદર સવારે ૧૧:૨૦ બપોરે ૦૧:૧૦ વાગે ઉપડશે. તેજ રીતે પોરબંદર- મુંબઈ ફ્લાઈટ શિડ્યુઅલ મુજબ મુંબઈથી પોરબંદર સવારે ૦૭:૦૫ સવારે, ૦૮: ૪૦ કલાકે. જયારે પોરબંદર થી મુંબઈ બપોરે ૦૧:૩૫ બપોરે ૦૩:૧૦ કલાકે ઉપડશે. આ અંગે મુસાફરો એલાયન્સ એરની સત્તાવાર વેબસાઇટ પર જઈને ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવી શકે છે. તેમજ ફ્લાઈટ્સ માટેનું એડવાન્સ બુકિંગ વિન્ડો અત્યારથી જ લાઈવ કરી દેવામાં આવી છે. ■

# કતારના રાસ લાફાન ગેસ પ્લાન્ટમાં થયેલા વિસ્ફોટમાં સુરતના યુવકનું મોત

## મૃતદેહ વતન લાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કતારના સૌથી મોટા રાસ લાફાન ગેસ પ્લાન્ટમાં ૨૧ જૂન રવિવારે થયેલા પ્રચંડ વિસ્ફોટ બાદ ગુમ થયેલા સુરતના યુવાનનું મોત થયાની પુષ્ટી થઈ છે. સુરતના ડુમ્મસ વિસ્તારમાં આવેલા મોટો મોહલ્લોમાં રહેતા સની પટેલનો છેલ્લા ૪૮ કલાકથી પરિવાર સાથે સંપર્ક ન થતા પરિજનો ચિંતિત બન્યા હતા. જોકે આ બ્લાસ્ટમાં સની ચંપકભાઈ પટેલનું મોત થયું હોવાની જાણ થતા જ પરિવાર અને વિસ્તારભરમાં શોકનો માહોલ સર્જાયો છે. ભારતના દુતાવાસની મદદથી સનીનો મૃતદેહ તેના ભાઈ રવિને સોંપવામાં આવશે, જેને આગામી એક-બે દિવસમાં કતારથી અમદાવાદ અને ત્યારબાદ અમદાવાદથી સુરત લાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સની માત્ર આઠ મહિના પહેલા જ રોજીરોટી કમાવવા માટે કતાર ગયો હતો. સની મિકેનિકલ ફિટર તરીકે કામ કરતો હતો. નોકરી પર જતા પહેલા અને નોકરીથી આવ્યા બાદ સુરત ખાતે રહેતી પત્નીને સની કોલ કરતો હતો. સનીનો ભાઈ રવિ પણ કતાર ખાતે અન્ય કંપનીમાં કામ કરે છે.

ઘટનાની જાણ થતા રવિ પણ પોતાના ભાઈ સનીને શોધી રહ્યો હતો પણ સની અંગે કોઈપણ જાતની માહિતી મળી ન હતી. તેની શોધખોળ કરવામાં આવતા આ વિસ્ફોટમાં તે મૃત્યુ પામ્યો હોવાનું બહાર આવ્યું હતું. ■

# સૌરાષ્ટ્રની પ્રાચીન ભજન પરંપરાના સમર્થ આરાધક શ્રી પ્રસાદજી (વિષ્ણુપ્રસાદ દવે)નું દુઃખદ અવસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ સૌરાષ્ટ્રની પ્રાચીન સંતવાણી પરંપરાને છેલ્લાં પચાસ વર્ષથી એક ભજનિક તરીકે જીવંત રાખનારા આદરણીય ભજન પુરુષ વિષ્ણુપ્રસાદ કેશવલાલ દવે (શ્રી પ્રસાદજી)નું ૨૩ જૂનના રોજ સાંજે ૫ કલાકે દુઃખદ અવસાન થયું હતું. તેઓ ૫૦ વર્ષથી ભજનને જીવ્યા હતા. આવા ભજનાનંદી શિવમાં વિલીન થયા હતા. તેઓ છેલ્લા એકાદ વર્ષથી અન્નનળીના કેન્સરની બીમારી સામે લડી રહ્યા હતા. તેમના નિધનથી સમગ્ર ગુજરાતના કલા જગતમાં ઊંડા શોકની લાગણી વ્યાપી ગઈ હતી.

ઈ.સ. ૧૯૭૬માં આકાશવાણી રાજકોટ પરથી હેમુભાઈ ગઢવીએ તેમની ભજનિક તરીકે પસંદગી કરી હતી. જીવનના ઉત્તરાર્ધમાં તેઓ આકાશવાણીના 'એ' ગ્રેડના ભજનિક તરીકે માન્યતા પામ્યા હતા. ૮૦ના દાયકામાં રેડિયો પરથી રજૂ થયેલા તેમના પ્રખ્યાત ભજન 'મારું રે પિયરીયું માધવપુરમાં...!' થી તેમને વ્યાપક ખ્યાતિ મળી હતી. રેડિયોના 'અર્ચના સંતવાણી' કાર્યક્રમમાં તેમણે આશરે ૧૦૦ જેટલાં પ્રાચીન ભજનો રજૂ કર્યા હતા.

રવિ-ભાણ સદ્ગુરુ પરંપરાના ભજનોમાં નિપુણતા ધરાવતા પ્રસાદજીએ લખેલા, શોધેલા અને કંપોઝ કરેલાં અનેક ભજનો જેવા કે 'જયલે હરિકા નામ', 'કાના નાના છાના માના' અને 'પવન પાવડી' આજે પણ લોકોની જીભે રમે છે. વર્ષ ૨૦૦૭માં તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તેમને અને તેમના પુત્ર સાંઈરામ દવેને સંયુક્ત રીતે 'ગૌરવ પુરસ્કાર'થી નવાજવામાં આવ્યા હતા.

તેમણે પોતાના વતન અમરનગરથી શૈક્ષણિક કારકિર્દી શરૂ કરી હતી અને મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ ગોંડલમાંથી શિક્ષક તરીકે નિવૃત્ત થયા હતા. સંત હરિરામ બાપાના આશીર્વાદથી તેમનું જીવન સત્સંગમય બન્યું હતું. ગુજરાતના પ્રસિદ્ધ હાસ્ય કલાકાર સાંઈરામ દવે, કિશન અને અમિતના તેઓ પિતૃછત્ર હતા. સાંઈરામ દવે પોતાની સફળતાનો તમામ શ્રેય પોતાના પિતાને આપે છે જેમની સાથે તેમણે જુગલબંધીના અનેક કાર્યક્રમો પણ કર્યા હતા.

કડક શિસ્ત, નિખાલસ સ્વભાવ અને નિર્વ્યસની જીવન જીવનારા આ મહાન ભજનાનંદી પુરુષની વિદાયથી સૌરાષ્ટ્રની અસલ ભજન પરંપરાનો એક દીવડો બુઝાઈ ગયો હતો. ■

# ગુજરાત હાઈ કોર્ટના આદેશનું પાલન ન થતાં શિક્ષણ વિભાગના સચિવને ₹ એક લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટે શિક્ષણ વિભાગના સચિવ સામે કડક વલણ અપનાવતા વ્યક્તિગત રીતે ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. બે શાળાઓની માન્યતા રદ કરવા સંબંધિત કેસની સુનાવણી દરમિયાન હાઈ કોર્ટે શિક્ષણ વિભાગના સચિવ સામે કડક વલણ અપનાવ્યું હતું. ગુજરાત હાઈ કોર્ટે શિક્ષણ વિભાગના સચિવને દંડ ફટકારતા શિક્ષણ વિભાગમાં ફફડાટ વ્યાપી ગયો છે.

હાઈ કોર્ટ સમક્ષ રજૂ થયેલી વિગતો મુજબ, અગાઉ આપવામાં આવેલા આદેશોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું નહોતું. આ મામલે હાઇ કોર્ટે આકરું વલણ અખત્યાર કર્યું હતું. આ મુદ્દે નોંધ લેતા જણાવ્યું હતું કે સરકારી અધિકારીઓ દ્વારા કોર્ટના આદેશોની અવગણના સ્વીકારી શકાય તેવી નથી. ન્યાયિક પ્રક્રિયા અને કોર્ટના આદેશોનું પાલન દરેક સરકારી તંત્રની જવાબદારી છે.

હાઇ કોર્ટે સચિવને દંડની પહોંચ સાથે હાજર થવા તથા દંડની રકમ સરકારના ભંડોળમાંથી નહીં પરંતુ સંબંધિત સચિવે વ્યક્તિગત રીતે ચૂકવવા આદેશ કર્યો હતો. વધુમાં, આ દંડની રકમ વિદ્યાર્થીઓના કલ્યાણ અને શૈક્ષણિક હિત માટે ઉપયોગમાં લેવામાં આવશે.

કોર્ટે આગામી સુનાવણી દરમિયાન દંડ ભર્યાની સત્તાવાર પહોંચ રજૂ કરવાનો પણ આદેશ આપ્યો હતો. આ નિર્ણય બાદ સરકારી વિભાગોમાં કોર્ટના આદેશોના પાલન અંગે ગંભીર ચર્ચાએ જોર પકડ્યું છે. ■

# જૂનાગઢમાં ગિરનાર નજીક સિંહબાળનો શંકાસ્પદ મૃતદેહ મળ્યો, હત્યારાને શોધવા સઘન શોધખોળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ શહેર નજીકથી લગભગ ૭ થી ૮ મહિનાના નર સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સિંહબાળના શરીર પર ગંભીર શારીરિક ઇજાઓ જોવા મળી હતી, જેના આધારે તેના પર હુમલો કરવામાં આવ્યો હોવાની શક્યતા છે. જૂનાગઢ વન વિભાગના ગિરનાર જંગલમાં ડુંગર (દક્ષિણ) રેન્જ હેઠળ રબારી નેસ વિસ્તારમાંથી સિંહબાળનો ક્ષતવિક્ષત મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. મૃત સિંહબાળનું પોસ્ટમોર્ટમ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે ત્રણ પશુચિકિત્સકોની પેનલ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ગિરનાર જંગલ નજીકના રહેણાંક વિસ્તારની ઘટનાને પગલે વન વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક માહિતીના આધારે એક શંકાસ્પદ વ્યક્તિની સંડોવણી સામે આવી છે, જે હાલમાં ફરાર છે. ■

# રાજકોટના જંગલેશ્વર ડિમોલેશન દરમિયાન ₹ ૨૭ લાખનું ફૂડ બિલ, અધિકારીઓ પાસે ખુલાસો મગાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકાએ હાથ ધરેલા જંગલેશ્વર ડિમોલેશનના ફૂડ બિલ મુદ્દે વિવાદ સર્જાયો છે. જેમાં કોર્પોરેશન અધિકારીઓ દ્વારા કોર્પોરેશન સમક્ષ રૂપિયા ૨૭. ૨૦ લાખનું અધધધ ફૂડ બિલ રજૂ કરતાં ખળભળાટ મચી ગયો છે. આ અંગે મળતી વિગતો મુજબ આ ફૂડ બિલમાં અધિકારીઓએ ૨૩૧ રૂપિયાની એક નંગ કાજુ કતરી ખાધી હતી. જો રાજકોટ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીમાં આ બિલને પેન્ડિંગ રાખવામાં આવ્યું છે.

આ બિલની વધુ વિગતો મુજબ અધિકારીઓએ સમોસા, ખજૂરરોલ અને ખમણની માત્ર ૧૫૦ નંગ પ્લેટનું બિલ જ રૂ. ૩૪,૬૫૦ રજૂ કર્યું છે. જ્યારે ચા-કોફી અને બિસ્કિટનું બિલ રૂ. ૬,૩૦,૯૪૬ આવ્યું છે. જેમાં અધિકારીઓ અને સ્ટાફ ૨૧,૦૦૦ કપ ચા અને ૪,૦૦૦ બોટલ લીંબુ શરબત પીધું છે. આ ઉપરાંત આ બિલમાં પ્રેમવતી રેસ્ટોરન્ટમાંથી મંગાવવામાં આવેલા જમવાનું બિલ રૂ. ૨૦ લાખ ૬૮ હજાર રૂપિયાનું મૂકવામાં આવ્યું છે. જોકે, રાજકોટ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ આ બિલની દરખાસ્તને મંજૂરી આપવાના બદલે હાલ પૂરતી પેન્ડિંગ રાખી દીધી છે. તેમજ અધિકારીઓ પાસે ખુલાસો પણ માગવામાં આવ્યો છે. ■

# ચૈતર વસાવાની મુશ્કેલી વધી, હવે ભરૂચ કોર્ટનું સમન્સ

(અમારા પ્રતિનિધી દ્વારા )

અમદાવાદઃ ગુજરાતના ડેડિયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવાની મુશ્કેલી વધી રહી છે. જેમાં મંગળવારે વનકર્મી પર હુમલા કેસમાં કોર્ટે તેમને સાત વર્ષની જેલની સજા ફટરકારી હતી. જેની બાદ હવે ભરૂચની કોર્ટે પોલીસ વિરુદ્ધ વિવાદીત ટિપ્પણીના કેસમાં ચૈતર વસાવાને આગામી ૨૯ જુલાઈએ કોર્ટ સમક્ષ હાજર રહેવાનો આદેશ કર્યો હતો.

આ કેસની મળતી વિગતો મુજબ વર્ષ ૨૦૨૪ના જુલાઇ મહિનામા ધારાસભ્ય ચૈતર વસાવાએ જાહેરમાં ગુજરાત પોલીસ અંગે વિવાદાસ્પદ નિવેદનો કર્યાં હતાં. જેની બાદ તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે ધારાસભ્ય ચૈતર વસાવાએ કરેલી ટિપ્પણીઓ પાયાવિહોણી હતી અને તેનાથી સમગ્ર પોલીસ તંત્રની ગરિમા અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું હતું.

આ કેસમાં ભરૂચ જિલ્લા પોલીસ વડાએ ધારાસભ્યના આક્ષેપો બાદ સત્તાવાર અહેવાલ તૈયાર કર્યો હતો. ■

# કચ્છમાં 3.4ની તીવ્રતાનો ભૂકંપનો આંચકોઃ જાનમાલનું નુકસાન નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભૌગોલિક દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ સિસ્મિક ઝોન-૬માં સમાવાયેલા રણપ્રદેશ કચ્છ જિલ્લામાં ફરી એકવાર ભૂકંપનો ઝટકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૪ માપવામાં આવી હતી. ૨૩ જૂનની રાત્રે ૧૦ અને ૨૭ કલાકે નોંધાયેલા આ આંચકાનું કેન્દ્રબિંદુ વાગડ વિસ્તારના બેલાથી આશરે ૫૪ કિલોમીટર દૂર પાકિસ્તાનની સરહદમાં આવેલા રાનપુર ડેમ વિસ્તારમાં નોંધાયું હતું. ભૂકંપની તીવ્રતા મધ્યમ હોવાને કારણે સરહદી વિસ્તારોમાં લોકોએ ધ્રુજારીનો અનુભવ કર્યો હતો. જો કે જાનમાલનું કોઈ નુકસાન થયું ન હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ કચ્છ પ્રદેશમાં ૧૦થી વધુ સક્રિય ફોલ્ટ લાઈનો કાર્યરત છે. ભચાઉ અને રાપરનો આ પંથક ખાસ કરીને 'સાઉથ વાગડ ફોલ્ટ લાઇન' પર આવેલો હોવાથી અહીં સમયાંતરે હળવી તીવ્રતાના આંચકા આવતા રહે છે. ભૂસ્તરશાસ્ત્રીઓના મતે આ પ્રકારના નાના આંચકા જમીનની અંદર એકત્ર થતી રહેતી ઊર્જાને મુક્ત કરવામાં મદદરૂપ સાબિત થાય છે, જે મોટા ભૂકંપની સંભાવનાને ઘટાડે છે. ■

# અંજારની સીમમાં ₹ ૪.૨૨ કરોડની સરકારી જમીન પર બુલડોઝર ફર્યુંઃ ખાનગી કંપનીને રૂા. ૪.૨૨ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં સરકારી જમીનો પર થયેલા ગેરકાયદેસર દબાણો હટાવવાની ચાલી રહેલી ઝુંબેશના ભાગરૂપે અંજારના સીમમાં આવેલી કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીનને તંત્રએ દબાણમુક્ત કરાવી છે અને જવાબદાર કંપનીને લાખો રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, અંજાર સીમમાં આવેલા સર્વે નંબર ૯૮૪ પૈકીવાળી સરકારી જમીન પર એક ખાનગી કંપની દ્વારા ગેરકાયદેસર કબ્જો કરવામાં આવ્યો હોવાની ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અરજી દાખલ કરવામાં આવી હતી. આ ગંભીર મામલે સર્કલ ઓફિસર મારફત સ્થળ તપાસ અને કાયદેસરની ચકાસણી હાથ ધરવામાં આવતાં સરકારી જમીન પર મોટું દબાણ થયું હોવાનું સત્તાવાર રીતે માલૂમ પડ્યું હતું. આ તપાસના આધારે અંજાર મામલતદાર દ્વારા દબાણકર્તાને કાયદેસરની નોટિસ ફટકારીને પોતાના પુરાવા રજૂ કરવા માટે પૂરતી મુદ્દત આપવામાં આવી હતી. તપાસમાં ખૂલ્યું હતું કે, 'યુનાઈટેડ કો. પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપની દ્વારા આ સરકારી જમીન પર અંદાજે એક વર્ષ પૂર્વે ગેરકાયદેસર રીતે લોખંડ-સિમેન્ટની ફોલ્ડિંગ દીવાલ બનાવી દેવામાં આવી હતી અને અંદર મોટા પાયે વૃક્ષોનું વાવેતર કરાયું હતું. કંપનીએ બચાવમાં તંત્ર સમક્ષ એવો તર્ક રજૂ કર્યો હતો કે, તેઓએ પર્યાવરણની જાળવણી માટે અને રખડતાં પશુઓ ઝાડ ન ખાઈ જાય તે હેતુથી જ આ સુરક્ષા દીવાલ બનાવી હતી. જો કે, અંજાર મામલતદારે આ બચાવને ફગાવી દઈને આ સરકારી જમીન પર થયેલા કબ્જાને 'ખેતીવિષયક ગેરકાયદેસર દબાણ' ગણાવ્યું હતું. સરકારી માપણી અને નવા જંત્રી દરના લેખે આ દબાણ હેઠળની જમીનની બજાર કિંમત રૂા. ૪.૨૨ કરોડ આંકવામાં આવી છે. કાયદાના ઉલ્લંઘન બદલ વહીવટી તંત્ર દ્વારા સંબંધિત કંપનીને રૂા. ૪.૨૨ લાખનો આકરો દંડ ફટકારવામાં આવ્યો હતો. વહીવટી તંત્ર અને પોલીસ કાફલાએ ઘટનાસ્થળે પહોંચીને સરકારી જમીન પર ઊભી કરાયેલી દીવાલ અને અન્ય બાંધકામ પર બુલડોઝર ફેરવી દીધું હતું અને સમગ્ર જમીનનો કબ્જો પરત મેળવી તેને દબાણમુક્ત જાહેર કરી હતી. આ ડિમોલિશન કામગીરી દરમિયાન અંજારના મામલતદાર બી.વી. ચાવડા, સર્કલ ઓફિસર સહિતના મહેસૂલી અધિકારીઓ અને સુરક્ષાકર્મીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. આ તંત્રની આ કડક કાર્યવાહીથી ભૂમાફિયાઓ અને સરકારી જમીન પચાવી પાડનારાં તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ■

# ભાવનગરમાં મેડિકલ કોલેજના ચકચારી ઓર્થોપેડિક વિભાગમાં રેગિંગ કેસમાં છ રેસિડન્ટ ડોક્ટર પોલીસમાં હાજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરની મેડિકલ કોલેજના ઓર્થોપેડિક વિભાગમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૧૩ જુનિયર રેસિડેન્ટ તબીબો ઉપર અમાનુષી અત્યાચાર ગુજારી સાડા ત્રણ માસ સુધી રેગિંગ કરનારા ૭ પૈકી ૬ રેસિડેન્ટ તબીબો મોડીરાત્રે નીલમબાગ પોલીસ સમક્ષ નાટકીય ઢબે હાજર થઈ ગયા હતા. જે બાદ પોલીસે તમામ આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

પોલીસ સમક્ષ હાજર થનારા રેસિડેન્ટ ડોક્ટરોમાં ડો. વીર ઉર્ફે વીરેન્દ્રસિંહ જાડેજા, ડો. પ્રવીણ વર્મા, ડો. ધર્મેન્દ્ર દયાળ, ડો. વિશાલ ડાભી, ડો. અમન વર્મા અને ડો. દિવ્ય મોદીનો સમાવેશ થાય છે. જ્યારે આ કેસમાં સંડોવાયેલા અન્ય એક તબીબ ડો. જયંત દેવાણી હજુ ફરાર હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ પૂર્વે રેગિંગ કરનારા આ તબીબો એન્ટિ રેગિંગ કમિટી સમક્ષ પણ હાજર થયા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ■

# સંસ્થા સમાચાર

## જૈન શાસ્ત્રના પાઠોનું શ્રવણ કરવાથી મોહનું ઝેર ઉતરી શકે છેઃ ધીરગુરુદેવ

આજના કાળમાં મનની શાંતિ અને સમાધિ માટે શાસ્ત્ર વાંચન અથવા શાસ્ત્ર શ્રવણ અતિ અતિ જરૂરી છે, જેમ ગારૂડીના મંત્રોચ્ચારથી સર્પનું ઝેર ઉતરી જાય તેમ કાંઈ ખબર ન પડે તો પણ માત્ર શ્રવણથી મોહનું ઝેર ઉતરી જાય છે.

પૂ. શ્રી ધીરગુરુદેવના ચાતુર્માસ પ્રવેશોત્સવ મધ્યે ૧૬ સતીના પ્રતીક સ્વરૂપ ૧૬ મહાસતીજીએ સમૂહમાં દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયન - 'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં'ના પાંચ શ્લોકનું સમૂહગાન કરતાં દિવ્યતા પ્રસરી હતી.

દશવૈકાલિક સૂત્ર ભાગ-૧ ઈંગ્લિશ સહિત પાંચ ભાષામાં પ્રકાશિત થતાં સહુ ભાવવિભોર બન્યા હતા. પુસ્તક તા. ૫/૭થી વિલેપાર્લે, ઘાટકોપર (હિંગવાલા) ઉપાશ્રયેથી અલ્પમૂલ્યમાં મળી શકશે. રાજકોટમાં વૈશાલીનગર, અમદાવાદમાં સસ્તું પુસ્તક ભંડાર ખાતેથી મળશે.

પહેલા પાનાનું ચાલુ

## ભારત-અમેરિકા

આ વર્ષની શરૂઆતથી આના પર વાતચીત કરી રહ્યા છે.

ભારત અને અમેરિકાએ અહીં બે દિવસીય પ્રધાન સ્તરની બેઠક દરમિયાન પ્રસ્તાવિત દ્વિપક્ષી વેપાર કરાર (બીટીએ)ના મુખ્ય મુદ્દાઓની સમીક્ષા કરી હતી, જેમાં બજાર ઍક્સેસમાં વધારો, ડિજિટલ વેપાર અને બિન-ટૅરિફ અવરોધોમાં ઘટાડો સામેલ છે, એમ બુધવારે એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું. ગઇકાલે બે દિવસની બેઠકનો અંત આવ્યો હતો.

વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, વ્યાપક બીટીએ તરફ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન તરીકે વચગાળાના કરારને પૂર્ણ કરવાના માર્ગો પર ચર્ચાઓ કેન્દ્રિત હતી.

તેમાં ઉમેર્યું હતું કે બંને પક્ષે એક એવા કરાર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી જે સંતુલિત, વ્યાપારી રીતે અર્થપૂર્ણ હોય અને બંને દેશમાં વ્યવસાયો, ખેડૂતો, કામદારો અને ગ્રાહકો માટે મૂર્ત લાભો પહોંચાડે.

બંને નેતાએ મુખ્ય બીટીએ તત્વોની વ્યાપક સમીક્ષા કરી હતી, જેમાં બજાર ઍક્સેસમાં વધારો, ડિજિટલ વેપાર, સપ્લાય ચેઇન સ્થિતિસ્થાપકતા, બિન-ટૅરિફ અવરોધોમાં ઘટાડો અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વિસ્તૃત સહયોગનો સમાવેશ થાય છે, એમ તેમાં જણાવાયું હતું.

બંને મંત્રીએ તાજેતરના મહિનાઓમાં વાટાઘાટો કરતી ટીમો દ્વારા નોંધપાત્ર પ્રગતિની પણ નોંધ લીધી હતી.

બંને પક્ષે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ચાલુ વાટાઘાટો આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવશે અને ભારત-અમેરિકાની વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે, એમ તેમાં જણાવાયું છે.

# હોરમસજી કામાને હસ્તે ભરત મરચન્ટ રચિત પુસ્તક 'આરોહણ'નું લોકાર્પણ

મુંબઈઃ ભરત મરચન્ટ રચિત પુસ્તક 'આરોહણ'નું લોકાર્પણ 'મુંબઈ સમાચાર'ના મેનેજિંગ ડિરેક્ટર હોરમસજી કામાના શુભહસ્તે એક સુંદર કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સના બાબુભાઈ ચિનોય કમિટીરૂમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બિઝનેસ ઈન્ડિયા મેગેઝિનના માલિક અશોક અડવાણી વિશેષ અતિથિ તરીકે પધાર્યા હતાં. હોરમસજી કામાએ આ પુસ્તકના લેખક ભરત મર્ચન્ટને પુસ્તક માટે અભિનંદન આપી શુભેચ્છાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સારું પુસ્તક હોય તેને વાંચકો મળી જ રહે છે. આ સુંદર પુસ્તકમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને ભારતની લોકશાહી વિશેની વાતો રજૂ કરતી ત્રણ લઘુનવલકથાઓ અને એક નવલકથાઓ સમાવેશ કરવામાં આવ્યો છે. કાર્યક્રમનું સંચાલન કરતા આ પુસ્તકના પ્રકાશક એન. એમ. ઠક્કરની કંપનીના હેમંત ઠક્કરે જણાવ્યું હતું કે 'મુંબઈ સમાચાર' એ એશિયાનું સૌથી જૂનું અખબાર છે. આ વરસે પહેલી જુલાઈના દિવસે ૨૦૫માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રસાર માટે 'મુંબઈ સમાચાર' દ્વારા કરવામાં આવેલી 'રોમે રોમ ગુજરાતી અભિયાન', પુસ્તકમેળાઓ અને 'માતૃભાષા ભાગવત સપ્તાહ' જેવી યોજનાઓનું આયોજન કરવા માટે તેમણે હોરમસજી કામા અને તંત્રી નીલેશ દવેને અભિનંદન આપ્યા હતાં. નવલકથા અને વાર્તાઓના રસિયાઓને આ પુસ્તક જરૂર ગમશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અતિથિ વિશેષ અશોક અડવાણીએ ભરત મર્ચન્ટની નિષ્ઠાની પ્રશંસા કરી અભિનંદન અને શુભેચ્છાઓ આપી હતી અને એવી આશા વ્યક્ત કરી હતી કે આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ પણ ટૂંક સમયમાં પ્રકાશિત થશે. ભરત મરચન્ટે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે અનેક વરસોની મહેનત બાદ આ પુસ્તક લખાયું છે. તેમણે આ પુસ્તકની સર્જન યાત્રાની રસપ્રદ વાતો રજૂ કરી હતી. આ પ્રસંગે ડેલોઈટ્સના ભૂતપૂર્વ સૂત્રધાર નરેન્દ્ર શારદા અને ઉપસ્થિત પત્રકાર મિત્રોએ ભરત મર્ચન્ટને અભિનંદન આપી શુભેચ્છાઓ આપી હતી.

## આફતનો વરસાદ

સાંતાક્રુઝમાં જૂનમાં અંદાજે ૫૩૭ મિમી વરસાદ પડે છે, પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં આશરે ૪૨ ટકા એટલે કે ૨૨૫ મિમી વરસાદ પડી ગયો હતો.

મેયર રીતુ તાવડેએ કિંગસર્કલની ગાંધી માર્કેટ ખાતે ભરાયેલા પાણીનો નિકાલ કરવાની કામગીરીનું જાતે નિરીક્ષણ કર્યું હતું. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)નો એક સુપરવાઇઝર આ વિસ્તારમાં પાણીના ખુલ્લા મેનહૉલ (ગટર)માં પડી ગયો હતો, પરંતુ તેને તાત્કાલિક ઉગારી લેવાયો હતો. આ વિસ્તારમાં બહુ જ પાણી ભરાયાં હતાં અને ટ્રાફિક કલાકો સુધી ખોરવાયો હતો.

હવામાન વિભાગે મુંબઈમાં ઝડપી પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી સાથે 'ઑરેન્જ અલર્ટ' જાહેર કર્યું હતું.

કૉંગ્રેસના સાંસદ વર્ષા ગાયકવાડે કિંગસર્કલની ઘટનાનો વીડિયો 'એક્સ' પર શૅર કર્યો હતો અને મેયરની ટીકા કરતા જણાવ્યું હતું કે તમારી નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારને લીધે આ માણસ ખુલ્લા મેનહૉલમાં પડી ગયો હતો. તમારો ભ્રષ્ટાચાર 'રંગે હાથ' પકડાઇ ગયો છે.

મ્યુનિસિપલ કમિશનર અશ્વિની ભીડેએ લોકોને હવામાન વિભાગની સલાહને અનુસરવા અને તાકીદની પરિસ્થિતિમાં મ્યુનિસિપાલિટીના નિયંત્રણ કક્ષનો સંપર્ક કરવા વિનંતિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે મહાનગરમાં ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહીને લીધે દરેક સંબંધિત વિભાગોને સતર્ક રહીને પરિસ્થિતિ પર સતત નજર રાખવાની સૂચના અપાઇ છે.

મેયર તાવડે અને ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે શહેરના વિવિધ વિસ્તારની મુલાકાત લઇને ભારે વરસાદને લીધે સર્જાયેલી પરિસ્થિતિનું જાતે નિરીક્ષણ કર્યું હતું અને જનતાની સમસ્યા દૂર કરવા જરૂરી સૂચના આપી હતી.

હવામાન વિભાગે આગામી ૨૪ કલાક મુંબઈ અને તેની પાસેના થાણે અને પાલઘર જિલ્લામાં ઝડપી પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી હતી. નૈર્ઋત્યનું ચોમાસું મુંબઈમાં સામાન્ય તારીખ (૧૦ જૂન) કરતાં ૧૩ દિવસ મોડું બેઠું હતું, પરંતુ પહેલા વરસાદે જ મુંબઈગરાઓને મુશ્કેલીમાં મૂકી દીધા હતા. મહાનગરમાં બુધવારે ૨૪ કલાકમાં જ કેટલીક જગ્યાએ ૩૦૦ મિમીથી વધુ વરસાદ નોંધાયો હતો. શહેરના અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં અને વાહન તેમ જ ટ્રેન વ્યવહારને માઠી અસર થઇ હતી.

અંધેરીના સબવૅ, હિંદમાતા અને કિંગસર્કલ વિસ્તારમાં બુધવારે સવારે પાણી ભરાયાં હતાં અને તેને કારણે ટ્રાફિક જૅમ થયો હતો.

મધ્ય રેલવેની ઘણી ટ્રેનો મોડી દોડતી હતી. થાણે અને વાશી - પનવેલ વચ્ચેની ટ્રાન્સ હાર્બર લાઇનને માઠી અસર થઇ હતી. અહીં તુર્ભે અને કોપરખૈરણે સ્ટેશનની વચ્ચે બહુ પાણી જમા થવાથી ટ્રેનના પાટા નીચેની જમીન અંદર ધસી ગઇ હતી. મધ્ય રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે થાણે-વાશી સેક્શનની લાઇનને સવારે ૫.૦૬ વાગ્યે અસલામત જાહેર કરાઇ હતી, જ્યારે ડાઉન લાઇનને સવારે ૫.૫૦ વાગ્યે અસુરક્ષિત જાહેર કરાઇ હતી. અપ લાઇન પર સવારે ૭.૨૭ વાગ્યે ટ્રેનો શરૂ કરાઇ હતી, પરંતુ તેની ટ્રેનો કલાક દીઠ ૧૦ કિલોમીટરની ઝડપે જ દોડતી હતી, જ્યારે ડાઉન લાઇનને સવારે ૭.૩૫ વાગ્યે સલામત જાહેર કરાઇ હતી અને તેના પર ટ્રેનો કલાક દીઠ ૩૦ કિલોમીટરની ઝડપે દોડતી હતી. બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની ૨૪થી વધારે બસના માર્ગમાં ફેરફાર કરાયો હતો.

સવારે ૮.૨૮ વાગ્યે મોટી ભરતીમાં મોજાં ૩.૪૧ મીટર ઊંચા ઊછળતા હતા. સામાન્ય રીતે દરિયામાં ભરતી હોય અને શહેરમાં ભારે વરસાદ પડે ત્યારે ઘણી જગ્યાએ પાણી ભરાઇ જાય છે. (એજન્સી)

## હવે આઇએઇએ

શક્ય બનશે. ૨૦૨૫માં ઇઝરાયલે ઇરાન સાથે બાર દિવસનું યુદ્ધ કર્યું ત્યારથી તહેરાને એજન્સીની મુલાકાત રોકી દીધી હતી. ઈસ્લામિક રિપબ્લિક પાસે દસ અણુ બૉમ્બ બનાવી શકાય એટલું સમૃદ્ધ યુરેનિયમ હોવાનું મનાય છે. ઇરાન ભારપૂર્વક જણાવે છે કે તેનો કાર્યક્રમ શાંતિમય છે. ઇરાન એવો દાવો કરે છે કે વિશ્વમાં ઇરાન એક માત્ર દેશ છે જે હથિયાર બનાવવાના કાર્યક્રમ ન હોવા છતાં ૬૦ ટકા સમૃદ્ધ યુરેનિયમ ધરાવે છે.

અમેરિકા અને ઇરાને અણુમથકોના નિરીક્ષણ અંગે વિરોધાભાસી ટિપ્પણી કરી હતી. ગ્રોસીએ આ વિરોધાભાસની નોંધ લીધી હતી. તેમણે કહ્યું હતું કે આ વિરોધાભાસ રાજકીય બોલાચાલી માત્ર છે.

તેમણે કહ્યું હતું કે હું રાજકીય નિવેદનો સમજી શકું છું. આ વાસ્તવિકતાનો ભાગ છે. જોકે મૂળભૂત બાબત એ છે કે બન્ને પ્રમુખોએ સમજૂતીપત્રમાં સહી કરી છે અને સમજૂતીપત્ર સ્પષ્ટ રીતે કહે છે કે અણુ પ્રવૃત્તિની આઈએઈએ નિગરાની કરશે. આ માટે અમારે ઈન્સ્પેકશન કરવું પડશે. એ આવતી કાલે કે એક અઠવાડિયામાં થઈ શકે. સમજૂતીપત્ર પ્રમાણે ઇરાનના યુરેનિયમની સમૃદ્ધતા ઘટાડવામાં આવશે. ઈરાને આ અંગે તત્કાળ કોઈ પ્રતિસાદ આપ્યો નથી. (એજન્સી)

## ટ્રમ્પને ફટકો

પગલાંની અમેરિકાના લોકો આકરી કિંમત ચૂકવી રહ્યા છે. અમેરિકાની ખરાબ ભૂલ ભરેલી વિદેશ નીતિ તરીકે ઇતિહાસના પુસ્તકમાં ઇરાન સાથેના યુદ્ધની નોંધ લેવાશે. ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી એટલે કે રિપબ્લિકન પાર્ટીના ચાર સેનેટર - અલાસ્કાનાં લિસા મર્કોવસ્કી, ઇશાનના રાજ્ય મૅઇનનાં સુસાન કોલિન્સ, કેનટકીના રેન્ડ પોલ અને લુઇસિયાનાના બિલ કલાસિડીએ ગયા વખતની જેમ જ આ વખતે પણ વૉર પાવર્સ રિઝોલ્યુશનની તરફેણમાં મત આપ્યો હતો. (એજન્સી)

## ઍર-ઇન્ડિયાનું

(એટીસી) દ્વારા શરૂઆતમાં વિમાનને ૧૩ ડીએમઇ (ડિસ્ટન્સ મેઝરિંગ ઇન્સ્ટ્રુમેન્ટ) રાખવાની સૂચના આપવામાં આવી હતી. જોકે, તે એએઆર તરફ આગળ વધ્યું, ડાબે વળાંક લીધો અને આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરી, જેના પરિણામે પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાં થોડા સમય માટે પ્રવેશ થયો. વિમાન દાવપેચ દરમિયાન એટીસીની સૂચનાઓનું પાલન કરવામાં અસમર્થ રહ્યું અને ત્યારબાદ સરહદ પાર કરી ગયું હતું.

## નીરવ મોદી

સંબંધિત ચુકાદો આપ્યો હતો. ન્યાયાધીશ સાયમન ટીન્કલરે યુએસની જેલમાંના કાગળિયા ટ્રાન્સફર કરવામાં થયેલા વિલંબ અને લાંબી તેમ જ ગૂંચવણભરી કાનૂની પ્રક્રિયા બાદ બૅન્ક ઑફ ઇન્ડિયાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

ન્યાયાધીશે જણાવ્યું હતું કે મોદીએ પર્સનલ લૉન ગેરન્ટી વ્યાજ સાથે ચૂકવવી પડશે. મોદી ભારતીય કાયદા અનુસાર પણ પર્સનલ ગેરન્ટીની રકમ ભરવાનો ઇનકાર કરી ન શકે. મોદીએ મૂળ રકમ ૪,૧૦૫,૧૮૯.૩૪ ડૉલર સહિતની વ્યાજ સાથેની રકમ (૧.૧૫ કરોડ ડૉલર) ચૂકવવી પડશે.

બૅન્ક ઑફ ઇન્ડિયા વતી અદાલતમાં રજૂઆત મિલન કાપડિયાએ કરી હતી. આ કેસ ૨૦૧૮થી ચાલતો હતો. નીરવ મોદી સામે ભારતમાં ત્રણ મુખ્ય કેસ છે. એક, પંજાબ નેશનલ બૅન્ક સાથેની છેતરપિંડીનો કેસ કે જેની તપાસ સીબીઆઇ કરી રહી છે. બીજો, કાળાં નાણાં ધોળાં કરવાનો કેસ કે જેની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) કરી રહી છે. ત્રીજો કેસ, પુરાવા અને સાક્ષીઓની તપાસમાં દખલગીરી કરવી કે જેની તપાસ સીબીઆઇ કરી રહી છે. (એજન્સી)

## કોલકાતામાં

કરવામાં આવ્યા હતા, જેમાંથી ત્રણની હાલત ગંભીર કહેવાય છે. ગંભીર ઇજાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ન્યુરોલોજીસ્ટ, ઓર્થોપેડિક્સ અને જનરલ મેડિસિન સહિત ડોકટરોની ટીમની રચના કરવામાં આવી છે.

કોલકાતા પોલીસના એક અધિકારીએ કહ્યું કે તારાતલા વિસ્તારમાં બ્રેસ બ્રિજ નજીક ટ્રાન્સપોર્ટ ડેપો રોડ પર સ્થિત વેરહાઉસની છત બપોરના સમયે ધરાશાયી થઈ હતી. ઘટના સમયે કેટલાક લોકો સ્થળ પર કામ કરી રહ્યા હતા. બાંધકામ દરમિયાન લોખંડના બીમ અને કોંક્રિટના મોટા ટુકડા તૂટી પડ્યા હતા, જ્યાં ઘણા કામદારો કામ કરી રહ્યા હતા. સ્થળ પર હાજર પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે તેઓએ કાટમાળ નીચેથી ફસાયેલા પીડિતોને મદદ માટે બૂમો પાડતા સાંભળ્યા હતા.

અધિકારીઓએ કહ્યુ કે સેનાએ એ લોકોનો સંપર્ક કર્યો જેઓ ફસાયેલા હતા. કોંક્રીટના મોટા બ્લોક્સ દૂર કરવાના બાકી હોવાથી બચાવ કામગીરી લાંબા સમય સુધી ચાલુ રહી શકે છે. ફાયર વિભાગના એક અધિકારીના જણાવ્યા અનુસાર, ત્રણ માળના બાંધકામ હેઠળના વેરહાઉસની છત કાસ્ટિંગ કાર્ય દરમિયાન તૂટી પડી હતી. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે વેરહાઉસના બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો.

## ખામનેઇની

ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઇરાન પર કરવામાં આવેલા હુમલામાં આયાતોલ્લાહ અલી ખામનેઈ, તેમની પુત્રી, જમાઈ અને પૌત્રોનું મૃત્યુ થયું હતું.

ઈસ્લામના કાનૂન મુજબ મૃતદેહને ૨૪ કલાકમાં દફનાવવાનો હોય છે, પરંતુ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે દફનવિધિની તારીખ અનેકવાર બદલવાની ફરજ પડી હતી. (એજન્સી)

## લોકલના

હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના બાદ બોરીવલી રેલવે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને રેલવે પોલીસ દ્વારા આરોપીની શોધ ચલાવવામાં આવી હતી. પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા બાદ તેને આધારે આરોપીની શોધ ચલાવી હતી અને ચોવીસ કલાક બાદ આરોપીને પનવેલથી ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. રમેશકુમાર વિરજી મજેઠિયા (ઉં. વ. ૬૭) મૂળ વતન અંજાર, કચ્છ હાલ નિવાસી મઝગાંવ, મુંબઈ ૨૩-૬-૨૬ના રોજ રામશરણ પામ્યા છે. તે સ્વ. શાંતાબેન વિરજીભાઈના પુત્ર. દક્ષાબેનના પતિ. અમિત તથા ભાવિકાના પિતા. સ્વ. ચંદ્રકાંતભાઈ, ચંપાબેન, ધનલક્ષ્મી, સ્વ. હેમલતાબેન, દેવબાળાબેન, હંસાબેનના ભાઈ. સ્વ. સાકરબેન નારાણજી દૈયાના જમાઈ. સ્વ. કાંતિભાઈ, પરેશભાઈ, સ્વ. લક્ષ્મીબેન, પુષ્પાબેન, વિમલાબેન, ગીતાબેન, મીનાબેન, હર્ષાબેન તથા અલ્કાબેનના બનેવી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫.૦૬.૨૬, ગુરુવારે ૫ થી ૬.૩૦. ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફલોર, મુલુંડ. લૌ. વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

ગં. સ્વ. સોહિણી (ઉં. વ. ૬૫) તે સ્વ. આદિત્યના ધર્મપત્ની. ગં. સ્વ. મંજુલા મૂળરાજ મર્ચંટના પુત્રવધૂ. તે ગં. સ્વ. મંજુલા હંસરાજ ઉદેશીના પુત્રી. તે દેવાંશી શમીમ અહમદ તથા નિકીતા તુષાર નાઈકના માતુશ્રી. તે લીના હેમંત મર્ચંટના ભાભી. અલ્પના મુકેશ ઉદેશી તથા રક્ષા અતુલ પાલેજાના બહેન મંગળવાર, ૨૩-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, ૨૫-૬-૨૬ના ૪.૩૦ થી ૬.૩૦. ઠે. સ્વામી નારાયણ હોલ, અજમેરા સ્કૂલની સામે, યોગી નગર, બોરીવલી (વે). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ગં. સ્વ. ઈલાબેન છબીલદાસ ભુવા ૨૩.૬.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શાંતાબેન ધનજીભાઈ લક્ષ્મીચંદ ભુવાના પુત્રવધૂ. સ્વ. જસવંતીબેન વરજીવનદાસ જમનાદાસ મહેતાના પુત્રી. કમલ, ભાવના, બીના, જિજ્ઞાના માતુશ્રી. મનિષા, ચેતન દિનેશકુમાર ડગલી, સેજલ સુશીલકુમાર શેઠ, મનિષ રામચંદ્ર મહેતાના સાસુમા. નમન, ન્યાસા, સોહમ, નેહા, કેવલ, રિધ્ધી મેહુલકુમાર પટેલ, ઈશા નિખીલ માગોના દાદીની પ્રાર્થનાસભા ૨૬-૬-૨૬ના. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટા ઉપાશ્રય), પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વે). શુક્રવાર, ૨૬-૬-૨૬ના ૫ થી ૭.

**કપોળ**

કુંઢડાવાળા, હાલ કાંદિવલી, અમ્રતલાલ ધરમશી ભુતાના પુત્ર ચિ. મનોજ (ઉં.વ. ૬૦) તે મમતાના પતિ. આકાશ, સાગરના પિતાશ્રી. અમી, યાસિકાના સસરા. મહેશભાઈ, હર્ષદભાઈ, પુષાબેન નટવરલાલ ગાંધી, જયશ્રીબેન મનમોહનદાસ સંઘવી, ભાનુબેન હસમુખરાય શેઠ, ગીતાબેન કિશોરકુમાર મેહતાના ભાઈ. પ્રદીપભાઈ, નયનભાઈ, પ્રફુલભાઈ મોહનલાલ ઠક્કરના જમાઈ તા. ૨૨-૬-૨૬, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૫-૬-૨૬, ગુરુવારના રાખેલ છે. ૫થી ૭. લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ). સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**મોઢ બ્રાહ્મણ**

સ્વ. માલતીબેન અશ્વિનભાઇ આચાર્ય (ઉં.વ. ૮૧) સોમવાર, તા. ૨૨-૬-૨૬ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૬-૨૬ શુક્રવારના ૫ થી ૭. સ્થળઃ જૈનમ, શાંતિસાગર હૉલ, ચામુંડા સર્કલ, મંડપેશ્વર રોડ, દિગંબર જૈન મંદિરની સામે, બોરીવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

અ.સૌ. બીના કમલ ઠક્કર (કારિયા) (ઉં.વ. ૫૫) ગામ વરસામેડી હાલ મુલુંડ, તા. ૨૩/૬/૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેન મોરારજી ભવાનજી કારિયાના પુત્રવધૂ. કમલના ધર્મપત્ની. રાજના માતૃશ્રી. સ્વ. શાંતાબેન મથરાદાસ ભવાનજી ઠક્કરની નાની સુપુત્રી. ભાવના દિનેશ જોબનપુત્રા, અરવિંદની નાનીબહેન. જયશ્રીબેનના નણંદ. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૫/૬/૨૬ના ૫.૩૦ થી ૭ ક. પાવાણી હોલ, ૧લા મજલે, શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, આર. આર. ટી. રોડ, મુલુન્ડ વેસ્ટ.

**દશા મેવાડા વણિક**

ભાદરવા નિવાસી હાલ બોરીવલી, ડો. રાધાકૃષ્ણ શાહ (ઉં.વ. ૮૫) તે સ્વ. મણીબેન ચીમનલાલના પુત્ર. સ્વ. ધનલક્ષ્મીબેન ભોગીલાલના જમાઈ. સ્વ. કોકિલાબેનના પતિ. સત્યમ, અવની, ચિરાગના પિતા. ચિરાગ મોદી, અમીના સસરા, ૨૦/૬/૨૬ના ગૌલોકવાસી થયેલ છે. પ્રાર્થનાસભા ૨૬/૬/૨૬ના ૪ થી ૬. ઓમ સુંદર વિચાર સો. શીમ્પોલી રોડ, બેંક ઓફ બરોડા સામે, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ પાલઘર, રાજેશ તુલસીદાસ પોપટ (ઉં.વ. ૬૭) ૨૩/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. સ્વ. રમેશ, નરેન્દ્રભાઈ તથા હરીશના ભાઈ. મેઘના, શીતલના પિતા. હેમાંગ તથા અમોલના સસરા. સ્વ. મંગળાબેન નરસિંહદાસ કક્કડના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫/૬/૨૬ના ૪ થી ૬. લાયન્સ કલબ ઓફ પાલઘર, બીજે માળે, કચેરી રોડ પાલઘર. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાગલપુરના અ.સૌ. જ્યોત્સના મુકેશ મોતા (ઉં.વ. ૫૯) તા. ૨૩-૬-૨૬નાં અવસાન પામેલ છે. પાનબાઇ તેજશીના પુત્રવધૂ. મુકેશના પત્ની. પ્રતિક, અવની, યશના મમ્મી. રતનબેન ખીમજીના સુપુત્રી. અરવિંદ, ભુજપુરના કસ્તુરબેન શાંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુકેશ મોતા, ૧લે માળે, ૧૦૨, દિપાંજલી સોસાયટી, સંપદા હોસ્પિટલની બાજુમાં, ચરઇ, થાણા (વેસ્ટ).

વડાલાના જાદવજી માલશી સતરા (ઉં.વ. ૮૯) તા. ૨૨/૬ના અવસાન પામેલ છે. હીરબાઈ માલશીના પુત્ર. તારામતીના પતિ. સ્વ. અલ્પા, મનીષના પિતા. પ્રેમજી, ભવાનજી, પોપટલાલ, સુરજી, જગશીના ભાઈ. બારોઈ ભાણબાઈ શામજી માણેક કેનિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનીષ સતરા- એ/૧૨૦૧, ગોકુલ વૃંદાવન, શાંતિલાલ મોદી ક્રોસ રોડ નં. ૨, કાંદીવલી (વે).

લુણીના હેમકુંવરબેન મુરજી ટોકરશી ધરોડ (ઉં.વ. ૬૪) તા. ૨૧-૬-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી ઉમરબેન મુરજી ટોકરશી ધરોડના સુપુત્રી. લુણીના મુરીબાઇ ટોકરશીના પૌત્રી. મોખાના ભાણબાઇ ખીંયશી દેવુના દોહીત્રી. સાકરબેન શાંતીલાલ રસીકના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઍડ્રેસઃ તુષાર ધરોડ, બિલ્ડિંગ નં. ૧૨, રૂમ નં. ૭૦૪, એમ બારીયા હાઇટસ, સ્નેહાંજલી શોરૂમ પાસે, મનવેલપાડા, વિરાર (પૂર્વ).

**ઘોઘારી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

તળાજા નિવાસી હાલ બોરીવલી સ્વ. નગીનદાસ રતિલાલ સરવૈયા તથા જ્યોત્સનાબેનના સુપુત્રી ચી. મનીષાબેન (ઉં.વ. ૫૭) તે પરાગભાઈ સરવૈયાના બેન. જશવંતરાય, મહેન્દ્રભાઈ, કનૈયાલાલ, સુરેશભાઈ સરવૈયા, અંજુબેન રાઠોડ, જ્યોતિબેન સરવૈયાના ભત્રીજી. તળાજા નિવાસી સૂર્યકાંતભાઈ ભાયાણીના ભાણેજ. તા. ૨૨/૬/૨૬, સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ જૈન**

વિંછીયા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મણિલાલ ગોરધનદાસ શાહના સુપુત્ર સુબોધ મણિલાલ શાહ (ઉં.વ. ૮૧) તા. ૨૨/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. મુગટલાલ વ્રજલાલ શાહના જમાઈ. મીરા શાહના પતિ. રચિત શાહના પિતાશ્રી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દિગંબર (સોનગઢ) જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. કમળાબેન રમણીકલાલ શેઠના સુપુત્ર કિશોરભાઈના ધર્મપત્ની માલતીબેન (ઉં.વ. ૬૬) ૨૨-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હાર્દિક તથા મયંકના માતુશ્રી. પૂજા તથા ઉર્મિના સાસુ. પિયરપક્ષે ઝરિયા નિવાસી હાલ મુંબઈ, સ્વ. રસિલાબેન કાંતિલાલ ડગલીના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**માંગરોળ દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

માંગરોળ નિવાસી, હાલ બોરીવલી, સ્વ. સુશીલાબેન વિનયચંદ્ર દોશીના સુપુત્ર ચંદ્રવદનભાઈ દોશી (ઉં.વ. ૮૪) તા. ૨૩/૬/૨૬, મંગળવારના સ્વર્ગવાસ પામ્યા છે. તે સરોજબેનના પતિ. જેસલબેન જિતેન્દ્ર દેસાઈ તથા નેહાબેન ભાવેશ કંપાણીના પિતાશ્રી. સ્વ. શાંતિભાઈ ફૂલચંદ શેઠના જમાઈ તેમજ અરુણાબેન, અનીતાબેન અને સ્વ. ભરતભાઈ દોશીના ભાઈ. અરુણાબેનના જેઠ. અનયના કાકા તથા પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

મહેકર નિવાસી હાલ કાંદિવલી, હીરાબેન ગગલાણી (ઉં.વ. ૯૮) તે સ્વ. મગનલાલ કાનજીભાઈ ગગલાણીના પત્ની. વિપિન તથા વિજય ગગલાણી, જયોતિ મનહરલાલ ધંધુસરિયા, ભારતી બિહારીલાલ ગોરસિયા, મીના હર્ષદ કુરાણી, આરતી હિતેશ શાહનાં માતુશ્રી. રશ્મિ, મોનિકાના સાસુ. કેશવલાલ ઝવેરચંદ પારેખના મોટાબેન. યશ, પાયલ, રાજ, દેવાંશી, હિયા, કિયાના દાદીમાં તા. ૨૩-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૬-૨૬ના ૫ થી ૭. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પાંચમે માળે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

હસુમતી અશ્વિન દેસાઈ (ઉં.વ. ૮૫) હાલ મુંબઈ, તા. ૨૨-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. અશ્વિન અમીલાલ દેસાઈના પત્ની. દીપલ તથા નિશાંતના માતુશ્રી. જલેશભાઈ તથા ચેતનાના સાસુ. કલીકટ નિવાસી સ્વ. છબીલદાસ જીવનના સુપુત્રી. વિજયાબેન, રમેશભાઈ તથા પ્રફુલ્લભાઈના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# ધોળો હાથી સાબિત થયેલી મોનોરેલ ફરી શરૂ કરવા મંજૂરી

મુંબઈઃ નવ મહિનાના અંતરાલ પછી ટૂંક સમયમાં મોનોરેલ ટ્રેન સર્વિસ ફરી શરૂ થવાની તૈયારીમાં છે. મહારાષ્ટ્ર સરકારે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ને રેલ ફરી દોડતી કરવા સોમવારે સાંજે મંજૂરી મળી ગઈ છે. જોકે, ફરી શરૂ કરવાની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. ગયા વર્ષે ચોમાસા દરમિયાન જીવ જોખમમાં મૂકનારી અનેક ટેકનિકલ ખામીઓને પગલે ચેમ્બુર અને સંત ગાડગે મહારાજ ચોક (જેકબ સર્કલ) વચ્ચેના ૧૯.૫૪ કિમી લાંબા મોનોરેલ કોરિડોર પરની ટ્રેન સર્વિસ સપ્ટેમ્બર ૨૦૨૫માં બંધ કરવામાં આવી હતી.

આઠમાં પાનાનું ચાલુ

## ટ્રાન્સ હાર્બર

પીક-અવર્સ દરમિયાન પ્રવાસ કરતા પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જેના પરિણામે ટ્રાન્સ હાર્બર લાઈન કોરિડોર પર ૧૫ થી ૨૦ મિનિટનો વિલંબ જોવા મળ્યો હતો.

## માલશેજ ઘાટ

રસ્તાની બાજુમાં પાર્ક કરેલી બે કાર પર એક મોટું ઝાડ તૂટી પડ્યું હતું, જેના કારણે બે વાહનોને નુકસાન થયું હતું.સ્થાનિક ડિઝાસ્ટર સેલ અને ફાયર બ્રિગેડના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. કાટમાળ દૂર કરવાનું કામ ચાલુ કર્યું હતું. ઘટનામાં કોઈને ઈજા થઈ નથી, એમ તડવીએ જણાવ્યું હતું.

## પહેલા વરસાદમાં

માલજીપાડા, સસુનવઘર અને નાલાસોપારા પૂર્વ સહિતના વિવિધ વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો જે બુધવાર સવાર સુધી પુનઃસ્થાપિત થયો નહોતો જેના કારણે ગૃહિણીઓ, શાળાએ જતા બાળકો અને કામ માટે બહાર જતા નાગરિકોને ભારે મુશ્કેલી પડી હતી.

## નિમ્બાળકરે શિવસૈનિકોની

બદલાવ માટે ઓમરાજે નિમ્બાળકર જવાબદાર હતા.'.

તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે 'આ બધી ઘટનાઓને કારણે ઉમરગા તાલુકાના શિવસૈનિકોમાં ભારે રોષ છે. જો ઓમરાજે શિવસૈનિકોનો વિશ્વાસ પાછો મેળવવા માગતા હોય તો તેમણે ઉમરગા આવીને રવિન્દ્ર ગાયકવાડ, જ્ઞાનરાજ ચૌગુલે અને તમામ શિવસૈનિકોની જાહેરમાં માફી માગવી જોઈએ.'

## મયંક લોહારના

સાથે વાત કરતાં એવા સવાલ કર્યા હતા કે ઘટના સમયે પોલીસ ક્યાં હતી? ટ્રેનમાંના બીજા પ્રવાસી ક્યાં હતા? મારો ભાઇ ક્યારેય પણ ટ્રેનના દરવાજા પર ઊભો રહીને પ્રવાસ કરતો નહોતો. તમે અમારી રહેણાક ઇમારતમાં કોઇને પણ પૂછી શકો છો. તે કોઇની સાથે પણ લડતો નહોતો. તે યુવાનો હતો અને તેની સામે આખી જિંદગી હતી. આજે મારો ભાઇ મૃત્યુ પામ્યો, કાલે કોઇ બીજાનો ભાઇનું મૃત્યુ થશે, એમ મયંકની બહેને કહ્યું હતું. જો તેને ફાંસીની સજા નહીં મળે તો આવતી કાલે બીજું કોઇ મૃત્યુ પામશે. હું એ બધા ગુનેગારો માટે કહીં રહી છું જે હથિયાર પોતાની સાથે રાખે છે. આવા હત્યાનો ઉપયોગ ટ્રેનના ફર્સ્ટ ક્લાસ કોચમાં મંગળવારે રાતે થયો અને મેં મારો ભાઇ ગુમાવ્યો, એમ પણ તેણે જણાવ્યું હતું.

## ટ્રેનમાં આ વર્ષે

પાર્લે ખાતેની એન. એમ. કોલેજમાં મેથમેટિક્સ અને સ્ટેટિસ્ટિક્સનો પ્રોફેસર હતો. આલોકકુમારે સાંજના મલાડ પહોંચવા અંધેરી રેલવે સ્ટેશનથી ટ્રેન પકડી હતી. ટ્રેન મલાડ સ્ટેશન પર આવી ત્યારે ઊતરવાને મુદ્દે આરોપી ઓમકાર શિંદે સાથે તેનો વિવાદ થયો હતો. ઘરેણાં પોલિશિંગનો કામ કરનારા શિંદેએ આલોકકુમાર પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દેતાં તેનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ૧૨ કલાકમાં આરોપીને રેલવે પોલીસે ઝડપી પાડ્યો હતો.

## ગુજરાતી અભિનેતા

જેવા અનેક સુપરહિટ અને યાદગાર ગુજરાતી નાટકોમાં તેમણે ભજવેલા પાત્રો આજે પણ પ્રેક્ષકોના માનસપટલ પર જીવંત છે. તેઓ એક સશક્ત અભિનેતા હોવાની સાથે-સાથે નાટ્ય નિર્માણ અને દિગ્દર્શન સાથે પણ જોડાયેલા હતા.

અરવિંદ વેકરિયાના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરતા જ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રી, ટેલિવિઝન જગત અને રંગભૂમિના અનેક દિગ્ગજ કલાકારો, લેખકો અને દિગ્દર્શકોએ સોશ્યલ મીડિયાના માધ્યમથી દુઃખ વ્યક્ત કર્યું છે. 'તારક મહેતા...'ની ટીમ સહિતના કલાકારોએ તન્મય વેકરિયા અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરીને દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે.

અરવિંદ વેકરિયાના વારસાને તેમના દીકરા તન્મય વેકરિયાએ ખૂબ જ સુંદર રીતે આગળ ધપાવ્યો છે. તન્મયે પણ પિતાના માર્ગદર્શન હેઠળ નાટકોથી જ કરિયરની શરૂઆત કરી હતી અને આજે તેઓ 'તારક મહેતા...' શોમાં 'બાઘા બોય' તરીકે દેશ-વિદેશમાં લોકપ્રિય છે. પિતા-પુત્રની આ જોડીએ ગુજરાતી કલા જગતને સમૃદ્ધ બનાવવામાં મોટો ફાળો આપ્યો છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ₹ ૩૭૦ની બિરયાની... પુરુષના મનની ભૂખ




એક પ્લેટ બિરયાનીની કિંમત ₹ ૩૭૦ હોઈ શકે, પરંતુ જો કોઈ પુરુષના મનમાં એ ₹ ૩૭૦ ખર્ચવા બદલ સામે પક્ષે રહેલી કોઈ સ્ત્રીના શરીર કે તેના અસ્તિત્વ પર હક્ક ખરીદી લેવાનો ભ્રમ જન્મે તો સમસ્યા બિરયાનીની નથી, એ સમસ્યા પુરુષના મનની વિકૃતિની છે.

તાજેતરમાં સ્ટૅન્ડઅપ કૉમેડિયન પ્રણિત મોરેના શોમાં બનેલી ઘટના અને તેનાથી ઊભો થયેલો વિવાદ આ જ વરવી વાસ્તવિકતા તરફ ઈશારો કરે છે. આ શો દરમિયાન એક યુવાને પોતાની ડેટનો અનુભવ શૅર કરતાં કંઈક એવો અર્થ વ્યક્ત કર્યો કે તેણે યુવતી માટે ₹૩૭૦ની બિરયાની ખરીદી હતી, તેથી તેને બદલામાં શારીરિક સંબંધની અપેક્ષા હતી. વાત હાસ્યના મંચ પર થઈ હતી, પરંતુ હાસ્ય કરતાં વધુ ભયાનક એ હતું કે હૉલમાં હાજર ઘણા લોકો એ વાત પર તાળીઓ પાડીને ખડખડાટ હસી રહ્યા હતા. ત્યાર બાદ સોશ્યલ મીડિયામાં ભારે વિરોધ થયો, માફીઓ માગવામાં આવી, કાયદાકીય કાર્યવાહી પણ થઈ અને સમગ્ર દેશ '₹ ૩૭૦ની બિરયાની'ના નામે આ વિષય પર ચર્ચા કરવા લાગ્યો.

જોકે આ આખી ઘટનાનો સૌથી ગંભીર અને મહત્ત્વનો પ્રશ્ન એ નથી કે એ યુવાને મંચ પર આવીને શું કહ્યું. ખરો પ્રશ્ન એ છે કે તે યુવાનના મગજમાં આવો ભયાનક અને હીન વિચાર આવ્યો ક્યાંથી?

આપણે ભારતીય સમાજમાં પુરુષોને બાળપણથી જ ઉછેર દરમિયાન એક વિચિત્ર ગણિત શીખવતા આવ્યા છીએ. આપણા વણલખ્યા સામાજિક નિયમો છોકરાઓના મનમાં એવું ઠસાવે છે કે 'તું ખર્ચ કર, પછી તને કંઈક તો વળતર મળશે.' ભેટ આપો, થિયેટરમાં ફિલ્મ બતાવો, મોંઘી રેસ્ટોરન્ટમાં જમવા લઈ જાઓ, કીમતી ગિફ્ટ ખરીદો અને આ બધું કરવાની સાથે જ પુરુષના મનમાં ક્યાંક એક અદૃશ્ય હિસાબનું ખાતું આપોઆપ ખુલ્લુ થઈ જાય છે. જાણે એ કોઈ સહજ સંબંધ નહીં, પણ કોઈ બિઝનેસ ડીલ કે આર્થિક રોકાણ કર્યું હોય! આ વ્યાપારી માનસિકતા માત્ર સ્ત્રીઓની સુરક્ષા અને ગરિમા માટે જ ખતરનાક છે એવું નથી- તે ખુદ પુરુષોના પોતાના માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે પણ એટલી જ વિનાશક સાબિત થાય છે, કારણ કે જ્યારે સંબંધને નફા-નુકસાનના વ્યવહાર બનાવી દેવામાં આવે છે ત્યારે માણસ સાચા અર્થમાં પ્રેમ કરવાની લાગણીઓને અનુભવવાની પવિત્ર ક્ષમતા જ ગુમાવી બેસે છે. તે સતત સામેવાળી વ્યક્તિમાંથી વળતર શોધે છે. તેને એવું લાગવા માંડે છે કે મેં આટલો સમય અને પૈસા આપ્યા છે, હવે સામેની વ્યક્તિએ પણ મને સંતોષવા માટે કંઈક આપવું જ જોઈએ. અને જ્યારે આ અપેક્ષા પૂરી થતી નથી ત્યારે તેમાંથી નિરાશા, ઘોર અપમાનની લાગણી, અહંકારનો પરાજય, ક્રોધ અને ક્યારેક ભયાનક હિંસા જન્મે છે.

પુરુષના આ જ માનસશાસ્ત્રને સમજવા માટે મનોવિજ્ઞાનમાં એક સચોટ શબ્દ છે 'એન્ટાઇટલમેન્ટ' એટલે કે 'મેં આ કર્યું છે, તેથી મને આ મળવું જ જોઈએ, એ મારો જન્મસિદ્ધ અધિકાર છે.' આ નબળી અસલામતી અને એન્ટાઇટલમેન્ટની ભાવના કોઈ આકાશમાંથી નથી ટપકતી, પણ આપણો પરંપરાગત સમાજ જ પુરુષના મનમાં બાળપણથી આ ઝેર ધીમે-ધીમે ભરે છે. ઘરમાં સતત કહેવાય છે કે 'તું છોકરો છે, તારે રડવાનું ન હોય, મોટો થઈને તું કમાઈશ, બહારનો ખર્ચ તારે કરવાનો છ ` એટલે તને નિર્ણય લેવાનો અને શાસન કરવાનો પૂરો અધિકાર છે.'

અધિકારની આ ખોટી, એક તરફી અને અપક્વ સમજણ જ આગળ જતાં પુરુષના મનમાં સ્ત્રીની મુક્ત 'સંમતિ' અને પોતાની 'માલિકી' વચ્ચેની પાતળી રેખાને સાવ ભૂંસી નાખે છે. પુરુષે આ ૨૧મી સદીમાં સભાનતાપૂર્વક આંખો ખોલીને સ્વીકારવું પડશે કે કોઈ સ્ત્રી તમારી સાથે ડેટ પર આવવા તૈયાર થાય, એનો અર્થ એ નથી કે તેણે તમારું કોઈ દેવું લીધું છે. કોઈ સ્ત્રી તમારી સાથે બેસીને હસતા મોઢે ચા પીવે એટલે તેણે પોતાનું સ્વાતંત્ર્ય કે પોતાના નિર્ણયો લેવાની આઝાદી ગુમાવી દીધી નથી. કોઈ સ્ત્રી તમારી આપેલી ભેટ કે આતિથ્યનો સ્વીકાર કરે એટલે તેણે પોતાનું શરીર કે આત્મા તમારી પાસે ગીરવે મૂકી દીધાં નથી. આટલી અત્યંત સરળ માનવીય અને તાર્કિક વાત સમજવા માટે આપણા શિક્ષિત સમાજને આજના આધુનિક યુગમાં પણ આટલો મોટો સંઘર્ષ કરવો પડે છે એ ખરેખર બહુ મોટી સામાજિક કમનસીબી અને દુ:ખદ બાબત છે.

આ ચર્ચાસ્પદ ઘટનામાં બીજી એક એવી વાત પણ છતી થઈ છે જે એટલી જ મહત્ત્વની અને ચિંતાજનક છે. જે યુવાને સ્ટેજ પર આવીને આ વાત કહી તે હકીકતમાં આ સમાજમાં એકલો અટૂલો નહોતો. જ્યારે તેણે આ કથિતૉ 'જોક' કહ્યો ત્યારે હૉલમાં હાજર ભદ્ર સમાજના લોકો ખડખડાટ હસી રહ્યા હતા. એટલું જ નહીં, વિવાદની શરૂઆતમાં સોશ્યલ મીડિયા પર પણ કેટલાય પુરુષોએ કમેન્ટ્સ કરીને એવો બચાવ કર્યો કે 'અરે ભાઈ, આ તો માત્ર એક સામાન્ય જોક હતો, આટલા સિરિયસ કેમ થાઓ છો?' આ માનસિકતા દર્શાવે છે કે સમસ્યા માત્ર એ ચોક્કસ એક વ્યક્તિની અજ્ઞાનતા પૂરતી મર્યાદિત નથી. આ સમસ્યા એ સામૂહિક પુરુષ-મનોવૃત્તિની છે જે સદીઓથી સ્ત્રીને એક સ્વતંત્ર જીવ કે વ્યક્તિ તરીકે સ્વીકારવાને બદલે માત્ર પુરુષના પોતાના અનુભવો, તેની સુખ-સુવિધાઓ અને તેના અહંકારને સંતોષવાનું એક સાધન માત્ર માને છે.

જોકે હવે સમય આવી ગયો છે કે આજના પુરુષોએ અરીસા સામે ઊભા રહીને કેટલીક કડવી સામાજિક હકીકતોનો એક પુરુષ તરીકે જ સ્વીકાર કરવો પડશે. કોઈ સ્ત્રી દ્વારા તમારો પ્રસ્તાવ અસ્વીકાર કરવામાં આવે તો દરેક વખતે એ 'ના' એ તમારું વ્યક્તિગત અપમાન નથી. સ્ત્રી તરફથી મળતી અસંમતિ કે નકાર એ તમારી મરદ તરીકેની નિષ્ફળતા નથી. દરેક ડેટ કંઈ લગ્નના મંડપ સુધી પહોંચવાની ગૅરન્ટી નથી હોતી અને દરેક વખતે રેસ્ટોરન્ટમાં કરેલો આર્થિક ખર્ચ પ્રેમ કે શારીરિક સમર્પણમાં બદલાવાનો નથી. અહીં સૌથી અગત્યની અને પાયાની વાત એ છે કે દુનિયાની દરેક સ્ત્રી માત્ર તમારી અપેક્ષાઓ, તમારી ઇચ્છાઓ કે તમારી શારીરિક ભૂખને સંતોષવા માટે આ પૃથ્વી પર જન્મી નથી. ખરેખર મજબૂત અને સાચો પુરુષ એ નથી જે સત્તા, પૈસા કે બળના જોરે પોતાની ઇચ્છાઓ સામેવાળા પર જબરદસ્તીથી થોપે. સાચો અને શક્તિશાળી પુરુષ એ છે જે સામેની વ્યક્તિની મુક્ત ઇચ્છા અને તેની ગરિમાનો પણ એટલો જ આદર કરે જેટલો આદર તે પોતાની સ્વતંત્રતા અને પોતાની ઇચ્છાઓનો કરે છે.

આ વિવાદબાદ ખુદ કૉમેડિયન પ્રણિત મોરેએ પણ સાર્વજનિક રીતે સ્વીકાર્યું કે લાઈવ શો દરમિયાન દર્શકોના જોરદાર હાસ્ય અને તાળીઓના ગાડરિયા પ્રવાહમાં તે પોતે વહેતો ગયો અને ચૂક કરી બેઠો. તેણે સ્વીકાર્યું કે એક કલાકાર તરીકે તેણે ત્યાં જ સ્ટેજ પર એ યુવાનની વિકૃત ટિપ્પણીને રોકવી જોઈતી હતી અને તેને ટોકવો જોઈતો હતો. આખરે આ આખો પ્રશ્ન કોઈ એક પ્લેટ બિરયાનીનો નથી અને પ્રશ્ન માત્ર એ ₹ ૩૭૦ની નજીવી રકમનો પણ નથી. પ્રશ્ન એ છે કે આટલી ભૌતિક પ્રગતિ કર્યા પછી પણ આપણા આધુનિક સમાજમાં હજુ પણ બહુમતી પુરુષો સ્ત્રી-પુરુષના સંબંધોને માત્ર એક વ્યાપારિક લેવડદેવડ તરીકે કેમ જુએ છે?

આપણે એ વાત હૃદયપૂર્વક સમજવી પડશે કે પ્રેમમાં કિંમત હોઈ શકે, પરંતુ ક્યારેય કોઈ ભાવતાલ નથી હોતો. સંબંધો ગાઢ બનાવવા માટે પરસ્પર આદરનો ખર્ચ હોઈ શકે, પરંતુ તેમાં ક્યારેય અપેક્ષાઓનું કોઈ બિલ ફાડી શકાતું નથી અને સૌથી મોટી વાત કોઈ પણ સ્ત્રીની આંતરિક સંમતિને ક્યારેય કોઈ ચલણ કે પૈસા ફેંકીને ખરીદી શકાતી નથી. શાયદ હવે એ સમય પાકી ગયો છે કે આપણે આપણા દીકરાઓને માત્ર પૈસા કમાવવાનું અને દુનિયા જીતવાનું આંધળું ગણિત શીખવવાનું બંધ કરીએ. તેના બદલે તેમને કોઈના તરફથી મળતા નકાર કે 'અસ્વીકાર'ને પણ એટલી જ સહજતાથી અને ગૌરવપૂર્વક સ્વીકારવાનું સંસ્કારભર્યું શિક્ષણ આપીએ. તેમને માત્ર કરિયરમાં મળતી વ્યવસાયિક સફળતાના પાઠ ન ભણાવીએ, પણ તેમની અંદર અન્ય જીવ પ્રત્યેની સાચી માનવીય સંવેદના પણ જગાડીએ. તેમને માત્ર આત્મવિશ્વાસથી છલકાતા ન બનાવીએ, પણ સાથે-સાથે આત્મનિયંત્રણ અને વિવેકની તાલીમ પણ આપીએ, કારણ કે એક સાચા અને મજબૂત પુરુષની ખરી ઓળખ ક્યારેય તેના ખિસ્સા, તેના બળ કે તેના દ્વારા ડેટ પર કરાતા આર્થિક ખર્ચથી નથી થતી. પુરુષની સાચી ઓળખ તો એનાથી થાય છે કે જ્યારે સામેની વ્યક્તિ તેને સ્પષ્ટ શબ્દોમાં 'ના' કહી દે ત્યારે પણ તે પોતાના અહંકારને વચ્ચે લાવ્યા વિના, સામેવાળી સ્ત્રીના એ નિર્ણયને માન આપીને, કેટલા ગૌરવ અને સ્મિત સાથે સન્માનપૂર્વક પાછળ હટી શકે છે. પુરુષાર્થનો સાચો અર્થ કોઈ સ્ત્રીને કે દુનિયાને જીતવામાં નથી- સાચો પુરુષાર્થ તો પોતાના મનની અંદર ચાલતા વિકાર અને અહંકાર પર વિજય મેળવવામાં છે.



# ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## કપલ સ્વેપિંગ... સમાજની કદરૂપી તસ્વીર

*ડિયર હની,*

અખબારોના અહેવાલો ક્યારેક ઝકઝોરી નાખે છે. એક પરિણીતા મીડિયા પાસે આવે છે અને કહે છે હું જે ઘરમાં પરણી ત્યાં પતિ જ બીજા પતિઓ સાથે મને સબંધ માટે કહેતા હતા અને મેં ના પાડી તો વિખવાદ થયો... ને મેં એ ઘર છોડી દીધું છે.

આ અહેવાલે બે પરણેલી વ્યક્તિનાં જીવનની મજાક બનાવી દીધી અને આ ગંદી રમતનું નામ છે 'કપલ સ્વેપિંગ'. પશ્ચિમી દેશોની વિકૃતિ ગણાતું આ દૂષણ સુરતના હાઈ-પ્રોફાઇલ અને ભણેલા-ગણેલા ગણાતા વર્ગમાં ઑનલાઇન નેટવર્ક દ્વારા પગપેસારો કરી ચૂક્યું છે.

ચર્ચા મુજબ, આ કોઈ સામાન્ય ગુનાહિત ગૅન્ગ નથી, પરંતુ આધુનિકતા અને મોજશોખના નામે (કે બહાને !) અહમ અને વિકૃતિ પોષતા કથિત હાઈ-પ્રોફાઇલ, ભણેલા-ગણેલા લોકોનું એક આખું છૂપું નેટવર્ક છે. ડિજિટલ પ્લૅટફૉર્મ્સ અને કોડવર્ડ્સનો ઉપયોગ કરીને આ પ્રકારની સોદાબાજી અને અનૈતિક શારીરિક સંબંધોનું કૂચક્ર ચલાવવામાં આવે છે. એ વિચાર મારા દિમાગમાંથી હટતો નથી કે કોઈ પતિ કે પત્ની એમને બીજા કોઈ પતિ કે પત્નીના હાથમાં કઈ રીતે સોંપી શકે?

જોકે, કપલ સ્વેપિંગ અથવા જેને કથિત રીતે 'રીવર્સ કપલ'ના નામે ઓળખવામાં આવે છે તે કોઈ નવો આધુનિક વિચાર નથી, પરંતુ તેનો ઇતિહાસ ઘણો જૂનો અને જટિલ છે. તેના મૂળ માનવશાસ્ત્ર મનોવિજ્ઞાન અને પશ્ચિમી દેશોની સાંસ્કૃતિક ક્રાંતિ સાથે જોડાયેલા છે.

આધુનિક સમયમાં આ પ્રથાને પ્રચલિત કરવાનું મુખ્ય કારણ અમેરિકા અને યુરોપમાં ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં આવેલી સેક્સ્યુઅલ રેવલ્યુશન છે. આ સમયગાળા દરમિયાન પશ્ચિમી સમાજમાં લગ્નવ્યવસ્થા, એકપત્નીત્વ/ એક પતિત્વ અને પરંપરાગત કૌટુંબિક મૂલ્યો સામે બળવો થયો. ' ફ્રી લવ' ના નામે હિપ્પી સંસ્કૃતિનો ઉદય થયો, જ્યાં શારીરિક સંબંધોને લગ્ન કે બંધનમુક્ત ગણવાની હિમાયત કરવામાં આવી.

આ ગાળામાં જ અમેરિકાના સૈન્ય બેઝ 'કી પાર્ટી'ની શરૂઆત થઈ હોવાનું મનાય છે. આવી પાર્ટીઓમાં પુરુષો પોતાની ગાડી કે ઘરની ચાવીઓ એક બાઉલમાં નાખી દેતા અને સ્ત્રીઓ અજાણતાં જ કોઈ એક ચાવી ઉપાડતી, જે ચાવી જે પુરુષની હોય તે સ્ત્રી તેની સાથે રાત વિતાવતી. આ જ આધુનિક 'સ્વેપિંગ'નું પ્રારંભિક સ્વરૂપ હતું.

માનવશાસ્ત્રીઓના મતે હજારો વર્ષ પહેલાંની કેટલીક પ્રાચીન અને આદિવાસી જનજાતિઓમાં જીવિત રહેવા અને સામાજિક એકતા માટે 'વાઇફ લૅન્ડિંગ' (પત્ની ઉધાર આપવી) કે પાર્ટનર શૅરિંગની પ્રથાઓ અસ્તિત્વમાં હતી. આર્કટિકના અત્યંત ઠંડા પ્રદેશોમાં રહેતા એસ્કિમોમાં એવી પ્રથા હતી કે જ્યારે કોઈ પુરુષ શિકાર માટે લાંબી મુસાફરીએ જાય ત્યારે તે પોતાના મિત્રને તેની પત્નીની સંભાળ રાખવા અને તેની સાથે રહેવાની મંજૂરી આપતો. આ પાછળ શારીરિક સુખ કરતાં જીવિત રહેવા માટે પરસ્પર સહયોગ મુખ્ય કારણ હતું. રોમન સામ્રાજ્યના કેટલાક કાળખંડોમાં પ્રભાવશાળી પુરુષો પોતાના મિત્રો કે મહેમાનોના સન્માનમાં અથવા વંશ વધારવા (જો કોઈ પુરુષ સંતાન ઉત્પન્ન ન કરી શકે તો) પોતાની પત્નીને અન્ય પુરુષ સાથે સંબંધ બાંધવાની છૂટ આપતા હતા.

જોકે આ તો થઈ ભૂતકાળની વાત. આજના સમયમાં, ખાસ કરીને ભારતના શહેરી અને હાઈ-પ્રોફાઇલ વર્ગમાં જે દૂષણ જોવા મળી રહ્યું છે તેની પાછળ પશ્ચિમનું આંધળું અનુકરણ અને મનોવૈજ્ઞાનિક પરિબળો કામ કરે છે. મનોવિજ્ઞાન અનુસાર, અમુક લોકોમાં પોતાના પાર્ટનરને અન્ય વ્યક્તિ સાથે જોઈને વિકૃત આનંદ મેળવવાની માનસિક બીમારી હોય છે. મૂળભૂત રીતે પશ્ચિમી દેશોમાં વ્યક્તિગત સ્વતંત્રતા અને ભૌતિક સુખવાદની ચરમસીમા તરીકે જન્મેલી આ પ્રવૃત્તિ હકીકતમાં ભારતની પરંપરાગત અને પવિત્ર ગણાતી લગ્નસંસ્થા પર સીધો પ્રહાર કરે છે.

પશ્ચિમમાં પણ આ પ્રથા માત્ર એક ચોક્કસ ઉપ-સંસ્કૃતિ પૂરતી મર્યાદિત રહી છે, જેને ક્યારેય મુખ્ય સામાજિક સ્વીકૃતિ મળી નથી એ રાહતની વાત છે. બીજું કે શરૂઆતમાં જે બાબતને પશ્ચિમીની વિકૃતિ કે અમુક લોકોના અંગત ઐયાશી મોજશોખ તરીકે જોવામાં આવતી હતી તે હવે સુરત જેવા આર્થિક રીતે સમૃદ્ધ શહેરમાં એક વ્યવસ્થિત ધંધો બની ગઈ છે જે સૌથી વધુ ચિંતાજનક વાત છે. આ પ્રવૃત્તિ હવે માત્ર પરસ્પર સહમતિથી થતી અદલાબદલી નથી રહી, પણ એની પાછળ એક આખું વ્યવસાયિક નેટવર્ક કામ કરી રહ્યું છે.

આ પ્રવૃત્તિ માટે ચોક્કસ ક્લબ કલ્ચર ઊભું કરવામાં આવ્યું છે. આવાં ગ્રુપ્સમાં જોડાવા માટે કડક સ્ક્રીનિંગ થાય છે, જેમાં વ્યક્તિની આર્થિક સ્થિતિ અને પ્રોફાઇલ જોવામાં આવે છે. લક્ઝરી હોટેલો, ફાર્મ હાઉસ કે પ્રાઇવેટ વિલામાં વીક-એન્ડ પાર્ટીઓનું આયોજન કરવા માટે લાખો રૂપિયાનું ફંડિંગ એકઠું કરવામાં આવે છે. આ તમામ વ્યવહારો કેશ (રોકડા) અથવા ક્રિપ્ટોકરન્સી જેવાં માધ્યમોથી થાય છે, જેથી કાયદાની પકડમાં ન આવી શકાય.

આ ધંધાનો સૌથી શરમજનક અને ક્રૂર ચહેરો એ છે કે કેટલાંક નશાખોર અને જુગારિયા માનસિકતા ધરાવતા પુરુષો પોતાના ધંધાકીય ફાયદા માટે, દેવું ચૂકવવા માટે અથવા મોટા કૉન્ટ્રૅક્ટ મેળવવા માટે પોતાની પત્નીને મોહરા તરીકે વાપરતા હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે.

લગ્ન જેવા પવિત્ર સંબંધને વેપારનું સાધન બનાવી દેવું એ કોઈ પણ સભ્ય સમાજ માટે લાલબત્તી સમાન છે. કોઈ હિસાબે દિમાગમાં આ વાત બેસતી નથી, પણ આ આજના સમાજની ના ગમે એવી તસવીર છે. આ તસવીર ઝડપથી બદલાય તો સારું નહિ તો પતિ-પત્નીના સબંધો કે લગ્ન પ્રથાનો તો કોઈ મોલ જ નહીં રહે.

**તારો બન્ની**

# સંધ્યા છાયા

feedback@bombaysamachar.com
નીલા સંઘવી

## ખોટું આળ શાનું સહન થાય...?




**વૃદ્ધો** સાથે કેવા કેવા અન્યાય અને અત્યાચાર થતા રહે છે તેનાં અસંખ્ય ઉદાહરણ આપણી સામે આવતા રહે છે. આપણે ઘરને સૌથી સલામત સ્થળ માનતા હોઈએ છીએ, પણ ક્યારેક એ ઘરમાં જ વૃદ્ધો પર, સ્ત્રીઓ પર કે બાળકો પર અત્યાચાર થતા હોય એવું પણ બને છે. પાછલી ઉંમરે જ્યારે શરીર અશક્ત થઈ જાય છે ત્યારે સંતાનો અપમાન કરે, અવગણના કરે એ તો સાવ સામાન્ય બાબત છે, પણ તેમના પર ખોટાં આળ ચઢાવે- એ વાત એવી ચેષ્ટા તો બહુ નીચલી કક્ષાની ગણાય.

ઉમાબહેનના પતિનું અવસાન થયું હતું, એમનાં પુત્ર-પુત્રી અભ્યાસ કરતાં હતાં. પતિની આવક સારી હતી. તેથી પતિના અવસાન પછી બે સંતાનના ઉછેરની, ભણતરની, ખાધા ખોરાકીની બધી જવાબદારી ઉમાબહેન પર આવી ગઇ. શરૂઆતમાં તો ઉમાબહેન ગભરાઈ ગયાં. શું કરવું તે કાંઈ સૂઝતું ન હતું. આવક ક્યાંથી કેવી રીતે ઊભી કરવી તે કાંઈ સમજાતું ન હતું. તે રડ્યા કરતાં હતાં. તે રડે એટલે બંને બાળકો પણ રડે. સગાંસંબંધી આવે તો એ લોકો પણ કહે, 'હવે ઉમા, તમે શું કરશો, બાળકોને મોટા કઈ રીતે કરશો?' કોઈ મદદ કરવાની વાત તો દૂર રહી ઉપરથી ટેન્શન આપતા જાય સગાંસંબંધી! ઘરમાં જે અનાજ વગેરે ભરેલું હતું તે પણ ખલાસ થવા આવ્યું હતું. છેલ્લાં વીસેક હજાર રૂપિયા કબાટની તિજોરીમાં હતા. આ પૈસા ખલાસ થાય તે પહેલાં કાંઈક વિચારવું જરૂરી હતું, પણ દુ:ખમાં ડૂબેલાં ઉમાબહેનને કાંઈ સમજણ પડતી ન હતી.

ઉમાબહેનના પતિનું અવસાન થયું તે સમાચાર તેમની સ્કૂલ ફ્રેન્ડ સુમતિબહેનને કોઈક રીતે મળ્યા. તે ઉમાબહેનનું સરનામું શોધીને તેમના ઘેર પહોંચ્યાં. સ્કૂલની બહેનપણીને જોઈને બન્ને ભેટી પડયાં ને ઉમાબહેનનો ડૂમો ડૂસકામાં પરિવર્તિત થઈ ગયો. પછી તો ઉમાબહેન છૂટા મોંએ રડી પડ્યાં. આજ સુધી તેમને મળવા આવતા લોકો અને આજે આવેલી બહેનપણીમાં બહુ જ ફરક હતો. ઉમાબહેન શાંત થયા પછી વાતવાતમાં સુમતિબહેને ઉમાબહેનની સ્થિતિ અને વ્યથા જાણી લીધી. તેમણે કહ્યું, 'જો ઉમા, એમ રડીને બેસી રહેવાથી કાંઇ નહીં વળે. તારે બે છોકરાંને મોટા કરવાના છે. કોઈ આપવા આવવાનું નથી. જે કરવાનું છે એ તારે જ કરવાનું છે. તું જ તારાં બાળકોની મા પણ છે અને બાપ પણ છે. બંનેને તારી પાંખમાં લઈ લે. રડવાનુ બંધ કર અને કામે લાગ.'

'પણ સુમિ, હું શું કરું? બંને બાળકને મૂકીને કામ કરવા પણ ક્યાં જાઉં?'

'એ બધી વ્યવસ્થા હું કરું છું. અહીં આવીને તારી સ્થિતિ જોયા પછી તરત મારા મનમાં મેં વિચારી લીધું હતું કે તારે શું કરવાનું છે.'

'તો સુમિ, મને કહે મારે શું કરવાનું? કઈ રીતે હું આવી પડેલી મુસીબતને પહોંચી વળીશ?'

'જો ઉમિ, મારા પતિનો લેડીઝ ડ્રેસનો ધંધો છે. સાથે સાડી, ગાઉન અને ડ્રેસ મટીરિયલ પણ જથ્થાબંધ વેચે છે. હું તેમને કહીને આ બધી આઇટમ્સ અપાવીશ. બીજાને આપે તેના કરતાં ઓછા ભાવે તને અપાવીશ. તારે એમાં તારો પ્રૉફિટ ઉમેરીને વેચાણ કરવાનું. ઘરે બેસીને જ આ કામ થઈ જશે. આજે તો સોશ્યલ મીડિયાનો જમાનો છે, કામ ચાલશે, તારા ખર્ચા નીકળી જશે.'

-અને સાચે જ સુમતિબહેનની મદદથી ઉમાબહેન કમાવા માંડ્યાં, બાળકોને ભણાવ્યાં. દીકરાનાં તો લગ્ન પણ કર્યાં. દીકરી આર્કિટેક્ચરનાં છેલ્લા વર્ષમાં હતી.

ઉમાબહેને ખૂબ મહેનત કરી અને એક નાનકડી દુકાન લીધી તેમાં તે ખુદ બેસતાં. દુકાન સારી આવક રળી આપતી હતી.

હવેથી ઉમાબહેન બપોરના ત્રણ વાગ્યા પછી દુકાને જતાં હતાં. ત્યાં સુધી એક વિશ્વાસુ માણસ દુકાનનું કામ જોતો હતો. દીકરીને આર્કિટેક્ચરનું છેલ્લું વર્ષ હતું. તેથી તે પણ કૉલેજ અને અભ્યાસમાં વ્યસ્ત રહેતી હતી. દીકરાની વહુને આ બંને આંખના કણાંની જેમ ખૂંચતાં હતાં. પોતાનો પતિ માતા અને બહેનને ચાહે એ તેને જરાય ગમતું ન હતું તેથી જેવો તે ઑફિસે જાય કે બડબડાટ ચાલુ કરે. ઉમાબહેનને મેણાંટોણાં મારે, નણંદને કટકટ કરે. ઉમાબહેન કહે,

'વહુ, તને શું તકલીફ છે. ઘરમાં રાજ છે.'

'મને તો તમે અને તમારી દીકરીની જ તકલીફ છે. આખો દિવસ મારા પતિની આસપાસ ફર્યા કરો છો. અમને તો પ્રાઇવસી મળતી જ નથી. તમારા દીકારને મા અને બહેન સિવાય કોઈ દેખાતું જ નથી. તમે તમારા દીકરાને મારી વિરુદ્ધ ચઢાવો છો, મારી સાથે વધુ બોલવા દેતાં નથી.'

'વહુ, આવાં ખોટાં આળ ચઢાવતી નહીં. મારાં દીકરાનું દાંપત્યજીવન ખુશીથી મઘમઘતું રહે એવી જ ઇચ્છા હંમેશાં રહે છે. મને મારો દીકરો અને દીકરી જેટલાં વહાલાં છે તેટલી જ તું પણ વહાલી છે. તને કેમ બધું ઊલટું દેખાય છે મને સમજ નથી પડતી.'

'તમે દંભી છો, ખોટું બોલો છો, ઉપરથી કાંઈક અને અંદરથી કાંઈક છો. બહુ લુચ્ચા છો. અને તમારી દીકરીને જુઓ. કૉલેજમાં જઈને શું ગુલ ખીલાવતી હશે કોને ખબર?'

'વહુ, મને જે કહેવું હોય તે કહે પણ મારી દીકરી માટે કાંઈ બોલતી નહીં. જેમ આવે તેમ અમારા બંને પર આક્ષેપ કર્યા કરે છે.' ઉમાબહેન કહે પણ વહુ કાંઈ એમ ચૂપ રહે તેમ ન હતી. ઉમાબહેનને બહુ માનસિક ઉકળાટ થતો, પણ ઘરની શાંતિ જળવાઈ રહે તેથી તે પોતાના દીકરાને કાંઈ વાત કરતાં નહીં. મનમાં ને મનમાં મૂંઝાયા કરતાં હતાં. ઘણા વખતથી વહુ ઉમાબહેન અને તેની દીકરીને મેણાંટોણાં મારીને પરેશાન કરે છે. પોતાનો કંઈ વાંક ન હોવા છતાં વહુનો ત્રાસ સહન કરતાં ઉમાબહેન વિચારે છે,

'કરવું તો શું કરવું?' તેમનાથી ખોટા આક્ષેપ સહન થતા નથી છતાં તે ચૂપ રહે છે.

તમે શું કહો- સૂચવોઃ ઉમાબહેને શું કરવું જોઈએ?■

મુંબઈ સમાચાર
YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/1JzjYoCGm8A
આજે જ સબસ્ક્રાઈબ કરો અને જોડાયેલા રહો!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

## કથા કોલાજ


કાજલ ઓઝા-વૈદ્ય
feedback@
bombaysamachar.com

# સમાજ-પરિવાર સામે વિદ્રોહ કરવા કરેલાં લગ્ન અમારા માટે બોજરૂપ હતાં...

(ભાગ: ૭)

નામ: અરુંધતિ રૉય
સમય: ૨૦૨૬
સ્થળ: દિલ્હી
ઉંમર: ૬૪ વર્ષ

મૅરી રૉયની હોસ્ટેલ ચાલવા લાગી. પહેલાં એનું નામ કોર્પસ ક્રિસ્ટી હતું. પછીથી એનું નામ પલ્લીકુદુમ કરવામાં આવ્યું. મૅરી રૉયની ભણાવવાની પદ્ધતિ અને અનુસાશનની ખ્યાતિ બધે પહોંચી ગઈ હતી. બાળકો વધવા લાગ્યા અને મોટી જગ્યાની જરૂર પડી. હવે બાજુનું મકાન પણ ભાડે રાખવામાં આવ્યું. રૂમમાં બંકર બેડ બનાવવામાં આવ્યા. ભોજન માટે એક ત્રીજું, નાનું મકાન ભાડે રાખવામાં આવ્યું. જ્યાં માત્ર રસોડું ચાલતું-અનાજ સ્ટોર કરવામાં આવતું. ભોજન ત્યાંથી બનીને બંને હોસ્ટેલ પર પહોંચતું. વિદ્યાર્થીઓના જમવાના નિશ્ચિત સમય હતા. એની આગળ કે પાછળના સમયે ભોજન મળતું નહીં. રૂમમાં કોઈ પણ પ્રકારના નાસ્તા કે ઘરેથી લાવેલું ખાવાનું રાખવાની છૂટ નહોતી. મૅરી રૉય સખત સ્વભાવ ધરાવતી, અનુસાશનપ્રિય અને આખાબોલી સ્ત્રી હતી. એ જ્યારે ગુસ્સે થતી ત્યારે એને ખબર ન પડતી કે એ શું બોલી રહી છે. મારો અને મૅરી રૉયનો સંબંધ સમય સાથે બગડતો ચાલ્યો. હું સામે બોલતી, ગુસ્સો કરતી, એની વાત ન માનીને મને એક અજબ જેવા સુખનો અનુભવ થતો. એના અનુસાશનમાં મને હિટલરશાહીની ઝલક દેખાતી. મારો ભાઈ એનું બધું કહ્યું માનતો, તેમ છતાં એને માર પડતો. હું મૅરીને કહેતી, તારી જિંદગીમાં તારા પતિ કે તારા ભાઈએ કરેલા ગુનાનો બદલો તું તારાં સંતાન પર લે છે... મેરી વધુ ચિડાતી. એ વારે વારે કહેતી હું તને ઘરમાંથી કાઢી મૂકીશ. એક દિવસ મેં જ નક્કી કરી લીધું, દિલ્હીની સ્કૂલ ઑફ પ્લાનિંગ ઍન્ડ આર્કિટેક્ચરમાં ઍડ્મિશન લઈ લીધું. મૅરીએ ગુસ્સામાં મને પૈસા આપવાની ના પાડી. એનું માનવું હતું કે મારે એની પરમિશન લઈને ઍપ્લાય કરવું જોઈતું હતું. મૅરીને દુઃખ થાય એ વાતમાં મને મજા પડતી હતી... આજે વિચારું છું તો સમજાય છે કે મારી અંદર રહેલી એક વિદ્રોહી છોકરીના ગુસ્સા સિવાય એ બીજું કંઈ નહોતું. ત્રણ વર્ષની ઉંમરથી શરૂ કરીને સત્તર વર્ષની ઉંમર સુધી હું માનતી હતી કે મારી મા આપખુદ છે, ધાર્યું કરે છે, બીજાની પરવાહ કરતી નથી, પરંતુ હવે સમજાય છે કે એ જીદ નહોતી, આત્મસન્માન હતું. આવા પૈતૃક સમાજમાં એક સ્ત્રી જો પોતાના અધિકાર માટે અવાજ ન ઉઠાવે તો એનું કોઈ મૂલ્ય રહેતું નથી. સાથે જ, સ્ત્રીએ ઉઠાવેલો અવાજ એટલો મોટો હોવો જોઈએ કે પુરુષોના ટોળાની આરપાર નીકળી જાય! ત્યારે મને આ વાત સમજાતી નહોતી. આજે હું મૅરી રૉયની લાગણી અને એના સમયમાં એ કેટલી મજબૂત સ્ત્રી હતી એ સમજી શકું છું.



અરુંધતિ રૉય

દિલ્હી પહોંચ્યા પછીનો સમય કંઈ બહુ સારો નહોતો. કેરાલાનાં વિશાળ મેદાનોને બદલે નાની-નાની ગલીઓ, ટ્રાફિક, ગરમી અને સૌથી મહત્ત્વનો પ્રશ્ન, મારી એકલતા અને લઘુતાગ્રંથિ. સ્કૂલ ઑફ પ્લાનિંગ અને આર્કિટેક્ચરના સ્ટુડન્ટ્સ સાથે મારી દોસ્ત ન થઈ શકી. હું એકલવાયી અને અધૂરી ભટક્યા કરતી હતી. મૅરી રૉય પાસેથી પૈસા લેતી નહોતી, એટલે ઝૂંપડપટ્ટીમાં અને અસ્થાયી નિવાસમાં રહીને દિવસો વિતાવ્યા. ક્યારેક કોઈ મિત્રને ત્યાં આઠ-દસ દિવસ રહેવા જતી રહેતી તો ક્યારેક દિવસોના દિવસો સુધી દિલ્હીની ધર્મશાળામાં એક બૅગ અને એક થેલો લઈને ભટક્યા કરતી.

સ્કૂલ ઑફ પ્લાનિંગ ઍન્ડ આર્કિટેક્ચર એક અરાજકતાથી ભરપૂર જગ્યા હતી. મૅરી રૉયની હોસ્ટેલથી વિરુદ્ધ અહીં કોઈ નિયમો નહોતા. સ્ટુડન્ટ્સ મોડી રાત્રે પણ કૉલેજમાં કામ કરતા. ક્લાસ સિવાયના સમયે ગમે ત્યારે આવી અને જઈ શકાતું. કેટલાય સ્ટુડન્ટ્સ એકબીજાના અફેરમાં હતા, જે 'રિલેશનશિપ' હતી પ્રેમ નહીં! કેરળની બંધ, જગડાળુ, પારીવારિક દુનિયામાંથી નીકળીને હું બૌદ્ધિક ચર્ચાઓ, રાજનીતિક બહેસ, કલા-સાહિત્ય, ફ્રી સેક્સ અને હિપ્પી જેવી જિંદગીના એક એવા વિશ્વમાં પહોંચી ગઈ જ્યાં રહેવા માટે હું મારી જાતને ફિટ નહોતી સમજતી. આ માત્ર ભણવાની જગ્યા નહોતી, પરંતુ એક પ્રકારનો બૌદ્ધિક અડ્ડો હતો. કલા, રાજનીતિ, થિયેટર, સિનેમા, વિદ્રોહ, ગરીબી અને આઝાદી સહિત અહીં એ બધું હતું જે મેં કેરળમાં જોયું પણ નહોતું... અહીં કોઈ મારા જેવું નહોતું!

એ દરમિયાન મને એક મારા જેવો જ બીજો છોકરો દેખાયો. એ ગોવાથી આવ્યો હતો. એ પણ અહીંના વાતાવરણમાં ગોઠવાઈ શકતો નહોતો. હિપ્પી જેવાં કપડાં પહેરીને એ ફર્યા કરતો. અમારી ઓળખાણ કે દોસ્તી બહુ ફિલ્મી નહોતી. અમે એકબીજાને મળ્યા, વાતો કરવા લાગ્યા, અમને સમજાયું કે અમારી વચ્ચે બહુ બધું એક જેવું હતું. પારિવારિક વાતાવરણ, એકલતા, વિદ્રોહ જેવી કેટલીયે બાબતોમાં અમે એકમત હતા. અમારા બંને પાસે કોઈ સ્થાયી સંબંધ કે પાછા ફરવાની કોઈ જગ્યા નહોતી... અમે ધીમે ધીમે નજીક આવ્યા. એકવાર હું જેરાર્ડને કેરળ લઈ ગઈ. મૅરી, મામા આઈઝેક અને અમારા ગામના કેટલાય લોકોએ જેરાર્ડને કોઈ ઝૂમાંથી ભાગી આવેલા પ્રાણીની જેમ જોયો.

મારી માએ મને કહ્યું, આની સાથે લાંબું નહીં ચાલે... મેં એ જ વખતે નક્કી કરી લીધું કે હું જેરાર્ડ સાથે લગ્ન કરીશ. અમે બંને ભણતાં હતાં. બેમાંથી કોઈ પાસે પરિવાર ચલાવવાના કે એક સારી જિંદગી જીવી શકવાના કોઈ ચાન્સ નહોતા. દિલ્હી પાછા ફરીને અમે લગ્ન કરી લીધાં. અમે બંને એટલાં નાનાં હતાં કે જિંદગીની સમજ આવે એ પહેલાં તો અમે પતિ-પત્ની હતાં! હું એને લગ્ન કહું કે નહીં, એવો પણ હવે તો વિચાર આવે છે. પૈસાની તકલીફ, નાના ઓરડાનાં ઘરો, બરસાતી કે મિત્રોના ઘરે રહીને અમે થાકવા લાગ્યાં. ત્યાં સુધીમાં શિક્ષણ પણ પૂરું થયું. અમે બંને ખૂબ સારા માર્કે પાસ થયાં પછી અમે ગોવા જવાનો નિર્ણય કર્યો. ત્યાં જેરાર્ડ પાસે નાનું પારિવારિક ઘર હતું. અમે ત્યાં સંસાર શરૂ કર્યો એમ કહું તો ચાલે, પણ ખૂબ ઝડપથી અમને બંનેને સમજાઈ ગયું કે સમાજ સામે, પરિવાર સામે વિદ્રોહ કરવા માટે કરેલાં આ લગ્ન અમારા બંને માટે બોજ હતાં. અમે નાની નાની વાત પર ઝઘડતાં. જેરાર્ડ પ્રમાણમાં શાંત હતો, પરંતુ મારામાં મૅરી રૉયનો ડીએનએ હતો. હું ક્યારેક એટલી બધી ગુસ્સે થતી કે જેરાર્ડને ઘરમાંથી બહાર કાઢીને બારણાં બંધ કરી દેતી. એ આખી રાત ઓટલા પર પડ્યો રહેતો તો ક્યારેક હું એને કહ્યા વગર ઘરમાંથી ચાલી જતી. મને શોધવા માટે એ મિત્રોને ત્યાં, બાર્સ અને રેસ્ટોરન્ટ્સમાં ભટકતો. અમે પૈસા કમાવા માટે ઘરમાં જ એક બેકરી શરૂ કરી. જેરાર્ડ બહુ સારો બેકર હતો. અમે બ્રેડ અને કેક બનાવીને વેચતાં, પરંતુ આ લગ્ન કોઈ રીતે ટકી શકે એમ નહોતાં એવું અમને બંનેને સમજાઈ ગયું હતું. રાહ જોવાતી હતી કે પહેલાં કોણ આ લગ્ન તોડવાની વાત કરે છે!

મારામાં ધીરજ ઓછી છે, બલ્કે છે જ નહીં એમ કહું તો ચાલે. એટલે એક દિવસ મેં જ જેરાર્ડને કહી દીધું, મારે ચાલી જવું છે.

જેરૉર્ડે જરાક પણ અચકાયા કે ગુસ્સે થયા વગર મને કહ્યું, ભલે.

હું ગોવા છોડીને નીકળી ગઈ. કેરાલા નહોતું જવું એવું નક્કી હતું. ક્યાં જઈશ એની મને નહોતી ખબર. તેમ છતાં હવે જેરાર્ડ સાથે નહીં રહેવાય એ પણ સ્પષ્ટ થઈ ચૂક્યું હતું.

**નોંધ:** જેરાર્ડ દા કુન્હાનું વ્યક્તિત્વ અરુંધતિ રૉય કરતાં ઘણું અલગ હતું. શાંત, કલાત્મક, બોહેમિયન સ્વભાવ ધરાવતા અને ગોવાની સંસ્કૃતિ સાથે ખૂબ ઊંડાણથી જોડાયેલા તેઓ, એવા આર્કિટેક્ટ્સમાંથી એક છે જેમને ફક્ત આધુનિક ચમકદાર ઇમારતોમાં જ રસ નથી, બલ્કે જૂનાં ઘરો, સાંકડા રસ્તાઓ, ટાઇલ્સ, ઓટલાઓ, વરસાદ માણી શકાય એવી ગૅલેરીઓ અને લોકોની સ્મૃતિઓ સાથે જોડાયેલાં જૂનાં ઘરોને એમણે સાચવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે ગોવામાં અનેક મહત્ત્વપૂર્ણ આર્કિટેક્ચરલ પ્રોજેક્ટ્સ કર્યા. તેમના કામનું મુખ્ય કેન્દ્ર અથવા વિચાર એ હતો કે ઘર સ્થાનિક હવામાન, લૉકલ માટી અને લોકલ સંસ્કૃતિને અનુરૂપ બનવું જોઈએ. ગોવાનો પવન, ભારે વરસાદ અને ગોવન સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને એમણે અનેક ઘરો ડિઝાઇન કર્યાં. તેઓ ગોવાન હાઉસના આત્માને જાળવી રાખવા વિશે સજાગ હતા. તેમણે લેખન પણ કર્યું. તેમનાં પુસ્તકો અને ડિઝાઇન્સ ગોવાની વારસાગત સંસ્કૃતિ અને સ્થાપત્ય પર આધારિત છે. તેઓ માત્ર આર્કિટેક્ટ નહીં, પરંતુ કૈંક અંશે સંસ્કૃતિ અને પર્યાવરણના સંરક્ષક તરીકે પણ કામ કરતા રહ્યા છે.

પછીથી એમણે નિશા ડિકોસ્ટા સાથે લગ્ન કર્યાં. એ એક એજ્યુકેશનિસ્ટ હતી, જેમણે એક નવા જ પ્રકારની પ્લેસ્કૂલ ઊભી કરી. જેની ડિઝાઇન જેરૉર્ડે બનાવી હતી.

(સાભાર: મધર મેરી કમ્સ ટુ મી: અરુંધતિ રૉય) (ક્રમશઃ)■

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback@
bombaysamachar.com

# માગ સામે પુરવઠો ક્યાં છે? નથી તો ઊભો કરી દઈએને!




'માગ સામે જોઈતા પ્રમાણમાં પુરવઠો નથી અને એમાં તમે હજાર પ્રશ્નો કર્યા એટલે બની બનાવી બાજી બગડી ગઈ.'

'હા... હા, તું તો હંમેશાં મારો જ વાંક કાઢે છે, પણ આ જમાનો કેવો છે એ તને ક્યાં ખબર છે? કોઈ ગમે તેવી (એટલે કે તારા જેવી) ખરાબ સ્વભાવની છોકરી વહુ બનીને આવી ગઈ (તો મારી જેમ) તો મારા લાલુની હો જિંદગી બગડી જાય એ વાત નક્કી.'

'તે આ લાલુની હો જિંદગી બગડી જાય'નો શો અર્થ? બીજા કોની જિંદગી બગડી ગઈ છે એ પણ બતાવો તો જરા હુંય તમને ધોળે દહાડે તારા બતાવું. એક તો માગ સામે પુરવઠાની અછત છે. તેમાં છોકરીનો બાપ કે છોકરી કોઈ પ્રશ્ન પૂછે એ પહેલાં જ કોઈ પણ વ્યક્તિને ચીડ ચડે એવા પ્રશ્ન પૂછે તો કોણ તમારા ઘરમાં પોતાની દીકરી આપવાનું? એમ પણ આજકાલ દીકરીઓનો જમાનો છે. ભણેલી-ગણેલી, સુઘડ, બોલવેચાલવે વ્યવસ્થિત અને સ્માર્ટ દીકરીઓને હવે એકલા જીવતાં આવડી ગયું છે. હવે કંઈ 'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય' એવો જમાનો નથી રહ્યો. હવે તો દીકરી જાતે જ પોતાની કારકિર્દી અને સ્માર્ટનેસથી પોતાની પસંદગીના વરને હાંકીને લઈ જાય છે. સાચું કહું તો એણે હાંકવાની કે લલચાવવાની પણ ક્યાં જરૂર છે? આ તો અમે કમનસીબ એટલે 'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય' એવા જમાનામાં અમારા બાપાએ આંધળુકિયા કરેલા. બાકી તો અમને પણ સામેથી...'

'હા, હા, વાક્ય પૂરું કરી જ દે. અને હજી પણ કંઈ મોડું નથી થયું. સમજી?'

ત્યાં રામજીભાઈનો ગગો લાલુ આર્દ્ર સ્વરે બોલ્યો, 'ચાલીસનો થવા આવ્યો. છતાં મારો પ્રશ્ન જ્યાંનો ત્યાં ઊભો છે, ત્યાં તમે નવું મહાભારત નહીં ઊભું કરતા. એક કામ કરો. હવે કોઈ વાત આવે ત્યારે તમે બંને ચૂપ જ રહેજો. હું જ બધી વાત કરી લઈશ. મને બાજી પલટતાં અને સામાવાળાને ઇમ્પ્રેસ કરતાં આવડે છે.'

ત્યાં જ માનાનીખાધેલ દાદી બોલી, 'ઇમ્પ્રેસ કરતાં આવડે છે અને પુરવઠો ઓછો છે એ પણ જાણે છે તો પછી ચાલીસનો થયો ત્યાં સુધી બેસી શું કામ રહ્યો? ભણ્યો છે, પણ ગણ્યો નથી. હવે બધા સાંભળી લ્યો. તમે બધાએ વીસ-પચ્ચીસ છોકરીઓ જોઈ, પણ બધેથી ના આવી. હવે બધી ચાલ આ દાદી ચાલશે અને એમાં વચમાં કોઈ આવશે નહીં. લાલુ, એક ટૉપ હોટલમાં ટેબલ બુક કરાવ. એ હોટલમાં મેં નક્કી કરેલ છોકરી સાથે વાતચીત થશે. થોડી સ્માર્ટનેસ રાખીને વાત કરજે. દરેક વાતમાં માત્ર હા જ કહેવી. તારે કોઈ પ્રશ્ન કરવા નહીં. તારે માત્ર હા જી હા કરવી.'

હોટલ હોલી-ડે ઇનમાં લાલુએ સૂટ-બૂટ સાથે એન્ટ્રી લીધી અને દરેક વાતે 'યસ, વ્હાય નૉટ... યસ, યુ આર રાઇટ...' 'યસ, યસ...' કહીને પાંત્રીસ વર્ષની રૈનાને મોહિત કરી. અંતે રૈનાએ કહ્યું, 'યુ આર ટુ હમ્બલ એન્ડ વેરી કાઇન્ડ. તારી દાદીએ કહ્યું હતું બરાબર એવો જ નમ્ર અને (ગાય જેવો) બધી રીતે અનુકૂળ થાય તેવો તું મને બરાબર સમજે એવો છે. એટલે મારી તો હા છે. યૉર દાદી ઇઝ વેરી સ્માર્ટ એન્ડ ઇન્ટેલિજન્ટ.' રૈનાએ હાથ લંબાવી પૂછ્યું, 'તને હું પસંદ હોઉં તો હું દાદીને સૌથી પહેલાં ગુડ ન્યૂઝ આપી દઉં.'

ચાલીસમે વર્ષે પચ્ચીસ-ત્રીસ છોકરીઓની નકાર પછી હકાર સાંભળવા મળે અને તે પણ સામેથી હાથ લંબાવીને! લાલુ બોલે તો પણ શું બોલે? દાદીએ કહ્યા મુજબ એણે 'યસ' જરા ખોંખારીને ઝડપથી કહી જ દીધું, જેથી વહેલી વાગે શરણાઈ!

આ તરફ રૈનાએ દાદીને ફોન કરીને આવતા મહિનાની પહેલી તારીખ, સ્થળ હોલી-ડે ઇન પણ નક્કી કરીને કહી દીધું.

ભાઈને કોઈ આપે નહીં અને બહેનને કોઈ લઈ જાય નહીં એવું જોડું જોડવામાં દાદી નિષ્ણાત જો હતાં! અહીં 'ઘરડા ગાડા પાછા વાળે' એ કહેવત પણ સાચી ઠરી. માગ સામે પુરવઠો પણ મળી જ જાય. બસ, લાકડે માંકડું જોડતાં આવડે તો... બાકી બધું આ જમાનામાં અઘરું તો પડે જ!

લાલુને શંકા તો ગઈ કે દાદીએ આ ચોકઠું રાતોરાત તો ગોઠવ્યું જ ન હોય. એટલે ખાનગીમાં દાદીને પૂછી જ લીધું, 'દાદી, ઘરમાં બેઠાં બેઠાં ફોન ઉપર જ તેં મારું કલ્યાણ કઈ રીતે કર્યું?'

અને દાદીને વરસો પહેલાં ગુમાવેલ રઘલો યાદ આવ્યો. કાશ! ત્યારે મેં પણ રઘલાને 'યસ' કહ્યું હોત તો ગામના મુખીનો રઘલો ઉર્ફે આજના ઉદ્યોગપતિ રઘુવીરના ઘરની દાદી હોત, પણ કહેવત છેને કે 'હાર્યો જુગારી બમણું રમે.' એ મુજબ દાદીએ વરસો પહેલાં કપાયેલા સંબંધોના તારને ફરી ઝંકૃત કરી દીધા.

સુકાયેલ મૂળને ફરી લીલું કરી શકાય છે એમ વિચારી દાદી મનમાં હસી અને બોલી, 'લાલુ, તારે ખાવા સાથે મતલબ છે ને! તારે ટપટપ વિશે વિચારવાની જરૂર નથી. ઘરડા ગાડાવાળે અને ઘરડા આવા લાલિયા અને લીલીઓને સાત ફેરા ફેરવી પણ શકે. હમણાં સુધરેલા જમાનામાં તો કંઈ પણ બની શકે.'

ટીવી જોઈ જોઈને બોલ્ડ બની ગયેલ એક દાદીએ વાંકડો માગનાર વેવાઈને ત્રાડ પાડીને કહી દીધું કે 'ભલે મારી પૌત્રી કુંવારી રહે, પણ તમારા જેવા નકામા માણસોના ઘરે તો મારી લાડલીદીકરીને નહીં જ મોકલું.' અંતે લીલાં તોરણે જાન પાછી વળેલી.

-અને એટલે જ લીવ ઇનમાં રહેતાં થઈ ગયેલા જુવાનિયા તેમજ ઘરડાઓ સુધ્ધાં વારે વારે લીવ ઇન, લીવ ઇનટુ, થ્રી, ફોરના મંગળ ફેરા ફરતાં ફરે છે, પણ એમાં આપણે શું? ખરુંને? કે પછી... ■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી અંતાણી
feedback@
bombaysamachar.com

# મિત્રતાનો મતલબ માલિકીપણું નહીં...

સોળ વર્ષની મૈત્રીને પોતાની નવી સ્કૂલ ખૂબ ગમતી. નવા મિત્રો, નવી પ્રવૃત્તિઓ અને નવાં સપનાંઓથી ભરેલું એ જીવન દરરોજ એને કંઈક નવું શીખવતું. ભણવામાં તો એ તેજસ્વી હતી જ, સાથોસાથ સ્કૂલ મૅગેઝિન માટે આર્ટિકલ્સ પણ લખતી. એના માટે દુનિયા માત્ર અભ્યાસ કે પરીક્ષા પૂરતી મર્યાદિત નહોતી. એને ફોટોગ્રાફી શીખવી હતી, બ્લૉગર બનવું હતું, દુનિયાભરમાં સોલો ટ્રિપ્સ પર જવું હતું. અનેક સપનાંનો બોજ એણે પોતાના નાનકડા અસ્તિત્વ પર એવો તો લાદી દીધેલો કે એને બહુ લોકો સાથે મિત્રતા રાખવામાં સમયની બરબાદી લાગતી.

એની સૌથી નજીક અને એક માત્ર મિત્ર હતી નેહા.

બન્ને લગભગ દરેક જગ્યાએ સાથે જ દેખાતાં. કેન્ટિન, લૅબ, ક્લાસ, ગ્રાઉન્ડ, પ્રોજેક્ટ્સ, એક્ઝામ, સ્કૂલ બસ... કોઈ જગ્યા એવી નહીં કે મૈત્રી અને નેહા સાથે ના હોય. શરૂઆતમાં બન્નેને એકબીજાની મિત્રતા ખૂબ ગમતી. મૈત્રીને લાગતું કે નેહા જેવી મિત્ર એને અગાઉ ક્યારેય મળી નહોતી, પરંતુ એણે ક્યારેય એ વિચાર ના કર્યો કે નેહાને પણ અન્ય કોઈ મિત્ર શા માટે નહોતા?

ધીમે-ધીમે મૈત્રીનું ધ્યાન ખેંચાયુ કે મિત્રતામાં નેહાનો માલિકીભાવ સતત વધી રહ્યો છે. એક દિવસ મૈત્રી લાઇબ્રેરીમાં ક્લાસના બીજા વિદ્યાર્થીઓ સાથે પ્રોજેક્ટ પર ચર્ચા કરી રહી હતી એ જોઈ બીજા દિવસે નેહાએ પૂછ્યું, 'કાલે તું મારા વગર એમની સાથે શું વાતો કરતી હતી?' મૈત્રી હસી પડી : 'અરે, પ્રોજેક્ટની ચર્ચા હતી, બસ.'

નેહા ચૂપ થઈ ગઈ, પણ પછી આવા પ્રશ્નો વધવા લાગ્યા.

'તું રિદ્ધિ સાથે આટલી બધી વાતો કેમ કરે છે? મારો મેસેજ જોઈને જવાબ આપતા દસ મિનિટ કેમ લાગી? ઑનલાઇન હતી તો પણ તેં મને મેસેજ કેમ ના કર્યો?'

શરૂઆતમાં મૈત્રીને લાગ્યું કે આ બધું મિત્રતામાં લેવાતી કાળજી છે. કોઈ આપણું ધ્યાન રાખે એ કોને ન ગમે? પણ નેહાનું આધિપત્ય જોર પકડવા લાગ્યું ત્યારે મૈત્રીને થોડી ગૂંગળામણ વધી.

એક દિવસે સ્કૂલમાં ફોટોગ્રાફી ક્લબ શરૂ થઈ. મૈત્રી ખૂબ ઉત્સાહિત હતી. એણે તુરંત જ પોતાનું નામ નોંધાવ્યું. નેહાને ખબર પડી તો એ નારાજ થઈ ગઈ.

'તું મને પૂછ્યા વગર જોડાઈ ગઈ?'

'એમાં પૂછવાનું શું?'મૈત્રીએ આશ્ચર્યથી પૂછ્યું.

'હવે તારો બધો સમય ત્યાં જશે. પછી મારી જરૂર જ નહીં રહે.'

આ વાતથી મૈત્રી પ્રથમ વખત ચોંકી ગઈ. એવું તો એણે ક્યારેય વિચાર્યું પણ નહોતું કે પોતાના સમય પર નેહા આ રીતે તરાપ મારશે. એ સમય બરબાદીથી બચવા જ તો પોતે ફ્રેન્ડ્સ, ગ્રુપ્સ કે પછી એવા કોઈ સોસાયટી સર્કલથી દૂર રહેતી હતી. એ રાત્રે મૈત્રી લાંબા સમય સુધી વિચારોમાં ખોવાયેલી રહી. શું દરેક મિત્રતામાં આટલી અપેક્ષાઓ હોવી જોઈએ?



દિવસો જતાં પરિસ્થિતિ વધુ ને વધુ વણસવા લાગી. જો મૈત્રી કોઈ બીજી છોકરી સાથે હસીને વાતો કરે તો નેહા આખો દિવસ એની સાથે બોલતી નહીં. જો એ કોઈ મેસેજનો જવાબ મોડો આપે તો નેહા દુઃખી-દુઃખી થઈ જાય. ધીમે-ધીમે મૈત્રી પોતાનું વર્તન બદલવા લાગી. એને થયું કે પોતાનામાં થોડો સુધારો લાવે તો નેહાને ઓછુ દુઃખ થશે.

એ અન્ય ક્લાસમેટ્સ સાથે ઓછું હળતી-મળતી. ફોટોગ્રાફી ક્લબમાં જવાનું પણ એણે માંડી વાળ્યું. નેહાના મેસેજનો તુરંત જવાબ આપવા લાગી. એને લાગતું કે આમ કરવાથી બધું ઠીક થઈ જશે, પણ થયું તદ્દન વિપરીત. જેટલી એ પોતાની જાતને બદલતી ગઈ એટલી જ નેહાની અપેક્ષાઓ વધતી ગઈ.

એક દિવસ ફોટોગ્રાફી ક્લબ દ્વારા શહેરની બહાર વર્કશૉપનું આયોજન થયું. મૈત્રી ઘણા દિવસોથી આ ઇવેન્ટની રાહ જોઈ રહેલી.

જ્યારે એણે નેહાને કહ્યું, ત્યારે નેહાની આંખોમાં ગુસ્સો દેખાયો.

'જો તું જઈશ તો પછી હું તારી સાથે ક્યારેય વાત નહી કરું.'

મૈત્રી સ્તબ્ધ થઈ ગઈ. થોડી ક્ષણો સુધી એનું મન સુન્ન થઈ ગયું. પહેલી વાર એને સમજાયું કે આ મિત્રતાથી એને ખુશી નથી મળી રહી. એ સતત ડરમાં જીવાડે છે. દરેક નિર્ણય લેતાં પહેલાં એને વિચારવું પડે છે કે નેહાને ગમશે કે નહીં.

એ રાત્રે મૈત્રીએ પોતાનું બ્લૉગ અકાઉન્ટ ખોલ્યું. એમાં થોડા મહિના પહેલાં લખેલું એક વાક્ય એને દેખાયું, 'હું એવી વ્યક્તિ બનવા માગું છું જે પોતાનાં સપનાંઓ પાછળ દોટ લગાવતાં કદી થાકે નહીં.'

મૈત્રી લાંબા સમય સુધી એ વાક્ય નિહાળતી રહી. પછી જાતને પ્રશ્ન કર્યો, 'છેલ્લા થોડા સમયથી હું મારાં સપનાંઓ પાછળ દોડી રહી છું, કે કોઈની મંજૂરી પાછળ?'

બીજા દિવસે એણે નેહા સાથે શાંતિથી વાત કરી :

'જો, તું મારી ખૂબ સારી મિત્ર છે,' મૈત્રીએ કહ્યું, 'પણ હું મારા બીજા મિત્રો સાથે પણ વાત કરીશ. મારા શોખ પણ જાળવીશ. અને મારી દરેક ક્ષણનો હિસાબ તને આપી શકું એમ નથી.'

નેહાની આંખોમાં આંસુ આવી ગયાં. 'તો એનો મતલબ કે તને મારી પરવા નથી.'

મૈત્રીએ ધીમેથી કહ્યું, 'છે, પણ પરવા અને માલિકી વચ્ચે ફરક હોય છે.'

નેહા કંઈ બોલી નહીં. એ દિવસ પછી બંને વચ્ચે થોડું અંતર આવ્યું. શરૂઆતમાં મૈત્રીને દુઃખ થયું. ઘણી વાર એને લાગ્યું કે કદાચ પોતે ખોટું કર્યું, પરંતુ થોડા સમય પછી એણે ફરી ફોટોગ્રાફી ક્લબમાં જવાનું શરૂ કર્યું. નવા મિત્રો બનાવ્યા. સ્પર્ધાઓમાં ભાગ લીધો. પોતાના બ્લૉગ્સ લખ્યા, પૉડકાસ્ટ બનાવ્યા, અવનવી જગ્યાઓએ ટ્રિપ પર જવાની તૈયારીઓ શરૂ કરી. અને સૌથી મહત્ત્વની વાત એ હતી કે એણે ફરી પોતાની જાતને શોધી કાઢી હોય એમ અંદરથી સખ્ત સકારાત્મક એનર્જી અનુભવવા લાગી. એને સમજાયું કે સાચા સંબંધ આપણને ઊડવાની હિંમત આપે છે, પાંખો કાપી નાખતા નથી.

કોઈ પણ સંબંધ એ પછી મિત્રતા હોય કે પ્રેમ. ત્યારે જ સુંદર લાગે જ્યારે તેમાં વિશ્વાસ હોય અને પ્રગતિ ત્યારે જ શક્ય છે જ્યારે કોઈ વ્યક્તિ આપણા જીવનનો મહત્ત્વનો ભાગ બને, આખું જીવન નહીં. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback@bombaysamachar.com

# ઑફિસથી પાર્ટી સુધીઃ એક જ આઉટફિટને અલગ રીતે સ્ટાઈલ કરવાની સ્માર્ટ ટ્રિક્સ

આજની વ્યસ્ત જીવનશૈલીમાં મોટાભાગના લોકો પાસે ઑફિસ પછી સીધા કોઈ પાર્ટી, ફૅમિલી ગેધરિંગ અથવા મિત્રોની મુલાકાત માટે જવાનો સમય હોય છે. આવા સમયે ઘરે જઈને આખો ડ્રેસ બદલવાનો સમય કે તક ઘણીવાર મળતી નથી, પરંતુ થોડા સ્માર્ટ ફૅશન હેક્સ અપનાવીને તમે એક જ આઉટફિટને ઑફિસ માટે પ્રોફેશનલ અને પાર્ટી માટે સ્ટાઇલિશ બનાવી શકો છો.

ફૅશન માત્ર મોંઘાં કપડાં પહેરવાનું નામ નથી, પરંતુ જે કપડાં તમારી પાસે હોય તેને અલગ રીતે પ્રસ્તુત કરવાની કળા પણ છે. યોગ્ય એક્સેસરીઝ, મેકઅપ અને સ્ટાઇલિંગ દ્વારા તમે તમારા દિવસના લુકને સાંજના ગ્લૅમરસ લુકમાં સરળતાથી બદલી શકો છો.



### બેઝિક અને ક્લાસિક આઉટફિટ પસંદ કરો

જો તમને ઑફિસ પછી ક્યાંક જવાનું હોય તો સવારે જ એવો આઉટફિટ પસંદ કરો જે બંને પ્રસંગ માટે યોગ્ય હોય. જેમ કે સૉલિડ કલરનો ડ્રેસ, મિડી ડ્રેસ, ફૉર્મલ ટ્રાઉઝર સાથેની સ્ટાઇલિશ ટૉપ અથવા મોનોક્રોમ કો-ઑર્ડ સેટ. આવા આઉટફિટ્સમાં થોડા ફેરફાર કરીને તમે સરળતાથી પાર્ટી લુક મેળવી શકો છો.

### એક્સેસરીઝથી લૂકમાં લાવો મોટો ફેરફાર

એક્સેસરીઝ કોઈ પણ લુકનું સૌથી મહત્ત્વનું તત્ત્વ છે. ઑફિસ દરમિયાન નાના સ્ટડ ઇયરિંગ્સ, સિમ્પલ ઘડિયાળ અને મિનિમલ જ્વેલરી પહેરો. સાંજે પાર્ટી માટે જતા સમયે સ્ટેટમેન્ટ ઇયરિંગ્સ, લેયર્ડ નેકલેસ અથવા ટ્રેન્ડી બ્રેસલેટ ઉમેરો. માત્ર આ નાનકડો ફેરફાર પણ તમારા લુકને સંપૂર્ણપણે બદલી શકે છે.

**બ્લેઝર હટાવો, ગ્લૅમર ઉમેરો**

ઘણી મહિલાઓ ઑફિસમાં બ્લેઝર અથવા ફૉર્મલ જૅકેટ પહેરે છે. ઑફિસ પછી પાર્ટીમાં જતી વખતે બ્લેઝર ઉતારીને અંદરના ટૉપને હાઇલાઇટ કરો. જો શક્ય હોય તો સાથે એક સ્ટાઇલિશ શ્રગ અથવા ફૅશન જૅકેટ રાખો. તે તમારા લુકને વધુ ટ્રેન્ડી બનાવશે.





### ફૂટવેરનો જાદુ

ફૂટવેર આખા લુકને બદલવાની શક્તિ ધરાવે છે. ઑફિસમાં આરામદાયક બેલીઝ, લોફર્સ અથવા બ્લૉક હીલ્સ પહેરી શકાય. પાર્ટી માટે જતા સમયે સ્ટાઇલિશ હીલ્સ, વેજીસ અથવા ફૅશન સૅન્ડલ્સ પહેરવાથી તરત જ ગ્લૅમરસ લુક મળી શકે છે.

### મેકઅપમાં કરો નાનો ટચ-અપ

ઑફિસ માટે સામાન્ય રીતે લાઇટ મેકઅપ યોગ્ય ગણાય છે, પરંતુ સાંજે પાર્ટી માટે થોડો ટચ-અપ પૂરતો છે. થોડું કૉમ્પેક્ટ, હાઇલાઇટર, કાજલ અને બોલ્ડ લિપસ્ટિક તમારા ચહેરાને તાજગીભર્યો અને આકર્ષક લુક આપી શકે છે. આખો મેકઅપ ફરીથી કરવાની જરૂર નથી.

### હેરસ્ટાઇલ પણ છે મહત્ત્વપૂર્ણ

વાળની સ્ટાઇલમાં થોડો ફેરફાર પણ તમારા લુકને સંપૂર્ણ રીતે બદલી શકે છે. ઑફિસમાં બાંધેલા વાળ અથવા પોનીટેલ રાખી હોય તો સાંજે તેને ખુલ્લા રાખો અથવા સૉફ્ટ કર્લ્સ આપો. હેર એક્સેસરીઝનો ઉપયોગ કરીને પણ સ્ટાઇલિશ લુક મેળવી શકાય છે.

### હૅન્ડબૅગ બદલો

મોટી ઑફિસ બૅગની જગ્યાએ સાંજે નાની ક્લચ અથવા સ્લિંગ બૅગનો ઉપયોગ કરો. આ નાનો ફેરફાર પણ તમારા સમગ્ર દેખાવમાં મોટો ફરક પાડી શકે છે. આજકાલ અનેક મહિલાઓ પોતાની કાર અથવા ઑફિસમાં એક પાર્ટી બૅગ અલગથી રાખે છે.

### રંગોનું ધ્યાન રાખો

કાળા, નેવી બ્લૂ, બેજ, મેરૂન અને વાઇન જેવા રંગો એવા છે જે ઑફિસ અને પાર્ટી બંને માટે યોગ્ય ગણાય છે. આવા રંગોનાં આઉટફિટ્સ પસંદ કરવાથી દિવસથી રાત સુધીનો ટ્રાન્ઝિશન વધુ સરળ બની જાય છે.

### સ્માર્ટ ફૅશન એટલે સ્માર્ટ પ્લાનિંગ

ફૅશનની દુનિયામાં હવે ડે-ટુ-નાઇટ ડ્રેસિંગનો ટ્રેન્ડ ઝડપથી વધી રહ્યો છે. લોકો હવે ઓછાં કપડાંમાં વધુ સ્ટાઇલિંગ વિકલ્પો શોધી રહ્યા છે. આ માત્ર સમય બચાવે છે એટલું જ નહીં, પરંતુ ખર્ચમાં પણ ઘટાડો કરે છે.


અંતે, સ્ટાઇલિશ દેખાવા માટે હંમેશાં નવો ડ્રેસ ખરીદવાની જરૂર નથી.

તમારી પાસે રહેલાં કપડાંને યોગ્ય રીતે સ્ટાઇલ કરવાની સમજ હોય તો તમે એક જ આઉટફિટમાં ઑફિસમાં પ્રોફેશનલ અને પાર્ટીમાં ગ્લૅમરસ દેખાઈ શકો છો. ફૅશનનું સાચું રહસ્ય કપડાંમાં નહીં પરંતુ તેને કેવી રીતે કૅરી કરવામાં આવે છે તેમાં છુપાયેલું છે. ■

ફોક્સ
ઝુબૈદા વલિયાણી
feedback@bombaysamachar.com

# હોશિયાર મારવાડણ...

## સૌએ મારવાડણની હોશિયારીના ખૂબ વખાણ કર્યા ને તેની ચતુરાઈને બિરબલ સાથે સરખાવી



ગામડામાં સાપ-વીંછી તો નીકળતા જ રહે.

- એક દિવસ એક મારવાડણ મોરીમાં નાહતી હતી
- ત્યાં એણે વીંછી જોયો.
- દીવાનું કોડિયું બાજુમાં હતું તે એના પર મૂકી દીધું.
- નાહી-ધોઇ બહાર આવીને વીંછીને ભૂલી ગઇ!
- દિવસભર કામકાજમાં સમય ક્યાં નીકળી ગયો અને ક્યાં રાત પડી એ જ એને ખબર ન પડી.
- એ જ રાત્રે, થયું એવું કે ચોર એના ઘરમાં પેઠા.
- મારવાડી-મારવાડણને ખબર પડી, પણ બૂમ-બરાડા પાડે તો ચોર ખંજર કે ચાકુ હુલાવી દે.
- બન્ને વિચારમાં પડી ગયા.
- મારવાડીએ પત્ની મારવાડણને ઇશારત કરી કે બન્ને ઝટ ઘરમાંથી ભાગી જઇએ.
- પણ ફરી એ જ ડર લાગ્યો.
- ચોર ઘા કરે તો ?

એવામાં મારવાડણને યાદ આવી કોડિયાવાળા સવારની વાત

- એણે ચૂપચાપ મારવાડીને સમજાવી દીધો ને પછી મોટેથી બોલી.
- અરેરે, હું તો મારી કિંમતી હીરાઓની વીંટી-બુટી નાહવા ગઇ ત્યાં જ મોરી પાસે છોડી આવી, લાવ લઇ આવું.
- પછી જરામાં રીકાઇને ફરી બોલી.
- આમ પણ રાત્રે વળી કોણ આવવાનું છે અને આવે તો ય શું, ચોરને કયા ખબર પડશે કે કોડિયાની નીચે હીરાનો મોંઘો દાગીનો છે. કાલે સવારે લઇ આવીશ.
- મારવાડી પણ ... વિચારમાં પડી ગયો. આ વળી શું કહે છે?
- એને તો ખબર ન હતી કે કોડિયાની નીચે વીંછી છે, પણ એટલું તો સમજી ગયો કે કાંઇક વિચારીને મારવાડણ આમ બોલે છે.
- ચોર બધી વાત સાંભળતો હતો.
- એણે વિચાર્યું કે, 'લાવને બહારથી જ દાગીના લઇને હું ભાગી જાઉં, શાને માટે ઝંઝટ માથે વહોરી લેવી.
- ત્યાં પહોંચીને ચૂપચાપ અંધારામાં કોડિયું શોધવા લાગ્યો અને જેવું ફંફોસતા ફંફોસતા કોડિયાને હાથ લંબાવ્યો ને કોડિયું ઊંચકી લીધુ ને વીંટી-બુટ્ટી લેવા હાથ જેવો લંબાવ્યો કે વીંછીએ જોરથી ડંખ માર્યો.
- 'ઓ મારે, મરી ગયો રે...!'
- એની બૂમ સાંભળીને સૌ આજુબાજુના લોકો ભેગા થઇ ગયા.
- પાસ - પાડોશીઓએ ભેગા મળી ચોરની ખૂબ ધોલાઇ કરી, બહુ મેથીપાક આપ્યો.
- બધાના મારથી ચોર બિચારો અધમૂવો થઇ ગયો અને જાતે જ બબડ્યો. 'ચોરની પોટલે ધૂળની ધૂળ.'

બધા પાસ-પાડોશીઓએ એ મારવાડણની હોશિયારીના ખૂબ વખાણ કર્યાં ને આખા ગામ કસ્બાની સૌની તે લાડકી બની ગઇ.

- કાઠીયાવાડ-સૌરાષ્ટ્ર, ગુજરાતની પાવન ધરતી પર આવી તો અનેક સ્ત્રીઓ ઇતિહાસ બની ગઇ, જેની બુદ્ધિ-ચતુરાઇને બિરબલ સાથે સરખાવી છે.
- અત્રે નોંધવું ઉચિત બની રહેશે કે આ લખનાર પણ ગીર પ્રદેશમાં આવેલ એક નાનકડા ગામ ચિત્રાવડનો છે અને જન્મથી લઇ લગ્ન સુધીનાં એ વિતાવેલા દિવસો જિંદગીનું સંભારણું બની રહ્યાં છે, માટીની મહેક પ્રસરાવી રહ્યાં છે.

**સ્થિતપ્રજ્ઞ બનો**
**મનને સમતોલ રાખો...**

દરેક અનુભવનો જીવનમાં તે જે રીતે આવે- સારી કે નરસી તે રીતે તેનો સ્વીકાર કરો.

- રોદણાં રડશો નહીં,
- ફરિયાદ કરશો નહીં
- દિલગીર થશો નહીં
- આનંદિત પણ થશો નહીં
- ધૈર્ય ધરજો.
- તમે મનમાં ને મનમાં બળ્યા કરશો તો દુઃખને આમંત્રણ આપશો.
- આ અરસપરસ સંબંધવાળી ધરતીની સપાટી પર, ક્રિયા અને પ્રતિક્રિયા થયા જ કરે છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.





## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| काविळ | લકવો |
| पक्षाघात | ટાઈફોઈડ |
| मधुमेह | કૅન્સર |
| कर्करोग | કમળો |
| विषमज्वर | ડાયાબિટીસ |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | |
| ■ | ■ | | ■ | ૧૦ | ■ | | ■ | | ■ |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | ૧૪ | ■ | ૧૫ |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | ૨૧ | ■ | ■ | ૨૨ | | ■ | ૨૩ | |
| | ■ | ૨૪ | ૨૫ | | | ■ | ૨૬ | | |
| ■ | ૨૭ | ■ | | | | ■ | | ■ | ■ |
| ૨૮ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ |
| ૩૨ | | | | ■ | ૩૩ | | | | |

### આડી ચાવી

૧. તુલના, બરાબરી (૫)
૪. સામર્થ્ય, શક્તિ (૪)
૭. વચન, કોલ (૨)
૮. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૨)
૯. દિલગીરી, ખેદ (૨)
૧૧. પારકું (૩)
૧૩. ભંડારી, કોષાધ્યક્ષ (૪)
૧૬. ધ્વનિ, અવાજ (૨)
૧૭. કાંટો (૨)
૧૮. કહેવત (૩)
૨૦. --- માત્ર ભૂલને પાત્ર (૩)
૨૨. ઠામઠેકાણું (૨)
૨૩. પૃથ્વી (૨)
૨૪. ભયંકર સ્વરૂપવાળી દુર્ગા (૪)
૨૬. --- કરવું=પાળવું (૩)
૨૮. ૧| (૨)
૨૯. પશુપક્ષીનો ખોરાક (૨)
૩૦. ---માં છોકરું ને ગામ ગોત્યું (૨)
૩૨. જાણનાર (૪)
૩૩. શહેરની સુધરાઈનો અધ્યક્ષ (૫)

### ઊભી ચાવી

૧. પતિવ્રતા (૨)
૨. પાણીથી ભરેલો નાનો ખાડો (૪)
૩. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૪. સૌભાગ્યાવસ્થા (૪)
૫. શ્રીકૃષ્ણની પાલક માતા (૩)
૬. અનુકૂળ પ્રસંગ, લાગ (૨)
૧૦. આનંદ ખાતર કરેલી મશ્કરી (૩)
૧૧. પરોપકાર (૪)
૧૨. લંકેશ (૩)
૧૪. રૂઢિ, રિવાજ (૨)
૧૫. નિર્બળ (૪)
૧૯. સુકુમાર, નાજુક (૩)
૨૧. સોગન (૨)
૨૨. જામગરી (૩)
૨૫. હરફર (૪)
૨૬. જેમાં ઝાડના પાન ખરે છે તે ઋતુ (૪)
૨૭. આરામ, કરાર (૩)
૨૮. શિક્ષા, દંડ (૨)
૩૦. --- નું બેસવું ને તાડનું પડવું (૨)
૩૧. પૃથ્વી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ લા | ૩ મ | તી | ■ | ૪ ખા | ૫ ઈ | બ | દે | ૬ લા |
| ૭ ન | મા | જ | ■ | ૮ ભ | ર | તી | ■ | ■ | ય |
| સ | ■ | બૂ | ■ | ■ | વો | ■ | ૯ ઈ | ■ | ક |
| ૧૦ ના | દા | ર | ■ | ૧૧ ફ | ■ | ૧૨ જ | મા | ૧૩ ત | ■ |
| ટી | ■ | ■ | ૧૪ ગૌ | ર | ૧૫ વ | ■ | ૧૬ ન | વ | ■ |
| ■ | ૧૭ પા | ૧૮ પ | ■ | ૧૯ ક | ર | ણી | ■ | ■ | ૨૦ અ |
| ■ | ૨૧ સ | રો | જ | ■ | વું | ■ | ૨૨ ધ | ર | વ |
| ૨૩ મ | ■ | ણો | ■ | ૨૪ સં | ■ | ■ | ડ | ■ | ર્ણ |
| હિ | ■ | ■ | ૨૫ વા | પ | સ | ■ | ૨૬ કા | ૨૭ નુ | ની |
| ૨૮ મા | ન | મ | ર્યા | દા | ■ | ૨૯ ભા | ર | તી | ય |

## જાણવા જેવું

યુએસએમાં મહિલાઓને મતદાન કરવાનો અધિકાર આઠ દાયકાની લડત પછી ૧૯૨૦માં મળ્યો હતો. જોકે હેરત પમાડનારી વાત એ છે કે આ ઐતિહાસિક ઘટનાનાં ચાર વર્ષ પહેલાં એટલે કે ૧૯૧૬માં જેનેટ રેન્કીન નામની મહિલાને યુએસમાં રાજકીય કાર્યાલયમાં સ્થાન મેળવનાર પ્રથમ મહિલાનું સન્માન પ્રાપ્ત થયું હતું.

## ઓળખાણ પડી?

સ્વરની મીઠાશ, એકધારી આલાપસરણી અને હલક માટે જાણીતા અને રૂપરંગના ચમકારા વિનાના પક્ષીને ઓળખી કાઢો.



અ) સારસ  બ) કલકલિયો  ક) હોલો  ડ) બુલબુલ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | | ૯ | | ૬ | | |
| ૪ | | | | | | | | |
| ૯ | | | ૪ | ૫ | | ૧ | | ૭ |
| ૨ | | ૫ | | | | | | ૯ |
| | | ૮ | ૩ | | ૨ | ૪ | | |
| ૩ | | | | | | ૮ | | ૧ |
| ૫ | | ૪ | | ૭ | ૯ | | | ૮ |
| | | | | | | | | ૩ |
| | | ૧ | | ૩ | | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૮ | ૧ | ૩ | ૯ | ૬ | ૪ | ૭ |
| ૩ | ૧ | ૭ | ૬ | ૫ | ૪ | ૯ | ૨ | ૮ |
| ૯ | ૬ | ૪ | ૮ | ૨ | ૭ | ૧ | ૫ | ૩ |
| ૫ | ૩ | ૨ | ૭ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ |
| ૧ | ૮ | ૯ | ૫ | ૪ | ૬ | ૭ | ૩ | ૨ |
| ૪ | ૭ | ૬ | ૩ | ૯ | ૨ | ૮ | ૧ | ૫ |
| ૭ | ૪ | ૧ | ૨ | ૬ | ૫ | ૩ | ૮ | ૯ |
| ૬ | ૨ | ૩ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૪ |
| ૮ | ૯ | ૫ | ૪ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| मांजर | બિલાડી |
| मांडी | ખોળો |
| माकड | વાનર |
| माहेर | પિયર |
| मासा | માછલી |

**ગુજરાત મોરી મોરી રેઃ**
નાની

**ઓળખાણ પડી?**
સુરખાબ

**માઈન્ડ ગેમ :**
શાહુડી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
બરફી

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના એકમાત્ર દિયરના સાસુની એકમાત્ર દોહિત્રીની મમ્મી સ્ત્રીને સંબંધમાં શું થાય એ જણાવો.

અ) મામી  બ) દેરાણી
ક) જેઠાણી  ડ) ફોઈ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક જંગલ છુપાઈને બેઠું છે એ શોધી કાઢો.
સફળતાનો આધાર ઘણીવાર જીવનસાથી પર નિર્ભર કરે છે.

## નોંધી રાખો

*રાહ જોવી એ ધીરજનો ગુણ ભલે કહેવાય, પણ તકની રાહ જોતાં બેસી રહેવાને બદલે તક મળે એવી કોશિશ કરતા રહેવું જોઈએ.*

## માઈન્ડ ગેમ

તાજેતરમાં ચર્ચાસ્પદ પર્સિયન ગલ્ફ અને અરબી સમુદ્ર વચ્ચે આવેલો વિશ્વનો સૌથી મહત્ત્વપૂર્ણ દરિયાઈ સામુદ્ર ધુની માર્ગનું નામ જણાવો

અ) સુએઝ કેનાલ  બ) ટર્કીશ ખાદી  ક) હોર્મુઝ ખાડી ડ) રાતો સમુદ્ર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) વિપીન શાહ (૩) નૂતન વિપીન (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિતીન જયંતીલાલ બજરિયા (૧૬) કમલ માતલિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) મહેશ સંઘવી (૧૯) જયોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) અરવિંદ કામદાર (૩૪) પ્રિતીબેન ઉદય શેઠ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) લજિતા ખોના (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) મહેશ દોશી (૪૮) પ્રવીણ વોરા

# મુંબઈ, મોન્સૂન ને મુસીબત

















**પ્રથમ ગ્રાસે મક્ષિકાઃ** મુંબઈમાં મંગળવારે સત્તાવાર રીતે ચોમાસું બેસી ગયું હતું ત્યારે પહેલાં જ વરસાદમાં પ્રશાસનની બેદરકારી સામે આવી હતી. શહેરમાં પાણી ન ભરાવાનાં દાવા વચ્ચે ઠેરઠેર પાણી ભરાયાં હતાં. જોરદાર વરસાદને કારણે પશ્ચિમ એક્સપ્રેસ હાઈવે સહિતના મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. વિદ્યાર્થીઓને સવારે ઘૂંટણસમા પાણીમાંથી પસાર થઈને સ્કૂલે જવાની ફરજ પડી હતી. હાર્બરલાઈનમાં ટ્રેક નીચે ખાડો પડી જવાને કારણે લોકલસેવા ખોરવાઈ ગઈ હતી. શહેરના અમુક રસ્તાઓ પર હંમેશની જેમ ખાડાઓની સમસ્યા જોવા મળી હતી.
(અમય ખરાડે, પીટીઆઈ)

## ટ્રાન્સ હાર્બર લાઈન પર ટ્રેક બેસી જતા લોકલ ટ્રેન સેવાઓ ખોરવાઈ

મુંબઈઃ શહેરમાં ભારે વરસાદના કારણે તુર્ભે અને કોપરખૈરાણે સ્ટેશનો વચ્ચે પાણીના વધુ પડતા પ્રવાહના લીધે ટ્રેક તૂટી પડતા સેન્ટ્રલ રેલવેની ટ્રાન્સ હાર્બર લાઈન પર લોકલ ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ હતી. જો કે રેલવે અધિકારીઓએ થોડા કલાકોમાં જ સેવાઓ શરૂ કરી દીધી હતી. પરંતુ અસરગ્રસ્ત પાટા પર પ્રતિબંધ મુકવામાં આવતા થાણે, નેરુલ અને પનવેલ વચ્ચેની લોકલ ટ્રેન સેવાઓમાં વિલંબ થયો હતો.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારે વરસાદના કારણે ટ્રેક બેડનો એક ભાગ નીચે ઉતરી જતા સવારે ૫.૦૬ વાગ્યે અપ લાઈનને અને ડાઉન લાઈનને સવારે ૫.૫૦ વાગ્યે અસુરક્ષિત જાહેર કરવામાં આવી હતી. આપાતકાલીન ટીમો ઘટનાસ્થળ પર દોડી આવી હતી. ત્યારબાદ પ્રાથમિકતાના ધોરણે પુનઃસ્થાપન કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. સવારે ૭.૨૭ વાગ્યે ૧૦ કિમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા સાથે અપ લાઈનને સુરક્ષિત જાહેર કરવામાં આવી હતી. જ્યારે ડાઉન લાઈનને સવારે ૭.૩૫ વાગ્યે પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. દરેક ટ્રેનોને ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ઘટનાને પગલે

(જુઓ પાનું ૪) ▸▸

## પહેલા વરસાદમાં જ વીજળી ગુલઃ નાગરિકો બેહાલ

વસઈઃ વસઈ-વિરાર વિસ્તારમાં મંગળવાર રાતે ભારે વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે સ્થાનિકોને ગરમીથી રાહત મળી છે, પરંતુ વારંવાર હાથતાળી આપતી વીજળીને લીધે તેઓ પરેશાન છે.

દર ચોમાસામાં વસઈ-વિરારના રહેવાસીઓને વારંવાર વીજપુરવઠો ખોરવાઈ જવાની સમસ્યા સતાવતી હોય છે. આ વર્ષે પણ ચોમાસાના આગમન સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં વારંવાર થતા વીજળી કાપ અંગે નાગરિકો ફરિયાદ કરી રહ્યા છે.

વસઈ-વિરાર શહેર વિસ્તારમાં મહાવિતરણ દ્વારા વીજળી પૂરી પાડવામાં આવે છે, જે આશરે દસ લાખ ગ્રાહકોને સેવા આપે છે. જોકે, ગયા મહિને ચોમાસા પહેલાના જાળવણી કાર્ય, જોખમી વૃક્ષોની ડાળીઓ કાપવા અને ટ્રાન્સફોર્મર વિસ્ફોટને કારણે વીજ પુરવઠો વારંવાર ખોરવાઈ જતો હતો. ચોમાસાના આગમન પછી પણ પરિસ્થિતિમાં બહુ ઓછો ફેરફાર થયો હોવાનો મત નાગરિકોએ વ્યક્ત કર્યો છે.

મંગળવારે રાત્રે વિરાર પશ્ચિમના ઉમ્બરગોઠાણ તેમજ વસઈ પૂર્વના

(જુઓ પાનું ૪) ▸▸

## માલશેજ ઘાટ પર ભેખડ ધસી પડી, વૃક્ષો ધરાશાયી

થાણેઃ મહારાષ્ટ્રના થાણે અને પાલઘર જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે રમણીય માલશેજ ઘાટ પર ભૂસ્ખલન થયું હતું અને વૃક્ષો પડવાની ડઝનબંધ ફરિયાદો નોંધાઈ હતી, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ઘટના 'વોશ પોઇન્ટ' અને 'અમ્બ્રેલા પોઇન્ટ' વચ્ચે બની હતી. ઘટનાસ્થળે તાત્કાલિક માટી ખોદવાના મશીનો તહેનાત કરવામાં આવ્યા હતા. કાટમાળ ઝડપથી સાફ કરવામાં આવ્યો હતો અને ઘાટ વિભાગ પર ટ્રાફિકની અવરજવર કોઈ જાનહાનિ વિના સુવ્યવસ્થિત રહી હતી, એમ થાણેના નિવાસી નાયબ કલેક્ટર સંદીપ માનેએ જણાવ્યું હતું.

પ્રાદેશિક આપત્તિ વ્યવસ્થાપન સેલ (આરડીએમસી) ના વડા યાસીન તડવીએ જણાવ્યું હતું કે, ૨૪ કલાકમાં થાણેમાં ૨૭ જેટલી ફરિયાદો મળી હતી. જેમાં ૧૮ ઝાડ કે ડાળીઓ પડવાની ફરિયાદો અને ચાર આગ સંબંધિત ફરિયાદોનો સમાવેશ થાય છે. થાણે શહેરના ચરઈ વિસ્તારમાં બુધવારે સવારે

(જુઓ પાનું ૪) ▸▸

## ગુજરાતી રંગભૂમિના દિગ્ગજ અભિનેતા અરવિંદ વેકરિયા 'દાદુ'નું નિધન



મુંબઈઃ મનોરંજન જગત અને ખાસ કરીને ગુજરાતી રંગભૂમિ માટે એક ખૂબ જ દુઃખદ સમાચાર છે. ગુજરાતી રંગભૂમિના પીઢ કલાકાર અરવિંદ વેકરિયાનું અવસાન થયું છે. તેમના નિધનના સમાચારથી કલા જગત અને તેમના ચાહકોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. તેઓ લોકપ્રિય ટીવી સિરિયલ તારક મહેતા કા ઊલટા ચશ્મા'માં 'બાઘા'નું પાત્ર ભજવતા અભિનેતા તન્મય વેકરિયાના પિતા છે.

રંગભૂમિના દિગ્ગજ કલાકાર અરવિંદ વેકરિયા પોતાની આગવી અભિનય શૈલી માટે જાણીતા હતા. તેમણે ગુજરાતી નાટ્યજગતમાં દાયકાઓ સુધી સક્રિય યોગદાન આપ્યું હતું. 'બાપા કમાલ દીકરા ધમાલ'

(જુઓ પાનું ૪) ▸▸

**લોકલમાં ખૂની ખેલ**

## મયંક લોહારના મૃત્યુથી ભાંગી પડેલી માતા, બહેનનો વિલાપઃ 'ફાંસીએ ચડાવો હત્યારાને'

મુંબઈઃ પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસ કોચમાં ગોરેગામ અને મલાડ સ્ટેશન વચ્ચે મયંક લોહારની ચાકુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવ્યાની જાણ થયા બાદ તેની માતા અને બહેન ભાંડી પડી હતી અને તેમણે એક જ માગણી કરી હતી કે 'હત્યારાને ફાંસીએ ચડાવો.'

મયંકની માતાએ જણાવ્યું હતું કે મારા દીકરાએ કંઇ ખાધું નહોતું, તે ભૂખ્યો હતો. મારો દીકરો કોઇ સાથે ઝઘડો કરે એવી વ્યક્તિ નહોતો. તેને (આરોપી) સજા કરો. મારો દીકરો બિનજરૂરી કામ વિના ઘરની બહાર નીકળતો નહોતો. હું શું કરું? હું ક્યાં જાઉં? એવો વિલાપ માતાએ કર્યો હતો. દરમિયાન મયંકની મોટી બહેને મીડિયા

(જુઓ પાનું ૪) ▸▸

### ૪૦૦થી વધુ સીસીટીવી ફૂટેજની તપાસ, પોલીસની સાત ટીમ કાર્યરત

મુંબઈઃ ટ્રેનના ફર્સ્ટ ક્લાસ કોચમાં ચાકુના ઘા ઝીંકીને મયંક લોહારની હત્યા કર્યા બાદ ફરાર થયેલા આરોપીને પકડવા માટે રેલવે પોલીસ સ્ટેશન અને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓની સાત ટીમ તૈયાર કરવામાં આવી હતી. પોલીસ ટીમોએ બોરીવલી, અંધેરી, મીરા રોડ, નાલાસોપારા રેલવે સ્ટેશનો તથા તેમની આસપાસના વિસ્તારો મળીને ૪૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. સીસીટીવી ફૂટેજમાં આરોપી નજરે પડ્યો હતો અને ફૂટેજને આધારે તેની શોધ ચલાવવામાં આવી હતી. પોલીસ ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યો હતો અને બાદમાં મળેલી માહિતીને આધારે આરોપી રોશનને પનવેલથી ઝડપી પાડ્યો હતો.

### ટ્રેનમાં આ વર્ષે ઘાતક હુમલાનો આ બીજો બનાવ

મુંબઈઃ પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનમાં આ વર્ષે હત્યાનો આ બીજો બનાવ બન્યો છે, જેમાં વિરારના રહેવાસી મયંક લોહારે જીવ ગુમાવ્યો હતો. ફેબ્રુઆરી, ૨૦૨૬માં મલાડ સ્ટેશન પર ટ્રેનમાંથી ઊતરવા બાબતે થયેલા વિવાદમાં કોલેજના ૩૨ વર્ષના પ્રોફેસર આલોકકુમાર સિંહની હત્યા કરવામાં આવી હતી. મલાડ પૂર્વના કુરાર વિલેજમાં રહેનારો આલોકકુમાર વિલે

(જુઓ પાનું ૪) ▸▸

## ઉદ્ધવ ઠાકરે પર પનોતી બેઠી
## સાંસદો ગયા, હવે દિલ્હીમાં સંસદ ભવન કાર્યાલય પણ છીનવાશે

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેના છ સંસદ સભ્યોએ બળવો કરીને જાહેરમાં એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા. આ પગલા બાદ ઉદ્ધવ ઠાકરેના પક્ષમાં કુલ સાંસદોની સંખ્યામાં ઘટાડો થયો છે, જ્યારે એકનાથ શિંદેનો પક્ષ વધુ મજબૂત બન્યો છે. છ સાંસદોના એક સાથે બળવાથી ઠાકરેને મોટો ફટકો પડ્યો છે. આ દરમિયાન ઠાકરેને હવે દિલ્હીથી વધુ એક ફટકો પડવાની શક્યતા છે.

સાંસદોના બળવા બાદ, લોકસભામાં ઠાકરેની સંખ્યાત્મક તાકાત હવે ઓછી થઈ ગઈ છે. તેથી લોકસભા સચિવાલય જૂના સંસદ ભવનમાં ઠાકરેનું કાર્યાલય પાછું મેળવી શકે છે. જો આ કાર્યવાહી કરવામાં આવે તો, ઠાકરે પાસેથી સંસદ દ્વારા ફાળવવામાં આવેલ દિલ્હીનું કાર્યાલય હાથ માંથી જશે. ■

### નિયમ શું છે?

ઠાકરેની પાર્ટીના છ સાંસદોના બળવા બાદ, પાર્ટીના કુલ સાંસદોની સંખ્યા હવે ઘટીને માત્ર ચાર થઈ ગઈ છે. સંસદીય નિયમો અનુસાર, સંસદ સંકુલમાં કાર્યાલય ફાળવવા માટે પક્ષ પાસે પાંચથી વધુ સંસદ સભ્યો હોવા આવશ્યક છે. જો લોકસભા સચિવાલય નિયમાનુસાર ઠાકરેની પાર્ટીને ફાળવેલ કાર્યાલય પાછું ખેંચે તો તેઓ તેમનું સંસદીય કાર્યાલય ગુમાવી શકે છે. આ બાબતે નિર્ણય લેવાની સત્તા લોકસભા સચિવાલય પાસે છે. તેથી, હવે સચિવાલય શું નિર્ણય લે છે અને જો આવો નિર્ણય લેવામાં આવે તો ઠાકરેનો પક્ષ શું વલણ અપનાવે છે એ જોવું મહત્વપૂર્ણ રહેશે.

## 'નિમ્બાળકરે શિવસૈનિકોની માફી માગવી જોઈએ'

**શિવસેનાના નેતાની માગણી**

ધારાશિવઃ ઠાકરે જૂથને 'જય મહારાષ્ટ્ર' કરી ધારાશિવના સંસદ સભ્ય ઓમરાજે નિમ્બાળકર શિવસેના શિંદે જૂથમાં જોડાયા બાદ જિલ્લામાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. ઓમરાજેના પ્રવેશથી પક્ષમાં આંતરિક વિખવાદ શરૂ થયો છે અને શિવસેનાના ભૂતપૂર્વ વિધાનસભ્ય જ્ઞાનરાજ ચૌગુલેના પુત્ર શુભમ ચૌગુલેએ સોશ્યલ મીડિયા પર એક વિવાદાસ્પદ પોસ્ટ શેર કરી છે. 'ઓમરાજે નિમ્બાળકરે ઉમરગા આવીને પહેલા શિવસૈનિકોની માફી માંગવી જોઈએ' એવી શુભમ ચૌગુલેની જાહેર માગણીને પગલે રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

શુભમ ચૌગુલેની વાયરલ થયેલી પોસ્ટમાં તેમણે ઓમરાજે નિમ્બાળકર પર નિશાન તાક્યું છે. શુભમે કહ્યું છે કે 'મોડે મોડે પણ તમે એકનાથ શિંદેની દૂરદૃષ્ટિની જાણ થઈ એ સારી વાત છે. ભૂતકાળમાં ભૂતપૂર્વ સંસદ સભ્ય રવિન્દ્ર ગાયકવાડને ઉમેદવારી નહોતી આપવામાં આવી. ખોટા વચનો આપી કોઈ અનુભવ વિનાની વ્યક્તિને ઉમરગાથી વિધાન સભ્ય બનાવવામાં આવતા અનુભવી નેતા જ્ઞાનરાજ ચૌગુલેનો પરાજય થયો હતો. આ બધા રાજકીય

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રકમાં લાગી આગ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઇવે પર ઇલેક્ટ્રોનિક સામાન લઇ જતી ટ્રકમાં આગ લાગી હતી, જેને કારણે નવ કરોડ રૂપિયાનો સામાન સળગી ગયો હતો, એમ અગ્નિશામન દળના અધિકારીએ જણાવ્યું હતું. વસઇ નજીક હાઇવે પર મંગળવારે રાતના ૯.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં કોઇને ઇજા થઇ નહોતી, પરંતુ તેને કારણે હાઇવે પર બે કલાક સુધી ટ્રાફિક જૅમ સર્જાયો હતો અને વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. ટ્રક સામાન લઇને અમદાવાદ તરફ જઇ રહી હતી ત્યારે તેમાં અચાનક આગ લાગી હતી, એમ વસઇ-વિરાર પાલિકાના ફાયર સર્વિસના અધિકારીએ કહ્યું હતું. દરમિયાન આગની જાણ થતાં અગ્નિશામન દળના જવાનો ફાયર એન્જિન અને વોટર ટેન્કર સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને આગ બુઝાવવાનું શરૂ કર્યું હતું. ભારે જહેમત બાદ જવાનો આગ પર કાબૂ મેળવવામાં સફળ રહ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે આગ લાગ્યા બાદ ડ્રાઇવર અને ક્લીનર ટ્રકમાં ઊતરી ગયા હતા અને કોઇને પણ ઇજા થઇ નહોતી. (પીટીઆઇ)■




# રોનાલ્ડોનો રેકૉર્ડ-બ્રેક પર્ફોર્મન્સ

## ▸ છ વર્લ્ડ કપમાં ગોલ કરનાર વિશ્વનો પહેલો ખેલાડીઃ પોર્ટુગલનો ઉઝબેકિસ્તાન સામે ૫-૦થી વિજયઃ મેસી વિશેના સવાલનો જવાબ ગુસ્સા સાથે ટાળ્યો

હ્યુસ્ટનઃ ફૂટબૉલ જગતના સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના બે ગોલની મદદથી પોર્ટુગલે મંગળવારે રાત્રે ફિફા વર્લ્ડ કપમાં ઉઝબેકિસ્તાનને ૫-૦થી હરાવ્યું હતું. રોનાલ્ડોનો આ રેકૉર્ડ-બ્રેક પર્ફોર્મન્સ હતો, કારણ કે તે તેણે રમેલા તમામ છ વર્લ્ડ કપમાં ગોલ કરનાર વિશ્વનો એકમાત્ર ખેલાડી બન્યો હતો.

આર્જેન્ટિનાનો સુપરસ્ટાર લિયોનેલ મેસી પણ રોનાલ્ડોની જેમ છ વર્લ્ડ કપ રમ્યો છે, પરંતુ તમામ છ વિશ્વ કપમાં તે ગોલ નથી કરી શક્યો. ૨૦૧૦ના વર્લ્ડ કપમાં મેસી એકેય ગોલ નહોતો કરી શક્યો, જ્યારે રોનાલ્ડોએ છએ છ વર્લ્ડ કપમાં એક કે એક કરતાં વધુ ગોલ કર્યા છે.



મંગળવારે રાત્રે મૅચ બાદ પત્રકાર પરિષદમાં રોનાલ્ડોના ઉઝબેકિસ્તાન સામેના પર્ફોર્મન્સને જર્નલિસ્ટોએ ખૂબ વખાણ્યો હતો, પરંતુ એક પત્રકારે સવાલમાં મેસીનો ઉલ્લેખ કરતા રોનાલ્ડો થોડો ગુસ્સે થઈ ગયો હતો અને તેણે 'નેક્સ્ટ ક્વેશ્ચન પ્લીઝ...' એવું બોલીને બીજા પત્રકાર તરફ મોં ફેરવી લીધું હતું.

ગયા બુધવારે પોર્ટુગલની ડીઆર કૉન્ગો સામેની મૅચ ૧-૧થી ડ્રોમાં ગઈ હતી અને એમાં રોનાલ્ડો ગોલ નહોતો કરી શક્યો. જોકે મંગળવારે રાત્રે તેણે પહેલી છઠ્ઠી મિનિટમાં ગોલ કરીને પોર્ટુગલને રોમાંચક શરૂઆત અપાવી હતી. હ્યુસ્ટનના સ્ટેડિયમમાં બેઠેલા હજારો પ્રેક્ષકો તેના રેકૉર્ડ-બ્રેક ગોલથી રોમાંચિત થઈ ગયા હતા. આ વર્લ્ડ કપમાં મેસીએ પાંચ ગોલ કર્યા છે જેની સામે રોનાલ્ડોનો આ પ્રથમ ગોલ હતો. રોનાલ્ડોને સામાન્ય રીતે મેસી સાથેની સરખામણી પસંદ નથી અને એટલે જ પત્રકાર પરિષદમાં તેને મેસી વિશેનો સવાલ નહોતો ગમ્યો અને એનો જવાબ આપવાનું તેણે ટાળ્યું હતું.

ઉઝબેકિસ્તાન સામે પ્રથમ ગોલ પછી ૧૭મી મિનિટમાં મેન્ડીસે ગોલ કર્યો હતો. એ સાથે પોર્ટુગલની સરસાઈ ૨-૦ થઈ હતી. ૩૯મી મિનિટમાં રોનાલ્ડોએ વધુ એક ગોલ કર્યો હતો. ૬૦ મિનિટમાં ઉઝબેકિસ્તાનના નેમાતોવના ઑન ગોલ થકી પોર્ટુગલને ચોથો ગોલ મળ્યો હતો અને ૮૭મી મિનિટમાં રાફેલ લેઓનની મદદથી પોર્ટુગલે ૫-૦થી વિજય મેળવ્યો હતો. પોર્ટુગલ નોકઆઉટ રાઉન્ડની લગોલગ આવી ગયું છે. હવે લીગ ગ્રાઉન્ડમાં માત્ર કોલમ્બિયા સામેની મૅચ બાકી છે.

### રોનાલ્ડો પોર્ટુગલનો સર્વોચ્ચ ગોલ-સ્કોરર

'૭' નંબરની જર્સીવાળા ૪૧ વર્ષીય રોનાલ્ડોના વર્લ્ડ કપના ઇતિહાસમાં કુલ ૧૦ ગોલ છે. એ સાથે તે વર્લ્ડ કપમાં પોર્ટુગલ વતી સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યો છે.

### આય ઍમ બૅકઃ રોનાલ્ડો

રોનાલ્ડો ઉઝબેકિસ્તાન સામેની મૅચ પછી ટીવી કૅમેરા સામે જોઈને 'આઈ ઍમ બૅક'... આઈ ઍમ બૅક' એવું બે વખત બોલ્યો હતો. આ વિધાન વિશે પત્રકારે પૂછતાં તેણે કહ્યું, 'લોકો મને ભૂલી ન જાય એ માટે હું ખાસ આવું બોલ્યો. ગયું અઠવાડિયું ખૂબ કઠિન હતું. મને એવું લાગ્યું હતું કે જાણે હું નિવૃત્ત થઈ ગયો છું. જોકે હંમેશની માફક હું હિંમત નહોતો હાર્યો અને પાછો અસલ પર્ફોર્મ કરવા લાગ્યો છું. હું બીજી કોઈ પણ વાત કરતાં મારા કામને વધુ મહત્ત્વ આપું છું.'

### ટીમને ધ્યેય અપાવવાનો મારો આશય રોનાલ્ડો

રોનાલ્ડોએ મેસીના ઉલ્લેખવાળા એક પત્રકારના સવાલનો જવાબ ટાળ્યો ત્યાર પછી બીજા એક જર્નલિસ્ટે સવાલ પૂછવાની પરવાનગી માગી ત્યારે રોનાલ્ડોએ તેને કહ્યું 'એ તો તમારો સવાલ કેવો છે એના પર આધાર રાખે છે. નહીં તો હું જવાબ નહીં આપું. હા, એટલું હું જરૂર કહીશ કે રેકૉર્ડ તોડવા તો ખૂબ ગમે, પરંતુ મારો એકમાત્ર આશય મારી ટીમને એના ધ્યેય અપાવવાનો હોય છે.' ■

# ફૂટબૉલ કિંગ મેસીએ ૩૯મો જન્મદિવસ ઉજવ્યો

ન્યૂ યોર્કઃ દર ચાર વર્ષે યોજાતો ફિફા વર્લ્ડ કપ ચાલી રહ્યો છે, લિયોનેલ મેસી તેના અસ્સલ અને જબરદસ્ત ફૉર્મમાં છે, તેના પાંચેય ગોલની મદદથી ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિના નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયું છે અને મેસી તેના સંભવિત આ અંતિમ વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાને વધુ એક ટ્રોફી આપવા મક્કમ છે એ સંગીન સ્થિતિમાં 'ફૂટબૉલ કિંગ' મેસીએ ગઈ કાલે ૩૯મો બર્થ-ડે ઉજવ્યો હતો.

સૌથી વધુ છ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટ રમવાનો વર્લ્ડ રેકૉર્ડ સોમવારે સ્થાપિત કરનાર મેસી વર્લ્ડ કપના ઇતિહાસમાં સૌથી વધુ ૧૮ ગોલ કરનારો ખેલાડી છે. 'ફૂટબૉલ કિંગ' તરીકે ઓળખાતા મેસીને વિશ્વભરમાંથી જન્મદિનની શુભેચ્છાઓ મળી હતી.

મેસીનો જન્મ ૧૯૮૭ની ૨૪મી જૂને આર્જેન્ટિનાના રોઝારિયો શહેરમાં થયો હતો. આર્જેન્ટિનાના સાથી ખેલાડીઓ તેમ જ આર્જેન્ટિનાનું ફૂટબોલ ફેડરેશન આખા દેશમાં મેસીના જન્મદિવસની ઉજવણી કરી રહ્યું છે.



### આજે વર્લ્ડ કપમાં કઈ મૅચ?

બ્રાઝિલ વિ. સ્કૉટલૅન્ડ
મળસ્કે ૩.૩૦ વાગ્યે

મોરોક્કો વિ. હૈતી
મળસ્કે ૩.૩૦ વાગ્યે

મેક્સિકો વિ. ચેક રિપબ્લિક
સવારે ૬.૩૦

સાઉથ આફ્રિકા વિ. સાઉથ કોરિયા
સવારે ૬.૩૦

જર્મની વિ. ઇક્વેડોર
મધરાત પછી ૧.૩૦

ક્યૂરસૉ વિ. આઇવરી કોસ્ટ
મધરાત પછી ૧.૩૦

### અન્ય મૅચોમાં શું બન્યું?

(૧) ભૂતપૂર્વ ચૅમ્પિયન ઇંગ્લૅન્ડને ઘાનાએ ન જીતવા દીધું. બન્ને દેશ વચ્ચેની મૅચ ૦-૦થી ડ્રૉમાં ગઈ. હૅરી કેનની ટીમ એક પણ ગોલ નહોતી કરી શકી.

(૨) ક્રોએશિયાએ પનામાને ૧-૦થી હરાવ્યું.

(૩) કોલમ્બિયાનો ડીઆર કૉન્ગો સામે ૧-૦થી વિજય થયો.

### કયા દેશો નૉકઆઉટમાં પહોંચી ગયા?

આર્જેન્ટિના, કોલમ્બિયા, ફ્રાન્સ, જર્મની, મેક્સિકો, નોર્વે અને અમેરિકા. ■

# ઇંગ્લૅન્ડના સ્ટેડિયમોમાં વૈભવ માટે ટીમ ઇન્ડિયાથી અલગ ડ્રેસિંગ રૂમઃ જાણો, શા માટે...

લંડનઃ ૧૫ વર્ષનો લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી આઇપીએલમાં સુપરસ્ટાર બન્યા પછી હવે પહેલી વખત ભારતની મુખ્ય ક્રિકેટ ટીમ સાથે જોડાયો છે એટલે સ્વાભાવિક રીતે કોઈને પણ વિચાર આવે કે તેને ડ્રેસિંગ-રૂમમાં કૅપ્ટન શ્રેયસ ઐયર, તિલક વર્મા, ઇશાન કિશન, સંજુ સૅમસન, અર્શદીપ સિંહ, અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ જેવા સિનિયર ખેલાડીઓ સાથે રહેવાનો મોકો મળશે અને એ દરમ્યાન તેમની પાસેથી તે ઘણું નવું શીખી શકશે, પરંતુ ઇંગ્લૅન્ડમાં સિનારિયો કંઈક જુદો જ હશે.

શુક્રવારે આયરલૅન્ડમાં બે ટી-૨૦ની સિરીઝ શરૂ થશે અને ત્યાર બાદ ભારતીય ટીમ પાંચ ટી-૨૦ રમવા ઇંગ્લૅન્ડના પ્રવાસે જશે. વાત એવી છે કે ક્રિકેટ તેમ જ ફૂટબૉલ સહિતની તમામ રમતો માટે ઇંગ્લૅન્ડમાં બાળ રક્ષણને લગતા કાયદાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. ઇંગ્લૅન્ડમાં જે પાંચ સ્થળે મૅચ રમાશે ત્યાંના સ્ટેડિયમમાં ભારતીય ટીમ માટેના મુખ્ય ડ્રેસિંગ-રૂમમાં વૈભવને પૂરો સમય નહીં રહેવા મળે. વૈભવે મોટા ભાગે અલગ ડ્રેસિંગ રૂમમાં જ રહેવું પડશે.

માત્ર મૅચ વખતે જ વૈભવ ટીમના ડ્રેસિંગ રૂમમાં ટીમ-મીટિંગ કે મૅચને લગતી ચર્ચા માટે જઈ શકશે. વૈભવ ૧૬ વર્ષનો છે અને ૧૬ વર્ષથી ઓછી ઉંમરના ખેલાડીઓ



વિશેના આઇસીસીના તેમ જ ઇંગ્લિશ ક્રિકેટ બોર્ડના નિયમ મુજબ તેને અલગ ડ્રેસિંગ રૂમ ફાળવવામાં આવશે. વૈભવના પપ્પા-મમ્મીને બીસીસીઆઇએ પોતાના ખર્ચે આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડની ટૂર પર મોકલ્યા છે અને એવું મનાય છે કે તેઓ પુત્ર સાથે તેના ડ્રેસિંગ-રૂમમાં હાજરી આપી શકશે.

ઇંગ્લૅન્ડમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના ખેલાડીઓને પુખ્ત વયના પ્લેયર્સના ચૅન્જિંગ રૂમમાં જવાની મનાઈ હોય છે. આ કારણસર વૈભવને ચૅન્જિંગ રૂમ અલગથી ફાળવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વૈભવ છેલ્લા બે વર્ષમાં આઇપીએલ દરમ્યાન તેમ જ ઇન્ડિયા-એ ટીમની મૅચો વખતે સાથી ખેલાડીઓવાળા જ ડ્રેસિંગ રૂમમાં રહી શકતો હતો, પણ ઇંગ્લૅન્ડમાં કાયદો અલગ છે. ■

# 'આયરલૅન્ડના સ્ટેડિયમમાં ફક્ત ૭,૦૦૦ સીટ, શુક્રવારે વૈભવની મૅચ વખતે આયોજકોએ સીટ વધારવી પડશે'

## ▸ ભૂતપૂર્વ આઈરિશ ક્રિકેટર કહે છે, 'સૂર્યવંશીએ સચિન જેવા ગુણ અને ક્ષમતા સાથે કરીઅરમાં આગળ વધવું પડશે'

બેંગ્લૂરુઃ શુક્રવાર, ૨૬મી જૂને ભારતીય સમય અનુસાર સાંજે ૬.૦૦ વાગ્યે વર્તમાન ક્રિકેટ જગતનો મોસ્ટ સેન્સેશનલ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો આરંભ થશે અને એ સુવર્ણ અવસરને માણવા તેના ડેબ્યૂના સ્થળ આયરલૅન્ડના સ્ટેડિયમમાં બેસીને તેની બૅટિંગ જોવા યુરોપમાંથી અનેક લોકોએ ડિમાન્ડ કરી છે જેમને સમાવવા આયોજકોએ સીટની સંખ્યા વધારવી પડે તો નવાઈ નહીં. મૅચને માંડ ૪૮ કલાકનો સમય બાકી છે ત્યારે એની ટિકિટ લેવા જાણે પડાપડી થઈ રહી છે.

ભારત અને આયરલૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર એમવી નરસિંહ રાવે આઇરિશ શહેર સ્ટ્રબેનથી પીટીઆઇને કહ્યું, 'બેલફાસ્ટમાં સ્ટૉરમન્ટ શહેરના સિવિલ સર્વિસ ક્રિકેટ ક્લબના ગ્રાઉન્ડના સ્ટેડિયમમાં લગભગ ૭,૦૦૦ જેટલી જ સીટ છે એટલે સ્થાનિક આયોજકોએ સીટની સંખ્યા કદાચ વધારવી પડશે. પૅરિસ સહિત યુરોપનાં ઘણાં શહેરો અને દેશોમાંથી લોકો બેલફાસ્ટ આવીને વૈભવની મૅચ જોવા ઉત્સુક છે. આશા છે કે તેઓ બધાને સમાવવા પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે.'

નરસિંહ રાવ ૭૧ વર્ષના છે. તેઓ મિડલ-ઑર્ડર બૅટ્સમૅન અને લેગ સ્પિનર હતા. તેઓ ૧૯૭૮-૧૯૭૯ દરમ્યાન ભારત વતી ચાર ટેસ્ટ રમ્યા હતા જેમાં તેમણે વેસ્ટ ઇન્ડિઝના ભૂતપૂર્વ કૅપ્ટન ઑલ્વિન કાલિચરણ સહિત કુલ ત્રણ વિકેટ લીધી હતી. ૧૯૯૦ના દાયકામાં તેઓ આયરલૅન્ડ વતી રમ્યા હતા.



વૈભવે તાજેતરમાં શ્રીલંકાથી રવાના થતાં પહેલાં વૃક્ષો વાવ્યાં હતાં.

### વૈભવ આયરલૅન્ડમાં મોજ કરશે

આયરલૅન્ડમાં વર્લ્ડ નંબર-વન ભારત સામે મૅચ રમાવાની હોય અને એમાં પણ આઇપીએલ-૨૦૨૬નો સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી જેવો સૌથી વધુ ચમકતો સિતારો રમવાનો હોય તો તેની એ મૅચ જોવાનું મન કોને ન થાય? નરસિંહ રાવ કહે છે, 'શુક્રવારે જો વૈભવ ડેબ્યૂ કરશે તો ઐતિહાસિક અને યાદગાર દિવસ કહેવાશે. વૈભવની મૅચનો અવસર અહીં આવશે એ કોઈએ ધાર્યું નહોતું. છેલ્લા ૧૦ દિવસમાં (ભારતીય ટીમ જાહેર થઈ ત્યારથી) અહીં આયરલૅન્ડમાં સર્વત્ર ઉમંગ ફેલાયો છે. ગયા મહિને આઇપીએલ વખતે મેં ટીવી પર વૈભવની બૅટિંગ જોઈ હતી. તેને અહીંના મેદાન પર બૅટિંગ કરવાની ખૂબ મજા આવશે, કારણકે અહીંની પિચ સામાન્ય રીતે ધીમી હોય છે અને આયરલૅન્ડ પાસે પેસ સાથે બૉલ ફેંકી શકે એવા ફાસ્ટ બોલર નથી. જોકે ઇંગ્લૅન્ડમાં તેની પરીક્ષા થશે, કારણકે ત્યાં બોલરને બહુ સારી મૂવમેન્ટ મળતી હોય છે અને ઘડીવારમાં હવામાન બદલાઈ જતું હોય છે. જોકે વૈભવને હું હૃદયથી શુભકામના આપું છું.'

### વૈભવમાં થોડી સોબર્સ જેવી કળા

આયરલૅન્ડમાં તેમ જ હૈદરાબાદમાં કોચિંગ આપી ચૂકેલા નરસિંહ રાવ કહે છે, 'વૈભવની બૅટિંગ જોઈને મને સર ગૅરી સોબર્સની મૅચો યાદ આવે છે. સોબર્સ જેવી હાઇ બૅકસ્વિંગની કળા તેનામાં છે અને તેમની જેમ બૉલને તરત પારખી લેવાની આવડત પણ વૈભવમાં છે. ૧૫ વર્ષની નાની ઉંમરે તે અનેક પ્રકારના શૉટ રમી શકે છે. તે ઈશ્વરની દેન છે, પણ સચિન તેન્ડુલકરની માફક તેણે તનતોડ મહેનત કરવી જોઈશે, વિનમ્રતા જાળવવી પડશે, વાસ્તવિકતા સ્વીકારવી પડશે અને સફળતા મગજ પર સવાર ન થઈ જાય એનું ખાસ ધ્યાન રાખવું પડશે. એ ઉપરાંત તેણે ફિટનેસ જાળવવી પડશે અને વિવિધ પ્રકારની પિચ પર રમવાની પ્રૅક્ટિસ કરવી પડશે. તે આટલી નાની ઉંમરે સુપરસ્ટાર થઈ ગયો છે એટલે તેના માટે આવનારો સમય મોટી કસોટીનો છે.' ■

# 'સુબહ કા ભૂલા...' અક્ષર પટેલનો પંતને રમૂજ સાથે દિલ્હીની ટીમમાં આવકાર

## ▸ રિષભે લખનઊની ટીમને ત્રણ જ શબ્દોમાં કરી અલવિદા

નવી દિલ્હીઃ લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ કૅપ્ટન અને વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતને ટ્રેડ ડીલમાં (કુલદીપ યાદવના બદલામાં) દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ને આપી દીધો ત્યાર બાદ દિલ્હીની ટીમના સુકાની અક્ષર પટેલે પંતને હૃદયપૂર્વક અને થોડી રમૂજ સાથે ટીમમાં આવકાર આપ્યો છે.

રિષભ પંતને આઇપીએલની બે સીઝનથી એલએસજીના ફ્રૅન્ચાઇઝી પાસેથી (સીઝન દીઠ) ૨૭ કરોડ રૂપિયા મળતા હતા, પણ દિલ્હીના ફ્રૅન્ચાઇઝી સાથેના કરાર મુજબ પંતને હવે સીઝન દીઠ ૧૫ કરોડ રૂપિયા મળશે. દિલ્હીનો સ્પિનર કુલદીપ યાદવ હવે લખનઊ વતી રમશે અને તેને ત્યાં દિલ્હી જેટલું જ પેમેન્ટ (૧૩.૫૦ કરોડ રૂપિયા) મળશે.

આ હાઇ-પ્રોફાઇલ ટ્રેડ ડીલ બાદ દિલ્હી કૅપિટલ્સે સોશ્યલ મીડિયા પર એક વીડિયો શૅર કર્યો છે જેમાં અક્ષર પટેલ અને પંત વચ્ચેની ટૂંકી વાતચીત છે. પંતે અક્ષરને પોતાના વિશેના ન્યૂઝ બ્રેક કરવા વારંવાર કૉલ કર્યો હતો, પણ અક્ષર ત્યારે તેના બાળક સાથે હતો એટલે કૉલ રિસીવ નહોતો કરી શક્યો.

અક્ષરે થોડી વાર બાદ જ્યારે પંતને કૉલ-બૅક કર્યો ત્યારે પંતે તેને કહ્યું, 'કન્ફર્મ હો ગયા ભાઈ...મૈં વાપસ આ રહા હૂં.' અક્ષરે વીડિયોમાં પંત સાથેની વાતચીત બાબતમાં કહ્યું કે તે પંત સાથે પોતાનો એક વિચાર શૅર કરવા માગતો હતો, પણ નહોતો કરી શક્યો.

જોકે વીડિયોમાં અક્ષરે પંતને હિન્દીની જાણીતી કહેવતનો ઉલ્લેખ કરતા કહ્યું, 'સુબહ કા ભૂલા અગર શામ કો ઘર વાપસ આ જાયે તો ઉસે ભૂલા નહીં કેહતે.'

દરમ્યાન, લખનઊના ફ્રૅન્ચાઇઝીએ એક પોસ્ટમાં ટીમ પ્રત્યેના તેના યોગદાન બદલ આભાર માન્યો હતો. રિષભ પંતે આ પોસ્ટ પોતાના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર શૅર કરીને લખ્યું, 'થૅન્ક યૂ ટીમ.' તેની આ પોસ્ટ વાઇરલ થઈ ગઈ છે. ■

# સંદીપ પાટીલ મુંબઈની ટીમના મેન્ટર નિયુક્ત

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંદીપ પાટીલ મુંબઈ ક્રિકેટની તમામ સ્તરની ટીમો માટેના મેન્ટર નીમાયા છે. ભારત વતી ૧૯૮૦થી ૧૯૮૬ દરમ્યાન ૨૯ ટેસ્ટ અને ૪૫ વન-ડે રમનાર પાટીલને ખેલાડીઓના વિકાસ, ટેક્નિક સંબંધિત શિક્ષણ અને ટૅલન્ટની શોધ વગેરે જવાબદારીઓ સોંપવામાં આવી છે. મુંબઈ ક્રિકેટ અસોસિયેશને આ ઉપરાંત ભૂતપૂર્વ મહિલા ખેલાડી અરુંધતી ઘોષને વિમેન્સ ટૂર્નામેન્ટ ડિરેક્ટર તરીકે નીમી છે. ■

# વિશ્વનાથનને પત્રકારો તરફથી મેડલ એનાયત

ચેસમાં પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનનાર વિશ્વનાથન આનંદને બુધવારે ચેન્નઈમાં સ્પોર્ટ્સ જર્નલિસ્ટ્સ ફેડરેશન ઑફ ઇન્ડિયા (એસજેએફઆઇ) તરફથી પ્રતિષ્ઠિત મેડલ એનાયત કરવામાં આવ્યું હતું. ફિડેના નાયબ પ્રમુખ આનંદ એ સાથે સુનીલ ગાવસકર, વિજય અમૃતરાજ, પ્રકાશ પદુકોણ, પી. ટી. ઉષા અને જીવ મિલ્ખા સિંહ જેવા દિગ્ગજોની હરોળમાં આવી ગયો છે. ■

# ટેસ્ટના બોલર્સના રૅન્કિંગમાં ૩૬ વર્ષ જૂનો વિક્રમ તૂટ્યોઃ હેડલી પછી હવે હેન્રી નંબર-વન

## ▸ બુમરાહ પણ નંબર-વન સ્થાને અને વન-ડે બૅટિંગમાં ઇશાનની ૨૧ ક્રમની ઊંચી છલાંગ



દુબઈઃ અહીં હેડ ક્વૉર્ટર ધરાવતી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ બુધવારે જાહેર કરેલા નવા રૅન્કિંગ મુજબ ૩૬ વર્ષ જૂનો એક વિક્રમ તૂટ્યો છે. ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ટેસ્ટના નંબર-વનની રૅન્ક જાળવી રાખી છે, પણ તેની સાથે ન્યૂ ઝીલૅન્ડનો ફાસ્ટ બોલર મૅટ હેન્રી પણ એ સ્થાને જોડાયો છે. બુમરાહે મોખરાની રૅન્ક જાળવી છે, જ્યારે હેન્રીએ છ ક્રમની અને વન-ડેના બૅટિંગમાં ઇશાન કિશને ૨૧ ક્રમની છલાંગ લગાવી છે.

૩૬ વર્ષ બાદ પહેલી વખત ન્યૂ ઝીલૅન્ડના બોલરે ટેસ્ટના રૅન્કિંગમાં અવ્વલ સ્થાન મેળવ્યું છે. તે આ સ્થાન પર પહોંચનાર ત્રીજો કિવી બોલર છે. ૧૯૪૭માં ફાસ્ટ બોલર જૉન કૉવી નંબર-વન બનનાર પ્રથમ કિવી બોલર હતા. ૧૯૮૪-૧૯૯૦ દરમ્યાન સર રિચર્ડ હેડલીએ ટેસ્ટ બોલર્સમાં નંબર-વનની રૅન્ક હાંસલ કરી હતી અને હવે હેન્રી ત્રીજો કિવી બોલર બન્યો છે. હેન્રીના ખાતે ૮૭૦ પૉઇન્ટ છે. ■

# વૈભવના નાના ભાઈની વધુ એક સેન્ચુરી



પટનાઃ એક તરફ ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી આઇપીએલમાં ધમાલ મચાવ્યા બાદ હવે ટીમ ઇન્ડિયા વતી આંતરરાષ્ટ્રીય ફલક પર કમાલ દેખાડવા આયરલૅન્ડ પહોંચી ગયો છે ત્યારે તેના નાના ભાઈ ૧૦ વર્ષીય આશીર્વાદ સૂર્યવંશીએ સ્થાનિક ક્રિકેટમાં વધુ એક તૂફાની સેન્ચુરી ફટકારી છે. તેણે ૧૧૯ બૉલમાં છ સિક્સર અને ૧૯ ફોરની મદદથી ૧૬૮ રન બનાવ્યા હતા. તેનો સ્ટ્રાઇક-રેટ ૧૪૧.૧૮ હતો અને તેની આ સેન્ચુરીની મદદથી તેની ટીમે ૪૦ ઓવરમાં ૩૧૧ રન કર્યા હતા. થોડા દિવસ પહેલાં આશીર્વાદે ૮૭ બૉલમાં ૧૦૩ રન બનાવ્યા હતા. ■

# ભારત ૨૦૩૬માં ઑલિમ્પિક્સ યોજી શકશે? ૨૦૨૯માં લેવાશે નિર્ણય

નવી દિલ્હીઃ ભારત સહિત કેટલાક દેશોએ ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ યોજવા માટે જે અરજી કરી છે એ વિશે અંતિમ નિર્ણય ૨૦૨૯ના વર્ષની મધ્યમાં લેવામાં આવશે. એ જોતાં ભારતે હજી ત્રણ વર્ષ સુધી રાહ જેવી પડશે.

ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટી (આઇઓસી)એ યજમાન દેશ નક્કી કરવા માટેની પ્રક્રિયામાં ફેરફાર કર્યો છે. એમાં વ્યૂહાત્મક સંવાદના તબક્કાનો ઉમેરો કર્યો છે. નવી પદ્ધતિ હેઠળ આઇઓસીને અન્ય કેટલીક જરૂરિયાતો ઉપરાંત અમુક પ્રકારની મુખ્ય આર્થિક બાંયધરી પણ આપવી પડશે. ■

# બાઉન્સ બેકઃ ક્રૂડ ઓઈલના ભાવઘટાડા સાથે સેન્સેક્સમાં ૭૯૦ પોઈન્ટનો જમ્પ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાઈ અને બેંક, નાણાકીય અને આઇટી શેરોમાં ભારે ખરીદીને કારણે બુધવારે બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી લગભગ એક ટકાના વધારા સાથે ઊંચા મથાળે પહોંચ્યા હતા. બીએસઇ સેન્સેક્સ દિવસ દરમિયાન ૯૮૯.૬૯ પોઈન્ટ અથવા ૧.૨૯ ટકા વધીને ૭૭,૧૯૦.૩૭ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૯૦.૫૪ પોઈન્ટ અથવા ૧.૦૪ ટકા વધીને ૭૬,૯૯૧.૨૨ પર સ્થિર થયો હતો. જ્યારે એનએસઇ નિફ્ટી ૧૯૭.૫૫ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા વધીને ૨૪,૦૨૧.૬૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી, ઇન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, ટેક મહિન્દ્રા, બજાજ ફાઇનાન્સ, આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ફોસિસ, એચડીએફસી બેંક અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ ટોચના વધનારા શેરોમાં સામેલ હતા. તેનાથી વિપરીત, એનટીપીસી, ટાટા સ્ટીલ, મારુતિ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝર શેરોની યાદીમાં હતા. ખાસ કરીને ક્રૂડ ઓઇલના ભાવ ઘટાડાને કારણે બજારમાં રિબાઉન્ડ જોવા મળ્યું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૧.૬૯ ટકા ઘટીને ૭૫.૭૮ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

અમેરિકા સાથે ટ્રેડ ડીલ અંગે જોવા મળેલી પ્રગતીની પણ બજારના માનસ પર સારી અસર રહી હતી. એક વરિષ્ઠ યુએસ અધિકારીએ જણાવ્યું છે કે યુનાઇટેડ સ્ટેટ્સ અને ભારત એક ઐતિહાસિક દ્વિપક્ષીય વેપાર કરાર પૂર્ણ કરવાની ખૂબ જ નજીક છે જે ૧.૪ અબજ ડોલરના મજબૂત ભારતીય બજારને પારસ્પરિક અને પરસ્પર ફાયદાકારક શરતો પર અમેરિકન માલ માટે ખોલશે. ઉપરાંત એફઆઇઆઇની વેચવાલી ધીમી પડવાથી પણ સેન્ટિમેન્ટમાં સુધારો રહ્યો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર, મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧૭.૮૬ કરોડના ઇક્વિટી ખરીદ્યા.

પ્રાઇમરી માર્કેટમાં પેકેજીંગ ક્ષેત્રની અગ્રણી નેક પેકેજીંગ લિમિટેડનો રૂ. ૪૩૯.૫૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ પહેલી જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ત્રીજી જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ.૧૬૧થી રૂ.૧૭૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૮૮ શેર છે. શેરની ફાળવણી છઠી જુલાઈએ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ આઠમી જુલાઈએ થશે. સુમીત ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ૧૬.૮૪ કરોડના ફુલ્લી પેઇડ-અપ ઇક્વિટી શેર જારી કરીને રૂ. ૧૯૯.૭૫ કરોડના રાઇટ્સ ઇશ્યૂ લાવી રહી છે. ઇશ્યૂ ભાવ રૂ. ૧૧.૮૬ પ્રતિ શેર, એન્ટાઇટલમેન્ટ રેશિયા દરેક ૨૫ શેર માટે આઠ રાઇટ્સ શેર, રેકોર્ડ તારીખ ૧૨ જૂન, ૨૦૨૬ છે. ઇશ્યૂ ૨૨ જૂન, ૨૦૨૬ના રોજ ખુલ્યો છે, જે ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

એ જ રીતે, સીએસએમ ટેક્નોલોજીસનો રૂ.૧૪૫.૭૮ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૪ જૂનના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલ્યું હતું અને ૨૯ જૂન, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૩૦ જૂનના રોજ, જ્યારે એનએસઈ અને બીએસઇ પર લિસ્ટિંગ બીજી જુલાઈએ થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ.૧૦૭થી રૂ.૧૧૩ પ્રતિ શેર છે. લોટ સાઇઝ ૧૩૨ શેરની છે. ભારતની પ્રથમ આધુનિક પેટ પેરેન્ટિંગ ઇકોસિસ્ટમ ડબલ્યુએજીઆર શરૂ કરવામાં આવી છે જે પેટ એનિમલ્સ માટે વધુ અનુકૂળ, અને વિશ્વસનીય બની રહે એવી દૃષ્ટિ સાથે વિકસાવાયું છે. લોકો જ્યારે પેટ એનિમલ્સના સ્વાસ્થ્ય માટે વધુ સર્વાંગી ઉકેલો શોધી રહ્યા છે, ત્યારે ડબલ્યુએજીઆર એક સંકલિત ઇકોસિસ્ટમ હેઠળ ઉત્પાદનો, વિશ્વસનીય માહિતી અને સમુદાયને એકસાથે લાવે છે. અદાણી જૂથે ૨૦૩૫ સુધીમાં ૧૦ ગીગાવોટની ન્યુક્લિઅર પાવર કેપેસિટી ઊભી કરવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે, એમ અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ એટમિક એનર્જી ક્ષેત્રના પ્રવેશની જાહેરાત કરતા એજીએમમાં જણાવ્યું હતું. શ્યામ ધાની ઇન્ડસ્ટ્રીઝે આગામી ત્રણ વર્ષમાં રૂ. ૩૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે. જનરલ ટ્રેડ, મોર્ડન ટ્રેડ, ક્વિક કોમર્સ, એક્સપોર્ટ, પ્રાઇવેટ લેબલ સહિતન સેગમેન્ટમાં ૧૬૩થી વધુ પ્રકારના મસાલા ઓફર કરતી કંપની, નાણાકીય વર્ષ ૨૦૨૬ના રૂ. ૧૪૬.૨૨ કરોડના ટર્નઓવર પર ૨૫થી૩૦ ટકા વાર્ષિક વૃદ્ધિ દરનું લક્ષ્ય રાખે છે. ટોરન્ટ પાવરે રૂ. ૩૮૦૦ કરોડના એનસીડી જારી કર્યા છે. સુપ્રા પેસિફિક ફાઇનાન્શિઅલ લિમિટેડ ૫૦૦ બ્રાન્ચના લક્ષ્યાંક સાથે વિસ્તરણ યોજના ધરાવે છે.

ભારતીય ઇક્વિટી બજારો પાછલા સત્રની પીછેહ બાદ આ સત્રમાં બાઉન્સ બેક સાથે ઝડપથી ઉછળ્યા, હોવાના કારણે બેંકિંગ શેરોમાં મજબૂત વધારો જોવા મળ્યો હતો અને આઇટી ક્ષેત્રમાં સુધારો થયો હતો. મધ્ય પૂર્વમાં ભૂ-રાજકીય તણાવ ઓછો થવાથી સેન્ટિમેન્ટમાં સુધારો થયો અને ક્રૂડ ઓઇલના ભાવમાં વધુ ઘટાડાથી જોખમની ભૂખ પુનઃસ્થાપિત કરવામાં અને વ્યાપક બજાર ભાગીદારીને ટેકો આપવામાં મદદ મળી, એમ માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના કોસ્પી પાછલા ટ્રેડિંગ સત્રમાં ભારે ઘટાડા પછી ત્રણ ટકાથી વધુ ઊછળ્યા હતા. શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ પણ ઊંચા સ્તરે સ્થિર થયા હતા, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો.

યુરોપના બજારો મિશ્ર વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા.મંગળવારે યુએસ બજારોમાં તીવ્ર ઘટાડો થયો હતો. નાસ્ડેક કમ્પોઝિટ ૨.૨૧ ટકા ગગડ્યો હતો અને એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૧.૪૪ ટકા ઘટ્યો હતો. મંગળવારે, સેન્સેક્સ ૮૯૩.૩૯ પોઈન્ટ અથવા ૧.૧૬ ટકા ઘટીને ૭૬,૨૦૦.૬૮ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૨૭૮.૮૦ પોઈન્ટ અથવા ૧.૧૬ ટકા ઘટીને ૨૩,૮૨૪.૧૦ પર બંધ થયો હતો. ■

# વૈશ્વિક સોનું બે સપ્તાહની નીચી સપાટીએ પહોંચતા સ્થાનિક સોનામાં ₹ ૨૮૧૭નો અને ચાંદીમાં ₹ ૫૪૪૮નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૬માં એક કરતાં વધુ વખત વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૧.૪ ટકા ઘટીને બે સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. અને ચાંદીના ભાવ ૨.૫૦ ટકા જેટલા ઘટી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૦૫થી ૨૮૧૭ અને ચાંદીના ભાવમાં રૂ. ૫૪૪૮નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૪૪૮ ઘટીને રૂ. ૨,૨૨,૦૩૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવ ઘટી આવ્યા હતા અને વધુ ભાવઘટાડાના આશાવાદે સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૮૦૫ ઘટીને રૂ. ૧,૪૧,૬૦૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮૧૭ ઘટીને રૂ. ૧,૪૨,૧૭૮ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે સોનાના ભાવ ગત ૧૧મી જૂન પછીની નીચી સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૪૯.૪૪ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ બે ટકા ઘટીને ૪૦૬૬.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૬૦.૪૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ડૉલર ઈન્ડેક્સમાં તેજીનો અન્ડરટોન અને સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં રોકાણકારોનો આંતરપ્રવાહ મર્યાદિત રહેતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે ડૉલર ઈન્ડેક્સ ૧૩ મહિનાની ઊંચી સપાટી આસપાસ રહ્યો હોવાથી આયાત પડતરો વધવાને કારણે માગ દબાણ હેઠળ આવી હતી.

વધુમાં ગત સપ્તાહની અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના અંતે તંગ નાણાનીતિના સંકેત આપવામાં આવ્યા હોવાથી હવે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વર્તમાન વર્ષ ૨૦૨૬માં ત્રણ વખત વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી ધારણા મૂકી રહ્યા છે. સામાન્યપણે ઊંચા વ્યાજદરના સંજોગોમાં રોકાણકારોની સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં લેવાલી નિરસ રહેતી હોય છે. જોકે, હાલના મથાળેથી સોનામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો મળે તેવી શક્યતા મૂકાઈ રહી છે.

વધુમાં આઈએનજીના વિશ્લેષકોએ વર્તમાન વર્ષ ૨૦૨૬ના ત્રીજા ત્રિમાસિકગાળા માટે સોનાના ભાવનો અંદાજ જે અગાઉ ૪૮૫૦ ડૉલરનો મૂક્યો હતો તે ઘટાડીને ઔંસદીઠ ૪૩૦૦ ડૉલર અને ચોથા ત્રિમાસિકગાળા માટેનો અંદાજ જે અગાઉ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરનો મૂક્યો હતો તે ઘટાડીને ૪૬૦૦૦ ડૉલર મૂક્યો હોવાનું એક નોટ્સમાં જણાવ્યું હતું. ■

# ડૉલર સામે રૂપિયામાં ૨૧ પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં બે ટકા જેટલો તીવ્ર ઘટાડો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલોને ધ્યાનમાં લેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૨૧ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું અને રૂપિયો ૯૪.૫૫ની સપાટીએ બંધ રહ્યો

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૭૬ના બંધ સામે નરમાઈના વલણ સાથે ૯૪.૮૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૯૩ અને ઉપરમાં ૯૪.૫૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૧ પૈસાના સુધારા સાથે સત્રની ઉપલી ૯૪.૫૫ની સપાટીએ જ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૧૩ પૈસાનો ઘટાડો આવ્યો હતો.

એકંદરે આજે ક્રૂડતેલના ભાવ ઘટી આવતા રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું છે, પરંતુ અમેરિકી ફેડરલ રિઝર્વે તંગ નાણાનીતિ અપનાવવાના સંકેત આપ્યા હોવાથી ડૉલર ઈન્ડેક્સની મજબૂતીને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેશે તેમ છતાં અમેરિકા-ઈરાન વચ્ચેની વાટાઘાટોની પ્રગતિ સાથે ક્રૂડતેલના ભાવ ઘટતાં રૂપિયાને ટેકો મળતો રહેતાં રૂપિયો ૯૪.૪૫થી ૯૫.૧૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૦૫ ટકા ઘટીને બેરલદીઠ ૭૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૯૦.૫૪ પૉઈન્ટનો અને ૧૯૭.૫૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ૧૭.૮૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જે જણાવતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૩ ટકા વધીને ૧૦૧.૬૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું. ■

# ખાંડમાં માગ અને ગુણવત્તાનુસાર મિશ્ર વલણ

## જુલાઈના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડનો ક્વૉટા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયા હોવાના નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતા માગ તથા માલની ગુણવત્તાનુસાર હાજર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ સુધારો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. છનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. દરમિયાન આજે ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે આગામી જુલાઈ મહિનાના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડના ક્વૉટાની જાહેરાત કરી હોવાનું એક યાદીમાં જણાવ્યું હતું.■

## દેશ-વિદેશ

# ટ્રમ્પને આંચકોઃ જજે અમેરિકાની અદાલતમાં વસાહતીની ધરપકડ પર પ્રતિબંધ મૂક્યો

વૉશિંગ્ટનઃ અમેરિકાના ડિસ્ટ્રિક્ટ જજે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે કાર્યભાર સંભાળ્યો ત્યાર બાદ ઈમિગ્રેશન કોર્ટમાં કેન્દ્રીય સરકાર દ્વારા થતી ધરપકડોની પ્રણાલી પર રોક લગાડ્યો છે.

અમેરિકાના સાનફ્રાન્સિસ્કોના ડિસ્ટ્રિક્ટ જજ કાસે પિટ્સે લખ્યું હતું કે ટ્રમ્પે ઈમિગ્રેશન કોર્ટમાં ધરપકડ વિરુદ્ધની લાંબા ગાળાની નીતિ ફેરવી નાખી છે એને આ ફક્ત અતાર્કિક નિર્ણય નથી પરંતુ નિર્ણય લેવાની પ્રક્રિયાનો સંપૂર્ણ અભાવ છે. તેમણે વધુમાં લખ્યું હતું કે અદાલતી કાર્યવાહી માટે હાજર થનાર ઈસમની ધરપકડની વિપરિત અસરની બાબતને સમજવામાં સત્તાવાળાઓ વિફળ રહ્યા છે.

જજે વધુમાં કહ્યું હતું કે કૉંગ્રેસે ૮૦ વર્ષથી ફેડરલ એજન્સીને આદેશ આપ્યો છે. જજે કહ્યું હતું કે એડમિનિસ્ટ્રેટિવ પ્રોસિજર ઍક્ટ-૧૯૪૬ પ્રમાણે કેન્દ્રિય એજન્સીઓએ તેની કાર્યવાહીને વાજબી ઠરાવવાનું કહ્યું છે. જજે ચુકાદામાં વધુમાં લખ્યું હતું કે કાયદા પ્રમાણે એજન્સી અદાલત જે સમીક્ષા કરવાની છે એને અનુરૂપ કામ કરે એ જરૂરી નથી, પરંતુ એજન્સીએ તેને પસંદ કરેલા માર્ગને વાજબી ઠરાવવા નક્કર કારણો આપવાં જોઈએ.

આ ચુકાદો અદાલતમાં થતી ધરપકડના મુદ્દે ટ્રમ્પને બીજો ફટકો છે. અગાઉ મેમાં ન્યૂ યોર્કના ફેડરલ જજે ઈમિગ્રેશન કોર્ટમાં આવી ધરપકડો પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે આ ચુકાદો ફક્ત ન્યૂ યોર્કમાં લાગુ પડતો હતો. બીજી બાજુ તાજેતરનો ચુકાદો આખા દેશને લાગુ પડે છે.

અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટના વકીલ જેમ્સ પેર્સિવલે આ ચુકાદાને અદાલતે તેની સીમા લાંઘવાનો કહ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ અદાલતી ચળવળ છે જે અમેરિકા વિરોધી છે. (એજન્સી) ■

# ભારત-ટૅરિફઃ ટ્રમ્પે પોતાના જ પ્રધાન, સરકારી ડૅટાને ખોટો કહ્યો

## ભારત તેમના ધાર્યા કરતા ઓછો ટૅરિફ લાદે છે એ તેઓ માનવા જ તૈયાર નહોતા

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત દ્વારા અમેરિકા પર લાદવામાં આવેલા ટૅરિફના સત્તાવાર આંકડાઓ પર તેમના મંત્રી પર ભડક્યા હતા. તેમણે અમેરિકાની સરકારના સત્તાવાર આંકડાઓને ખોટા અને બકવાસ ગણાવ્યા છે. ટ્રમ્પ અને તેમના વાણિજ્ય પ્રધાન હૉવર્ડ લુટનિક વચ્ચે ભારતના ટૅરિફ અંગે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દાવો ન્યૂયોર્ક ટાઈમ્સના પત્રકારો મૈગી હેબરમેન અને જોનાથન સ્વાનની પુસ્તક ''રેજીમ ચેન્જઃ ઇનસાઇડ ધ ઇમ્પિરીયલ પ્રેસિડન્સી ઓફ ડોનલ્ડ ટ્રમ્પ''માં કરવામાં આવ્યો છે.

ભારતના ટૅરિફ અંગે ટ્રમ્પ માનતા હતા કે ભારતે અમેરિકાના માલસામાન પર વધુ પડતો ટરિફ લાદ્યો છે. તેઓ એ સ્વીકારવા તૈયાર નહોતા કે સરકારી રેકોર્ડમાં નોંધાયેલા આંકડા સાચા છે. ટ્રમ્પ માનતા હતા કે ભારતના ટૅરિફ ૧૭૫ ટકા કે તેથી વધુ છે.

જ્યારે અમેરિકાના વાણિજ્ય પ્રધાને ટ્રમ્પને અમેરિકા વ્યાપાર પ્રતિનિધિના સત્તાવાર આંકડાઓ બતાવ્યા ત્યારે ટ્રમ્પ ગુસ્સે થયા હતા. ટ્રમ્પે કહ્યું કે તેમને ખોટી અને ગેરમાર્ગે દોરનારી જાણકારી આપવામાં આવી રહી છે. તેમણે વારંવાર સરકારી ડૅટાને બકવાસ ગણાવીને ફગાવી દીધો હતો.

પુસ્તકમાં દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પ સરકારના અનેક અધિકારીઓ ભારતને વિશ્વના સૌથી વધુ ટૅરિફ લાદતા દેશોમાંનો એક માનતા હતા. અમેરિકી નાણાં પ્રધાને ભારતને ટૅરિફનો મહારાજા પણ કહ્યો હતો. વાઇટ હાઉસના જણાવ્યા અનુસાર, ભારત કૃષિ ઉત્પાદનો પર સરેરાશ ૩૭ ટકા અને કેટલાંક ઓટોમોબાઈલ ઉત્પાદનો પર ૧૦૦ ટકાથી વધુ ટૅરિફ લાદી રહ્યું છે.

આ ચર્ચાઓ પછી ટ્રમ્પે તેમના લિબરેશન ડે અભિયાનના ભાગરૂપે ભારત પર પચીસ ટકા વધારાનો ટૅરિફ લગાવ્યો હતો. ત્યારબાદ ભારત દ્વારા રશિયન તેલની ખરીદી પર પચીસ ટકા વધારાનો ટૅરિફ લાદ્યો હતો. આનાથી ભારત પર કુલ અમેરિકી ટૅરિફ ૫૦ ટકા થયો અને બંને દેશો વચ્ચે વેપાર તણાવ વધ્યો હતો.

ટૅરિફ વિવાદે ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વેપાર વાટાઘાટોને અસર કરી હતી. અનેક પ્રતિનિધિમંડળની મુલાકાતો રદ કરવામાં આવી અને બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. ભારત અને અમેરિકા ફેબ્રુઆરી ૨૦૨૬માં દ્વિપક્ષી વેપાર કરારના માળખા પર સંમત થયા. આ કરાર હેઠળ બંને દેશો અનેક ઉત્પાદનો પર ટૅરિફ ઘટાડવા સંમત થયા. અમેરિકાએ ભારત પર લાદવામાં આવેલા વધારાના પચીસ ટકા ટૅરિફને દૂર કરવાની પણ જાહેરાત કરી. બંને દેશો હવે કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. ■

# દેશમાં જરૂર છે ડૉક્ટરોનીઃ સુપ્રીમ કોર્ટ

## ખાનગી મેડિકલ કૉલેજમાં ફી તોતિંગ હોવા સંબંધી અરજી ફગાવતા અદાલતે કહ્યું

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે આપણને આ દેશમાં ડૉક્ટરોની જરૂર છે. કોર્ટે રાજસ્થાનમાં ખાનગી મેડિકલ કોલેજોમાં ફી વધુ હોવાનો આરોપ લગાવનારી એક અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જોયમાલ્યા બાગચીની બેન્ચ રાજસ્થાન હાઇ કોર્ટના એક આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી.હાઇ કોર્ટે એક મેડિકલ વિદ્યાર્થીની અરજીને ફગાવી દીધી હતી. વિદ્યાર્થીએ આરોપ લગાવ્યો હતો કે રાજસ્થાનમાં ખાનગી મેડિકલ કોલેજોમાં ટ્યુશન ફી વાર્ષિક ૧૮.૯૦ લાખથી પચીસ લાખ રૂપિયાની વચ્ચે છે જે આર્થિક રીતે નબળા વર્ગના (ઈડબલ્યૂએસ) પાત્રતા માટે આઠ લાખ રૂપિયાની આવક મર્યાદા સાથે સંપૂર્ણપણે અસંગત છે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે એવું ન કહી શકાય કે સેલ્ફ-ફાઈનાન્સિંગ સંસ્થાઓએ સરકારી સંસ્થાઓ જેટલી જ ફી વસૂલવી જોઈએ. બેન્ચે કહ્યું હતું કે કોઈ એમ કહી શકે નહીં કે તે ખાનગી સંસ્થાઓમાં ફી વધુ છે અને તેને સરકારી સંસ્થાઓની જેટલી કરવામાં આવે. અરજદાર તરફથી હાજર રહેલા વકીલે રાજસ્થાનમાં ફી માળખાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તે પચીસ લાખ રૂપિયા સુધી જાય છે. બેન્ચે અવલોકન કર્યું કે શિષ્યવૃત્તિ મેળવવાનો વિકલ્પ છે. કોર્ટે કહ્યું કે આ દેશમાં આપણને ડોકટરોની જરૂર છે. હાઇ કોર્ટ દ્વારા પસાર કરાયેલા વાંધાજનક આદેશમાં દખલ કરવાનું અમને કોઈ કારણ દેખાતું નથી. અરજી ફગાવી દેવામાં આવે છે. જો કોઈ કાયદાકીય સવાલ હોય તો રજૂ કરવામાં આવે. અરજદારે હાઈ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે ફી નિયમનકારી સમિતિ તર્કસંગત, ન્યાયી અને ઈડબલ્યૂએસ ઉમેદવારોની નાણાકીય મર્યાદાઓને અનુરૂપ ફી માળખું ઘડવા માટે બંધાયેલી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે અરજદારે ઈડબલ્યૂએસ કેટેગરી હેઠળ નીટ (અંડરગ્રેજ્યુએટ) પરીક્ષા ૨૦૨૫ આપી હતી. ■

# યુએનએસસીની બેઠકમાં જમ્મુ અને કાશ્મીર પર 'અનધિકૃત' ટિપ્પણી કરવા બદલ ભારતે પાકિસ્તાનને ઠપકાર્યું

સંયુક્ત રાષ્ટ્ર સંઘઃ બેઈજિંગ અને ઇસ્લામાબાદ દ્વારા આયોજિત યુએન સલામતી સમિતિની અનૌપચારિક બેઠકમાં ભારતે જમ્મુ અને કાશ્મીર પર 'અનધિકૃત' ટિપ્પણી કરવા બદલ પાકિસ્તાનની ટીકા કરતા ભારપૂર્વક જણાવ્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશ દેશનો 'સંપૂર્ણ આંતરિક' મામલો છે.

યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત પર્વતાનેની હરીશે મંગળવારે અમલમાંના અંતરને પૂર્ણ કરવુંઃ સુરક્ષા પરિષદના ઠરાવો અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાની જાળવણી પર સુરક્ષા પરિષદની એરિયા-ફોર્મ્યુલા બેઠકમાં આ ટિપ્પણી કરી હતી.

'હું પાકિસ્તાનના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલી બિનજરૂરી ટિપ્પણીનો પણ ઉલ્લેખ કરું છું. તે અવિશ્વસનીય છે કે એક સહ-અધ્યક્ષ જે આચરણમાં સંતુલિત અને નિષ્પક્ષ રહેવાની અપેક્ષા રાખે છે તેણે આ મંચનું રાજકીયકરણ કરવાનું પસંદ કર્યું છે,'' એમ હરીશે કહ્યું હતું.

ટૂંક સમય માટે હું ફક્ત એ વાત પર ભાર મૂકવા માગુ છું કે જમ્મુ અને કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો આંતરિક મામલો છે. તે હંમેશા રહ્યો છે, છે અને રહેશે, એમ તેમણે કહ્યું હતું.

હરીશની ટિપ્પણી યુએનમાં પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ, રાજદૂત અસીમ ઇફ્તિખાર અહમદે સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં પાકિસ્તાન અને ચીનના કાયમી મિશન દ્વારા આયોજિત બેઠકમાં તેમના હસ્તક્ષેપ દરમિયાન જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યા પછી આવી હતી.

પાકિસ્તાન હાલમાં ૨૦૨૫ અને ૨૦૨૬ માટે યુએન સલામતી સમિતિના બિન-કાયમી સભ્ય તરીકે ચૂંટાયેલા બે વર્ષના કાર્યકાળની સેવા આપી રહ્યું છે. ભારતે સતત કહ્યું છે કે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશો દેશનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે અને હંમેશા રહેશે. ■

# કર્ણાટકમાં પાકિસ્તાની આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા શકમંદની ધરપકડ

દાવણગેરેઃ કર્ણાટકના દાવણગેરે જિલ્લામાં પાકિસ્તાનસ્થિત આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા હોવાની શંકાના આધારે એક શકમંદની ધરપકડ કરવામાં આવી છે. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપીની ઓળખ સુહેલ(૨૦) તરીકે થઇ છે. આ શખસ ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. તે તાજેતરમાં જ હરિહરમાં આવ્યો હતો. જ્યાં તે પેઇન્ટર તરીકે કામ કરતો હતો. નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી(એનઆઇએ) પાસેથી મળેલી માહિતીના આધારે ગુપ્તચર અધિકારીઓ સાથે હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં મંગળવારે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે તેના વોટ્સએપ એકાઉન્ટ પર આતંકવાદી પ્રવૃતિઓ સંબંધિત શંકાસ્પદ સામગ્રી મળી આવી છે. તે કથિત રીતે પાકિસ્તાન સ્થિત ઘણા લોકોના સંપર્કમાં હતો. દાવણગેરેના પોલીસ અધિક્ષક શેખર એચ. ટેક્કનવરે ધરપકડ અંગે વિગતો આપતા જણાવ્યું કે વિશ્વસનીય માહિતીના આધારે મંગળવારે શકમંદની ધરપકડ કરવામાં આવી હતી.

એસપીએ જણાવ્યું કે શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સંડોવણી હોવાની માહિતી મળ્યા બાદ તેની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે તે તેના વોટ્સએપ ગ્રુપ અને સોશ્યલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાની મૂળના લોકોના સંપર્કમાં હતો. હરિહર ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. તેમજ આગળની કાર્યવાહી માટે શકમંદની ધરપકડ કરવામાં આવી છે.

ટેક્કનવરે પ્રાથમિક તપાસને ટાંકીને જણાવ્યું કે આ લોકો કેટલીક ઉગ્રવાદી પ્રવૃતિઓ માટે સોશિયલ મીડિયા દ્વારા એકબીજાના સંપર્કમાં આવ્યા હતા અને ઓનલાઇન જોડાયેલા રહ્યા હતા એવું લાગી રહ્યું છે. તેમણે કહ્યું કે આ કેસ તુમાકુરુ જિલ્લામાં નોંધાયેલા અગાઉના કેસ જેવો હોઇ શકે છે. પરંતુ અમે વધુ તપાસ પછી પુષ્ટિ કરીશું. હાલમાં અમે કસ્ટડીમાં લેવાયેલા શકમંદની ઓળખની પુષ્ટિ કરી રહ્યા છીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ધરપકડ ચોથી જૂનના રોજ ટૂમકુર અને દાવણગેરે જિલ્લાના બે શખ્સની ધરપકડના અઠવાડિયા પછી કરવામાં આવી છે. તેમના પર સોશ્યલ મીડિયા દ્વારા પાકિસ્તાન સ્થિત એક વ્યક્તિના સંપર્કમાં હોવાનો અને ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે હાનિકારક પ્રવૃતિઓને અંજામ આપવા માટે કાવતરું ઘડવાનો આરોપ હતો. ■

# કચ્છમાં નવા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનને મંજૂરી અને વિસ્તરણથી ઔદ્યોગિકીકરણ વેગવંતું બનશેઃ ત્રણ મહાબંદરો બાદ હવે ત્રણ સેઝ ધમધમશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઉદ્યોગ ક્ષેત્રે કચ્છ જિલ્લો સમગ્ર દેશનું એક મહત્ત્વનું આર્થિક પ્રવેશદ્વાર બની ગયો છે. એશિયાનું સૌપ્રથમ મુક્ત વ્યાપાર ક્ષેત્ર ગાંધીધામમાં સ્થપાયું હતું, જેના થકી ગાંધીધામ સંકુલમાં નિકાસ આધારિત ઉદ્યોગોનો ધમધમાટ શરૂઆતથી જ રહ્યો છે. આ કંડલા સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનના સફળ બે તબક્કાના વિસ્તરણ બાદ હવે ત્રીજા તબક્કા માટેની ગતિવિધિઓ પણ તેજ બની છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા મુંદરા તાલુકાના વડાલા ખાતે વધુ એક ખાનગી સેઝને મંજૂરી આપવામાં આવી છે. આ નવીન મંજૂરીઓ સાથે કચ્છમાં હવે સરકારી અને ખાનગી મળીને કુલ ત્રણ સેઝ કાર્યરત થશે, જે નિકાસને બુસ્ટર ડોઝ આપવાની સાથે સ્થાનિક સ્તરે રોજગારીનું પ્રમાણ પણ મોટા પાયે વધારશે.

મળતી વિગતો મુજબ, વર્ષ ૧૯૬૫માં સ્થપાયેલા દેશના પ્રથમ મુક્ત વ્યાપાર ક્ષેત્રનો આરંભ ૭૦૦ એકર જેટલા વિશાળ ફલક પર કરાયો હતો. ભારતની ભૂમિ ઉપર વિદેશની ભૂમિ ગણાતા આ મુક્ત વ્યાપાર ક્ષેત્રમાં મહત્તમ એક્સપોર્ટ આધારિત એકમો કાર્યરત થયા હતા. ત્યારબાદ વર્ષો પૂર્વે ૧૦૦ એકરમાં બીજા તબક્કાનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું, જેમાં ઓઈલ રિફાઈનરી અને વેરહાઉસ સહિતના એકમો કાર્યરત છે. હવે કાસેઝના ત્રીજા તબક્કાના વિસ્તરણ માટે ઝોન પ્રશાસન દ્વારા હાથ ધરાયેલી કવાયતને કેન્દ્ર સરકાર દ્વારા લીલી ઝંડી આપી દેવામાં આવી છે. દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા આ ત્રીજા તબક્કાના વિસ્તરણ માટે ૮૭ એકર જમીન ફાળવવામાં આવશે અને આ માટેની તમામ વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરી દેવાઈ હોવાથી નજીકના ભવિષ્યમાં જ તેની ગતિવિધિઓ આરંભાશે.

આ ૮૭ એકર જમીનમાં ૧ અથવા ૨ એકરના પ્લોટ ફાળવવામાં આવે તેવી શક્યતા છે, જેનાથી એક અંદાજ મુજબ ઓછામાં ઓછા ૫૦ જેટલા નવા નિકાસલક્ષી એકમો સ્થાપવામાં આવશે. આ પ્રકલ્પથી કચ્છના આર્થિક પાટનગરમાંથી થતી નિકાસમાં ધરખમ વધારો થશે અને દેશના વિદેશી હુંડિયામણમાં પણ મોટો ફાયદો થશે. બીજી તરફ, કેન્દ્ર સરકાર દ્વારા મુંદરા તાલુકાના વડાલા ખાતે મલ્ટિ-સેક્ટર 'અર્હમ સેઝ'ને પણ પ્રિન્સિપલ મંજૂરી આપવામાં આવી છે, જેનાથી કચ્છમાં વૈશ્વિક મૂડીરોકાણના નવા દ્વાર ખુલ્યા છે. અર્હમ સેઝના ડાયરેક્ટર મહેશ પૂજે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ મલ્ટિ-સેક્ટર સેઝ ૯૪.૧૯ હેક્ટર વિસ્તારમાં સ્થાપવામાં આવશે, જેમાં અંદાજે રૂા. ૨૩૦ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવશે. આ પ્રકલ્પ થકી આગામી પાંચ વર્ષમાં અંદાજિત રૂા. ૧૦,૦૦૦ કરોડની નિકાસ થશે તેમજ પાંચ વર્ષના ગાળામાં આશરે ૯,૦૦૦ જેટલી નવી રોજગારીની તકો સર્જાશે. ઉલ્લેખનીય છે કે, આ જ ગ્રૂપ દ્વારા અગાઉ કચ્છના પ્રથમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક 'પોર્ટ બીઝ'ની શરૂઆત કરાઈ હતી, જેનું લોકાર્પણ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રવર્તમાન સમયમાં કચ્છમાં કંડલા, મુંદરા અને તુણા સહિત ત્રણ મહાબંદરો કાર્યરત છે. હવે એશિયાના પ્રથમ સેઝ (કાસેઝ) અને અદાણી પોર્ટ સેઝ બાદ આગામી સમયમાં ત્રણ પોર્ટની સાથે ત્રણ સેઝ પણ ધમધમતા થવાના કારણે કચ્છના ઔદ્યોગિક વિકાસને એક નવી ઊંચાઈ મળશે. જો કે, આ વિકાસ વચ્ચે કંડલા સેઝના પ્રથમ તબક્કાના જૂના ૭૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલા ઝોનના હાલ ૪૦ ટકા જેટલા એક્સપોર્ટ ઓરિએન્ટેડ, કપડાં અને પ્લાસ્ટિક રિસાઈકલિંગના એકમો બંધ હાલતમાં પડ્યા છે. જો કોઈ ઉદ્યોગકારને પોતાના યુનિટના વિસ્તરણ માટે બાજુનું બંધ એકમ જોઈતું હોય તો તે સરળતાથી મળતું નથી, જેને કારણે ઉદ્યોગકારોએ અન્ય સ્થળે જવું પડે છે. હાલ કંડલા સેઝમાં વેરહાઉસ અને ટ્રેડિંગના જ એકમો વધુ છે અને વાસ્તવિક ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) આધારિત એકમોની સંખ્યા સાવ ઓછી છે. આથી, સ્થાનિક નિષ્ણાતો અને જાણકારો એવી માગ કરી રહ્યા છે કે કેન્દ્ર સરકાર દ્વારા રોજગાર અને નિકાસ વધારવાના મૂળ હેતુને સાર્થક કરવા માટે, કાસેઝના આ નવા ત્રીજા તબક્કામાં ટ્રેડિંગને બદલે પ્રોડક્શન આધારિત એકમોને વધુ પ્રોત્સાહન અને પ્રાધાન્ય આપવામાં આવે, જેથી સ્થાનિક સ્તરે રોજગારીના આંકડામાં મોટો ઉછાળો આવી શકે. ■

# ગીર સોમનાથમાં એસીબી ચેરિટી કમિશનરની કચેરીના પટાવાળાને ૫,૦૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપ્યો

(અમારા પ્રતિનિધી દ્વારા )

અમદાવાદઃ ગીર સોમનાથ એસીબી મદદનીશ ચેરીટી કમિશનરની કચેરીમાં કરાર આધારિત પટાવાળા તરીકે ફરજ બજાવતા આરોપી રાહુલ પુંજા વંશ (ઉંમર વર્ષ ૩૨) ને રૂ. ૫,૦૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. આ સમગ્ર ઘટનાની વિગત મુજબ ફરીયાદીએ મદદનીશ ચેરિટી કમિશનરની કચેરી, ગીરસોમનાથ ખાતે પોતાના ટ્રસ્ટની વિધિવત્ નોંધણી કરવા માટે અરજી સબમિટ કરી હતી. આ અરજીને મંજૂર પણ કરી દેવામાં આવી હતી. પરંતુ આ મંજૂર થયેલું પ્રમાણપત્ર ફરિયાદીને આપવાના અવેજ પેટે આરોપી પટાવાળા રાહુલ વંશ દ્વારા રૂ. ૫,૦૦૦ ની લાંચની ગેરકાયદે માગણી કરી હતી.

જેમાં ફરિયાદી લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે આ અંગે એસીબીનો સંપર્ક કરીને વિધિવત ફરિયાદ નોંધાવી હતી. જેની બાદ એસીબીની ટીમે ૨૪ જૂન ૨૦૨૬ ના રોજ ઈણાજ ખાતે નવા બનતા એસીબી પોલીસ સ્ટેશનની સામે રોડ ઉપર લાંચના છટકું ગોઠવ્યું હતું.

આ ટ્રેપ દરમિયાન રાહુલભાઈ વંશે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી હતી અને લાંચની રકમ રૂ. ૫,૦૦૦ ની માગણી કરીને ફરિયાદી પાસેથી આ નાણાં સ્વીકાર્યા હતા. આ નાણાં સ્વીકારતાની સાથે જ પૂર્વ આયોજિત ગોઠવણ મુજબ એસીબીની ટીમે ત્રાટકીને આરોપીને લાંચની સ્વીકારેલ રૂ. ૫,૦૦૦ ની પૂરેપૂરી રકમ સાથે દબોચી લીધો હતો અને લાંચની રકમ પણ રીકવર કરી લીધી હતી. જયારે એસીબીએ પટાવાળા રાહુલ વંશ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ■

# પાંચ વર્ષની કિશોરીના અપહરણ અને દુષ્કર્મના ગુનામાં નરાધમ યુવકને ૨૦ વર્ષની સખત કેદ

## ભુજ પોક્સો કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી, અપહરણ કરી જવાના અને તેની પર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં ભુજની ખાસ પોક્સો કોર્ટે ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો છે. નામદાર અદાલતે આ કેસમાં સેડાતા ગામના દોષિત યુવકને ૨૦ વર્ષની સખત કારાવાસની સજા અને કુલ રૂ. ૫૮,૦૦૦નો આકરો દંડ ફટકાર્યો હતો.

કેસની વિગતો અને પોલીસ દફતરે નોંધાયેલી વિગતો અનુસાર, ભોગ બનનાર કિશોરી તેના પિતા સાથે શાકભાજીની લારી પર કામમાં મદદ કરવા જતી હતી. આ દરમિયાન મોટરસાઇકલ લઈને અવારનવાર ત્યાંથી પસાર થતો આરોપી મોહસીન અબ્દેમાન હિંગોરા (ઉં.વ. ૨૩, રહે. સેડાતા, તા. ભુજ) કિશોરીને પોતાની પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. આરોપીએ એક વખત રાત્રિના સમયે કિશોરીને એકલી બોલાવીને તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો.

ત્યારબાદ, ગત ૩૧ ઑગસ્ટ ૨૦૨૫ની વહેલી પરોઢે આરોપી કિશોરીને લગ્નની લાલચ આપીને અપહરણ કરી અંજાર અને ગાંધીધામ તરફ ભગાડી ગયો હતો. ત્યાં ગાંધીધામ રેલવે ફાટક નજીક આવેલી બાવળની ઝાડીઓમાં લઈ જઈને મોહસીને કિશોરી પર ફરી એકવાર દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ માનકૂવા પોલીસ મથકે આરોપી મોહસીન વિરુદ્ધ પોક્સો ઍક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ ચકચારી કેસ ભુજની ખાસ પોક્સો અદાલતમાં ચાલી જતાં વિશેષ જજ જે.એ. ઠક્કરે સ્પેશ્યલ પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરાયેલા ૨૩ દસ્તાવેજી પુરાવા અને ૧૨ મહત્ત્વના સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખી હતી. અદાલતે તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી મોહસીનને કસૂરવાર ઠેરવીને પોક્સો ઍક્ટની કલમ ૫ (એલ), ૬ હેઠળઃ ૨૦ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૫૦,૦૦૦નો દંડ, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭ હેઠળ ૫ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૫,૦૦૦નો દંડ તેમ જ કલમ ૧૩૭ હેઠળ ૫ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૩,૦૦૦ના દંડની સજા ફટકારી હતી.

અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે, આ તમામ સજાઓ આરોપીએ સળંગ ભોગવવાની રહેશે. દંડની રકમ ન ભરે તો આરોપીએ વધુ કેદની સજા ભોગવવી પડશે.

દરમ્યાન, ખાસ અદાલતે ગુનાની ગંભીરતા અને ભોગ બનનાર કિશોરીની માનસિક તેમ જ શારીરિક સ્થિતિને ધ્યાને રાખીને તેને રૂ. ૪,૦૦,૦૦૦નું આર્થિક વળતર ચૂકવવા માટે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઑથોરિટીને વિશેષ હુકમ કર્યો હતો. ■

# ભાવનગરમાં ગેરકાયદેસર મુસાફરો વહન કરતાં વાહનો સામે એસટી તંત્રની લાલ આંખઃ ₹૨.૬૮ લાખથી વધુનો દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) ભાવનગર વિભાગ દ્વારા રોડ પર ગેરકાયદેસર અને બિન-અધિકૃત રીતે મુસાફરોની હેરફેર કરતાં વાહનો સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ભાવનગર વિભાગના વિભાગીય નિયામક આર.ડી. પીલવાઈકર ના જણાવ્યા પ્રમાણે એસ.ટી વિભાગની સુરક્ષા શાખા દ્વારા રોડ પર નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનો સામે ખાસ 'ક્લાન્ડેસ્ટાઈન ઓપરેશન' (સી.ઓ.) ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. તંત્રને સાથે રાખીને ચલાવવામાં આવેલી આ સંયુક્ત ઝુંબેશનો મુખ્ય હેતુ થ્રી-વ્હીલર ટેમ્પો, મેજિક રિક્ષા અને મીની બસો જેવા ગેરકાયદેસર વાહનો દ્વારા થતી બિન-અધિકૃત મુસાફર હેરફેરને અટકાવવાનો હતો. આ ઓપરેશન દરમિયાન નિયમોનો ભંગ કરનારા વાહનોને ડિટેઈન કરવા, મેમો ઈસ્યુ કરવા અને સ્થળ પર જ દંડ વસૂલવા જેવી સખત દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સંયુક્ત ઝુંબેશ અંતર્ગત કરવામાં આવેલી સઘન કામગીરીની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચેકિંગ દરમિયાન નિયમોનું ગંભીર ઉલ્લંઘન કરતા કુલ ૧૪ જેટલા વાહનોને સ્થળ પર જ ડિટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ટ્રાફિક નિયમોના ભંગ બદલ અન્ય કુલ ૧૩૪ વાહનોને પોલીસ મેમો ઈસ્યુ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ઓપરેશન દરમિયાન નિયમભંગ કરનારા વાહનચાલકો પાસેથી કુલ રૂ. ૧,૬૮,૧૦૦/- ની માતબર રકમનો દંડ સ્થળ પર જ વસૂલ કરવામાં આવ્યો છે. એસટી નિગમ ભાવનગર વિભાગ દ્વારા વધુમાં જણાવાયું છે કે, મુસાફર જનતાને સલામત પરિવહન સેવા મળી રહે તે હેતુથી ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. તંત્રના સહયોગથી આ પ્રકારની કડક ચેકિંગ કાર્યવાહી આગામી સમયમાં પણ નિયમિત રીતે ચાલુ રાખવામાં આવશે.

તંત્રની આ આકરી કાર્યવાહીને પગલે ગેરકાયદેસર રીતે મુસાફરોની હેરફેર કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ■

# મોરના શિકાર કેસમાં હાઇ કોર્ટે આરોપીને ૨૫ હજારના બોન્ડ પર શરતી જામીન મંજૂર કર્યા

ઉનાઃ રાષ્ટ્રીય પક્ષી મોરના શિકાર કરવાના ગંભીર કેસમાં સંડોવાયેલા રાજકોટના ૨૨ વર્ષીય યુવક રોહિત જખાણીયાને ગુજરાત હાઇ કોર્ટમાંથી મોટી રાહત મળી હતી. અગાઉ ઉના સેશન્સ કોર્ટે જેની જામીન અરજી ફગાવી દીધી હતી, તે આરોપીને હાઇકોર્ટે ૨૫ હજાર રૂપિયાના વ્યક્તિગત બોન્ડ ઉપર શરતી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

આરોપી રોહિત જખાણીયા વિરુદ્ધ ગીર-સોમનાથ જિલ્લાના ગીરગઢડાના જસાધાર રેન્જ ફોરેસ્ટ ઓફિસમાં વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદ મુજબ આરોપીએ અન્ય સહ-આરોપીઓ સાથે મળીને રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર કર્યો હતો. શિકાર બાદ મોરનું માંસ અને પીંછા ફેંકી દેવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે.

વધુમાં વનવિભાગની તપાસ દરમિયાન આરોપીના અસ્થાયી નિવાસસ્થાનેથી કાળિયાર હરણનું શિંગડું તેમજ શિકાર માટે વાપરવામાં આવતી ક્લચ વાયરની જાળ પણ મળી આવી હતી. આ ઘટનામાં ૨૮ જાન્યુઆરીના રોજ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ બાદ આરોપીએ ઉના કોર્ટમાં રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. જોકે, ગુનાની ગંભીરતા ધ્યાને લઈ ઉના કોર્ટે તેની જામીન અરજી નકારી કાઢી હતી. ત્યારબાદ આરોપીએ ગુજરાત હાઇ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા ગુજરાત હાઇ કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ નોંધ્યું હતું કે આ કેસમાંપોલીસ તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને કોર્ટમાં ચાર્જશીટ પણ ફાઇલ થઈ ગઈ છે આરોપી છેલ્લા પાંચ મહિનાથી એટલે કે ૨૮ જાન્યુઆરીથી જેલમાં છે. કોર્ટે વધુમાં અવલોકન કર્યું હતું કે, આ ગુનામાં આજીવન કેદ કે મૃત્યુદંડની સજાની જોગવાઈ નથી તેમજ આરોપીનો કોઈ ગુનાહિત ઇતિહાસ પણ નથી. કેસની ટ્રાયલ પૂર્ણ થવામાં હજુ ઘણો સમય લાગી શકે છે આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ હાઇ કોર્ટે આરોપી રોહિત જખાણીયાને ૨૫ હજાર રૂપિયાના વ્યક્તિગત બોન્ડ અને શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. ■

# ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાળકોના ગળામાંથી સોનાના દાગીના ચોરતી ટોળકીને ઝડપી પાડીઃ ₹ ૧.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ લોકલ ક્રાઇમ બ્રાન્ચે મહુવા શાકમાર્કેટ વિસ્તારમાં ખરીદી કરવા આવેલી મહિલાઓની નજર ચૂકવી, તેમણે તેડેલા માસૂમ બાળકોના ગળામાંથી સોનાના પેન્ડન્ટ સેરવી લેતી રીઢો ગુનેગારને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી મોટી સફળતા મેળવી છે. પોલીસ ટીમે બે આરોપીઓની ધરપકડ કરી સોનાના દાગીના અને ચોરીમાં વપરાયેલી લક્ઝરી કાર સહિત કુલ રૂ. ૧,૩૬,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

મહુવા સિટી અને ગ્રામ્ય વિસ્તારમાં નાઇટ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વડલી ચોકડી પાસે એક શંકાસ્પદ કાર ઉભેલી છે, જેમાં એક પુરુષ અને એક સ્ત્રી બેઠેલા છે અને તેમની પાસે સોનાના શંકાસ્પદ દાગીના છે.

બાતમીના આધારે પોલીસે ઘટનાસ્થળે દરોડો પાડી કારમાં સવાર વિક્રમભાઇ નાનુભાઇ વાઘેલા (ઉં.વ. ૨૨, ધંધો-મજૂરી) અને સંગીતાબેન વિક્રમભાઇ વાઘેલા (ઉં.વ. ૨૦, ધંધો-ઘરકામ) (બંને રહે. શક્તિનગર, પાલિતાણા, જી. ભાવનગર)ની અટકાયત કરી હતી. તેમની તલાશી લેતા તેમની પાસેથી સોનાના અલગ-અલગ આકારના ૪ પેન્ડન્ટ મળી આવ્યા હતા. દાગીના અંગેના આધાર-પુરાવા કે બિલ માંગતા તેઓ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા.

પોલીસની સઘન પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે, ગત તા. ૨૨/૬/૨૦૨૬ના રોજ બપોરના સમયે મહુવા શાકમાર્કેટ પાસેની બજારમાં ભીડનો લાભ લઈ, ખરીદી કરી રહેલી બે મહિલાઓએ તેડેલા બાળકોના ગળામાંથી સોનાના પેન્ડન્ટ નજર ચૂકવીને ચોરી લીધા હતા અને ત્યારબાદ તેઓ પોતાની ફોર-વ્હીલર કારમાં ત્યાંથી ફરાર થઈ ગયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૧૧,૦૦૦/-ની કિંમતનું સોનાનું રુદ્રાક્ષના પારાવાળું પેન્ડન્ટ (વજન ૭૮૦ મિલીગ્રામ), ૫,૦૦૦/-નું સોનાનું પેન્ડન્ટ (વજન ૨૫૦ મિલીગ્રામ), ૧૦,૨૫૦/-ની કિંમતનું બીજું સોનાનું રુદ્રાક્ષવાળું પેન્ડન્ટ (વજન ૬૨૦ મિલીગ્રામ), ૧૦,૨૫૦/-નું સોનાનું ઓમકાર આકારનું પેન્ડન્ટ (વજન ૬૨૦ મિલીગ્રામ) તેમજ ગુનામાં વપરાયેલી રૂપિયા ૧,૦૦,૦૦૦/-ની કિંમતની મારુતિ અલ્ટો કાર મળી કુલ રૂ. ૧,૩૬,૫૦૦/-નો મુદ્દામાલ શકપડતી મિલકત તરીકે કબ્જે કર્યો છે.

આરોપીઓની ચોરી કરવાની વિશિષ્ટ મોડસ ઓપરેન્ડી બજારમાં બાળકોને તેડીને ફરતી મહિલાઓને ટાર્ગેટ કરવાની હતી. આ સફળ કામગીરી બદલ મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આરોપીઓનો કબ્જો આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે મહુવા પોલીસને સોંપવામાં આવ્યો છે. આ કામગીરી માં એલ.સી.બી.ના પી.એસ.આઇ. વી.સી. જાડેજા, પી.ડી. ઝાલા તથા સ્ટાફના દિલુભાઇ આહિર, અશોકભાઇ ડાભી, શૈલેષભાઇ રાઠોડ જોડાયા હતા. ■

# તળાજામાં એક વ્યક્તિનું ખાતું અચાનક અધધ...માઈનસ ૮ કરોડ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દેશ વિદેશમા આચરવામાં આવતા સાયબર ક્રાઈમનો ભોગ તળાજા જેવા નાના શહેરોના રહેવાસીઓ જે નિર્દોષ હોવા છતાંય ભોગ બની રહ્યા છે. જે વ્યક્તિના બેંક એકાઉન્ટ હોય તેના બેંક એકાઉન્ટ અચાનક ફ્રીઝ કરી દેવામાં આવે છે. સ્થાનિક એક્સિસ બેંકમાં ખાતું ધરાવતા મહિલાનું ખાતું અચાનક ફ્રીઝ કરી દેવામાં આવ્યું હતું. તેઓએ બેંકનો સંપર્ક કર્યો તો ખબર પડી કે તેમના ખાતામાં હાલ માઇનસ ૮ કરોડથી વધુની રકમ બોલે છે. આંતરરાજ્ય પોલીસ દ્વારા બેંકને મળેલી સૂચના મુજબ ખાતું ફ્રીઝ કરવામાં આવ્યું છે. જેના કારણે હાલ ગ્રાહક હાલાકી ભોગવી રહ્યા છે. સાયબર ગુનેગારોના કારણે ક્યારેય ન ધારેલી પરિસ્થિતિ બેંકધારકોની સામે આવી રહી છે. ચોંકાવનારી વિગત મુજબ દરબારગઢમાં રહેતા સુખી સંપન્ન ખેડૂત પરિવારના દિગ્વિજયસિંહ વાળા સાયબર માફિયાનો હાલ શિકાર બન્યા છે. તેઓએ જણાવ્યું હતુ કે પોતાના પત્નીનું અહીંની એક્સિસ બેંકમા સેવિંગ એકાઉન્ટ છે. તેમા તેઓના રૂ.૪.૫૦લાખ જેટલી રકમ જમા પડી હતી. દીકરાના અભ્યાસ માટે ફી ભરવાની થતા તેઓ બેંકમાં ગયા ત્યારે બેંક દ્વારા તેઓને ખાતુ ફ્રીઝ કરી દીધેલ હોવાનુ જણાવ્યું હતું. કારણ જણાવ્યું હતું કે બેંક એકાઉન્ટમા માઇનસ રૂ.૮,૦૩,૭૨,૪૦૯.૧૦ બોલે છે. આથી ખેડૂત પરિવારને પોતાના દીકરાના અભ્યાસ માટે રાખેલ ફી ના રૂપિયા બેંક તરફ થી આપવામાં આવ્યા નહિ. આખા વર્ષ દરમિયાનનું બેંક એ સ્ટેટમેન્ટ કાઢી આપ્યું તો તેમા ૧૬ લાખનું ટ્રાન્ઝેક્શ જ થયાનુ માલુમ પડે છે. ફ્રોડના મામલે ઉપર- આંતરરાજ્યની પોલીસ દ્વારા ખાતું બંધ કરાવવામાં આવ્યું છે. સત્તાવાર રીતે ૧૬ લાખનું જ આખા વર્ષનું ટ્રાન્ઝેક્શ છતાંય બેંક હવે ખાતું ખોલવા માટે અવારનવાર ધક્કા ખવડાવે છે. બેંક તરફથી ખાતું ખોલવા માટેની કાર્યવાહી મેઈલ દ્વારા કરવામા આવી છે તેમ કહેવામાં આવ્યું હતું. ■

# અમરેલીમાં સિંહની પજવણી કરી વીડિયો વાઈરલ કરનારા બે શખ્સ ઝડપાયા

(અમારા પ્રતિનિધી દ્વારા )

અમદાવાદઃ ગુજરાત સિંહોના સંવર્ધન મુદ્દે સતત પ્રયત્નશીલ છે. તેમજ ગીરના જંગલોમાં સિંહની પજવણી કરતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી પણ કરે છે. આ અંતર્ગત અમરેલીમાં સિંહની પજવણી કરીને વીડિયો વાઈરલ કરનારા બે શખ્સની ધરપકડ કરીને વન વિભાગે કાયદેસરની કાર્યવાહી કરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ ધારી વન વિભાગના તુલસીશ્યામ રેન્જના કોઠારિયા રાઉન્ડ નજીક આ ઘટના બની હતી. જેમાં બે યુવકો દ્વારા સિંહની નજીક જઈને તેની પજવણી કરવામાં આવી હતી અને આ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવીને ઇન્સ્ટાગ્રામ પર વાઈરલ કરવામાં આવ્યો હતો. જેની બાદ વન વિભાગે બે ઇન્સ્ટાગ્રામ આઈડીની તપાસ કરી હતી.

આ તપાસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમના ભંગના પુરાવા મળ્યા હતા. જેના આધારે આ આઈડીના સંચાલક સંજય મોરવાડિયાને નોટિસ પાઠવવામાં આવી હતી. જેની બાદ આ યુવકે જણાવ્યું કે તેણે સિંહોની પજવણીના વીડિયો અન્ય આઈડીમાંથી ડાઉનલોડ કરીને અપલોડ કર્યા હતા અને તેને વીડિયોના સ્થળ કે સમયની જાણ નહોતી. જોકે, તપાસ દરમિયાન મળેલા પુરાવાઓના આધારે તેણે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળના ચાર ગુના નોંધ્યા હતા.

જયારે આ વીડિયો વાઈરલ કરનારા અન્ય યુવક અજય ચાવડાને પણ રેન્જ કચેરીએ બોલાવી નિવેદન લેવામાં આવ્યું હતું. તેણે પણ ફોટા અને વીડિયો અંગે સ્પષ્ટતા કરી ગુનાઓ સ્વીકાર્યા હતા. તેથી બંને ઇસમો વિરુદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત વન વિભાગે ચેતવણી આપી હતી કે જો કોઇ શખ્સ સોશિયલ મીડિયામાં સિંહની પજવણીના ફોટા કે વીડિયો મૂકશે તો સંબંધિત વ્યક્તિઓને નોટિસ પાઠવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# કચ્છ કલેક્ટરને સોશ્યલ મીડિયા પર ધમકી આપનાર ગઢશીશાનો શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં હાલ ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત કેટલાક ધાર્મિક સ્થાનોના દબાણો દૂર કરાતાં સોશ્યલ મીડિયા પર કલેક્ટરને જાનથી મારી નાખવાની ઉશ્કેરણીજનક અને વાંધાજનક પોસ્ટ મૂકનાર ગઢશીશાના શખ્સને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો. કોમી વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ કરનાર આ શખ્સ વિરુદ્ધ પોલીસે સરકાર તરફે ગુનો દાખલ કરી તેને રાઉન્ડ-અપ કરી લીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બે દિવસ પૂર્વે સોશિયલ મીડિયા પર કચ્છ કલેક્ટરને ધમકી આપતો એક મેસેજ અને પોસ્ટ વાઇરલ થયા હતા. આ બાબત ગઇકાલે પોલીસના ધ્યાને આવતાં પશ્ચિમ કચ્છ સ્થાનિક ગુનાશોધક શાખાના સાયબર સેલે તાત્કાલિક એક્શન મોડમાં આવી ડિજિટલ ફૂટપ્રિન્ટના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ■

## સૂરજબારી ટોલનાકે ઓવરલોડ વાહનચાલકોની બબાલઃ

# ચાર કલાકના ચક્કાજામથી હાઈવે પર ૪ કિલોમીટર લાંબી કતારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના પ્રવેશદ્વાર સમાન સૂરજબારી ટોલપ્લાઝા પર ઓવરલોડ વાહનચાલકો અને ટોલ કર્મચારીઓ વચ્ચે સર્જાયેલી ઉગ્ર બબાલને પગલે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કલાકો સુધી ચક્કાજામ સર્જાયો હતો. આ હોબાળાના કારણે હજારો નાનાં-મોટાં વાહનો રસ્તા પર જ અટવાઈ પડ્યાં હતાં અને અસહ્ય ઉકળાટ અને ગરમી વચ્ચે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અંતે સામખિયાળી પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મધ્યસ્થી કરતાં મામલો થાળે પડ્યો હતો અને વાહનવ્યવહાર પૂર્વવત કરાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, મંગળવારે સવારે સૂરજબારી ટોલપ્લાઝા પરથી પસાર થતા કથિત ઓવરલોડ ડમ્પર ચાલકો પાસે નિયમ મુજબ વધારાનો ટોલ ટેક્સ વસૂલવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જો કે, વાહનચાલકોએ આ વધારાના ટેક્સ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે વાહનચાલકો અને ટોલ કર્મીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. ઉશ્કેરાયેલા વાહનચાલકોએ વિરોધ પ્રદર્શનના ભાગરૂપે ટોલ લેન અને હાઈવે પર જ પોતાનાં વાહનો આડાં ધરી દીધાં હતાં, જેના કારણે જોતજોતામાં ટ્રાફિકજામ થઈ ગયો હતો.

આ આકસ્મિક ચક્કાજામના કારણે અંદાજે ચાર કલાક સુધી ધોરીમાર્ગ સંપૂર્ણપણે અવરોધાયો હતો અને રસ્તાની બંને બાજુએ આશરે ચાર કિલોમીટર સુધી વાહનોની લાંબી-લાંબી લાઈનો લાગી ગઈ હતી. કંડલા અને મુંદરા પોર્ટ તરફ આવતા-જતા માલવાહક વાહનો તેમજ અમદાવાદ અને રાજકોટ તરફ જતા હજારો મુસાફરો આ કાળઝાળ ગરમીમાં અટવાઈ પડ્યા હતા. જટિલ બનેલી ટ્રાફિકની સમસ્યાને પગલે સામખિયાળી પોલીસ મથકનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે મોરચો સંભાળીને કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા વાહનચાલકોને સમજાવ્યા હતા. પોલીસની દરમિયાનગીરી બાદ વાહનોને રસ્તા પરથી હટાવવામાં આવ્યા હતા અને ટ્રાફિક હળવો કરાયો હતો.

ઉલ્લેખનીય છે કે, સામખિયાળી અને સૂરજબારી આસપાસના પટ્ટામાં અવારનવાર ટ્રાફિકજામ થવાની સમસ્યા સ્થાનિકો અને મુસાફરો માટે માથાનો દુખાવો બની ગઈ છે. આ પૂર્વે પણ માર્ગ અકસ્માતો અથવા તો નેશનલ હાઈવેના સમારકામના કામોને કારણે કલાકો સુધી ટ્રાફિક અટવાઈ જવાના અનેક બનાવો બની ચૂક્યા છે, ત્યારે ઓવરલોડ વાહનોની આ દાદાગીરીને પગલે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. ■